

**યમુના એક્સપ્રેસ-વે પર બસમાં આગ લાગતાં 9 યાત્રીના મોત**

PAGE NO. 15

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



**ડરબનમાં પાર્ટીમાં ગોળીબાર, ગર્ભવતી સહિત 11ના મોત**

PAGE NO. 18

FRIDAY, 25 SEPTEMBER 2026 Vol. 24, No. 38 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### વ્હાઈટ હાઉસમાં યુએસ પ્રમુખ ટ્રમ્પ અને જિનપિંગ વચ્ચે હાઈલેવલ બેઠક : રેસ, રેસલિંગ, ટેરિફ સહિત અનેક મુદ્દે ચર્ચા

# ઘર્ષણ ટાળવા અમેરિકા અને ચીન વચ્ચે સહમતિ

## અમારી વચ્ચે મહાન મિત્રતા, બીજા વિશ્વયુદ્ધની જેમ સાથે કામ કરી શકીએ: ડોનાલ્ડ ટ્રમ્પ, AI માનવ નિયંત્રણ હેઠળ રહેવું જોઈએ: શી જિનપિંગ

**વોશિંગ્ટન**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ વચ્ચે ગુરુવારે વ્હાઈટ હાઉસ ખાતે એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક બેઠક યોજાઈ હતી. એક દાયકા કરતાં વધુ સમય બાદ વોશિંગ્ટન પહોંચેલા જિનપિંગનું ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમના પત્ની મેલાનિયા ટ્રમ્પ દ્વારા ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું. બંને દેશો વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા તણાવ વચ્ચે યોજાયેલી આ મુલાકાતમાં બંને નેતાઓએ આપસી સંબંધો સુધારવા અને સંઘર્ષ ટાળવા પર ખાસ ભાર મૂક્યો હતો. બેઠક દરમિયાન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), વેપાર, ટેક્નોલોજી, તાઈવાન અને બંને દેશોના સૈન્ય વચ્ચે નિયમિત સંવાદ જેવા મહત્વના મુદ્દાઓ પર ઊંડી ચર્ચા થઈ હતી.

બેઠક દરમિયાન બંને દેશો વચ્ચેના સંબંધો અંગે વાત કરતા ચીની રાષ્ટ્રપ્રમુખએ જણાવ્યું હતું કે, 'બંને દેશોએ શાંતિપૂર્ણ રીતે સાથે રહેવું જોઈએ. અમેરિકા અને ચીન વચ્ચે પરસ્પર સ્પર્ધા ખતમ કરવાની જરૂર નથી, પરંતુ તે સ્વસ્થ હોવી જોઈએ અને



તેની એક મર્યાદા નક્કી હોવી જોઈએ. અમેરિકા અને ચીન વચ્ચે આગળ નીકળવાની રેસ હોવી જોઈએ, રેસલિંગ નહીં જેમાં એકની જીત બીજાની હાર પર નિર્ભર હોય. સંઘર્ષ બંને દેશો માટે નુકસાનકારક રહેશે અને સહયોગથી જ બંને પક્ષોને ફાયદો થઈ શકે છે. આ સાથે તેમણે કોઈપણ પ્રકારના ટકરાવથી બચવા બંને દેશોની સેનાઓ વચ્ચે નિયમિત વાતચીત અને કટોકટીના સમયે સંવાદની યોગ્ય વ્યવસ્થા ગોઠવવા પર પણ ભાર મૂક્યો હતો.'

વ્હાઈટ હાઉસમાં સંબોધન કરતી વખતે અમેરિકી રાષ્ટ્રપ્રમુખે બંને દેશો વચ્ચેના સંબંધોને બિરદાવતા કહ્યું હતું કે, 'શી જિનપિંગ વ્હાઈટ હાઉસની બીજી ઔપચારિક મુલાકાત લેનારા પ્રથમ ચીની નેતા છે. જે રીતે અમેરિકા અને ચીને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સાથે મળીને કામ કર્યું હતું, તે જ રીતે હવે બંને દેશો વધુ સારા ભવિષ્યના નિર્માણ માટે સાથે કામ કરી શકે છે. મને અમેરિકા અને ચીનના સંબંધો પર ગર્વ છે અને બંને દેશો વધુ સંતુલિત વેપાર સંબંધોની દિશામાં આગળ વધી રહ્યા છે.'

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અંગે વિસ્તૃત છણાવટ કરતા શી જિનપિંગે જણાવ્યું હતું કે, 'ચીન અને અમેરિકા આ ક્ષેત્રમાં વિશ્વના અગ્રણી દેશો છે, તેથી તેનો વિકાસ યોગ્ય દિશામાં થાય તે જોવાની બંનેની સંયુક્ત જવાબદારી છે. AIનો વિકાસ હંમેશા માનવીના નિયંત્રણ હેઠળ રહેવો જોઈએ અને તેનો ઉપયોગ ફક્ત લોકોના કલ્યાણ અને સારા કાર્યો માટે જ થવો જોઈએ. મને આશા છે કે અમેરિકામાં ચીની કંપનીઓ સાથે પણ નિષ્પક્ષ વ્યવહાર કરવામાં આવશે.'

### ગુનાહિત નેટવર્કને ખતમ કરવા કવાયત, 200ને દેશ છોડવા આદેશ કરાયો

# લોરેન્સ બિશ્નોઈ ગેંગ કેનેડિયન એજન્સીના નિશાને, 111 લોકોને તત્કાલ હાંકી કઢાયા

**ટોરોન્ટો**

કેનેડામાં ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ ગેંગ સામે સુરક્ષા એજન્સીઓએ અત્યાર સુધીની સૌથી મોટી કડક કાર્યવાહી હાથ ધરી છે. તપાસ એજન્સીઓએ બિશ્નોઈ ગેંગ સાથે સંકળાયેલા 200 સભ્યોને તાત્કાલિક દેશ છોડવાનો આદેશ આપ્યો છે, જેમાંથી અત્યાર સુધીમાં 111 લોકોને કેનેડામાંથી ડિપોર્ટ પણ કરી દેવામાં આવ્યા છે. કેનેડા બોર્ડર સર્વિસિસ એજન્સી અને સ્થાનિક મીડિયા અહેવાલો મુજબ, આંતરરાષ્ટ્રીય ગુનાહિત પ્રવૃત્તિઓમાં સામેલ લોરેન્સ બિશ્નોઈ નેટવર્ક હવે કેનેડિયન એજન્સીઓના મુખ્ય નિશાના પર છે.

સમગ્ર કાર્યવાહી વચ્ચે 25 વર્ષીય જશનદીપ સિંહનો મામલો સામે આવ્યો છે. ભારતીય નાગરિક જશનદીપ ડિસેમ્બર 2022માં વિદ્યાર્થી તરીકે કેનેડા ગયો હતો. કેનેડાના ઈમિગ્રેશન એન્ડ રેફ્યુજી બોર્ડે જુલાઈ મહિનામાં તેને દેશમાં રહેવા માટે અયોગ્ય ઠેરવી દેશનિકાલ કરવાનો આદેશ આપ્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે, તે લોરેન્સ બિશ્નોઈના આંતરરાષ્ટ્રીય ક્રિમિનલ નેટવર્ક સાથે સીધો સંકળાયેલો હતો. જશનદીપ સામે કાર્યવાહીનું મુખ્ય કારણ સોશિયલ મીડિયા પર સામે આવેલો એક વીડિયો બન્યો હતો. આ વીડિયો ઓગસ્ટ 2025માં એડમન્ટનમાં યોજાયેલી એક બર્થડે પાર્ટીનો હતો, જેમાં ગેંગનો મિડલ મેનેજર અર્શદીપ સિંહ પણ હાજર હતો. અર્શદીપ સિંહને વર્ષ 2026માં કેનેડાથી પહેલેથી જ ડિપોર્ટ કરી દેવામાં આવ્યો છે. વીડિયોમાં પાર્ટી દરમિયાન પિસ્તોલ એકબીજાના હાથમાં ફરતી જોવા



મળી હતી અને ત્યારબાદ ગ્રૂપ એક ગ્રામીણ વિસ્તારમાં ગયું હતું, જ્યાં અર્શદીપ સિંહે હવામાં ઓછામાં ઓછી 5 ગોળીઓ ચલાવી હતી. પોલીસે ઘટનાસ્થળેથી વપરાયેલા કારતૂસના ખોખા કબજે કરીને તપાસ શરૂ કરી હતી. તપાસ આગળ વધતાં સામે આવ્યું કે, આ હથિયારનો ઉપયોગ બ્રિટિશ કોલંબિયાના સરે વિસ્તારમાં આવેલા એક કાફે પર થયેલા ફાયરિંગમાં થયો હતો, જે લોઅર મેઈનલેન્ડ વિસ્તારમાં ચાલી રહેલા ખંડણી નેટવર્ક સાથે જોડાયેલો કેસ હતો.

### શિકાગો યુનિવર્સિટીના સંશોધકોનો ચોંકાવનારો દાવો

# ગરમીથી વિશ્વમાં 6 મહિનામાં 4.5 લાખ લોકોનાં મોત થવાની દહેશત

**ન્યૂયોર્ક**

ચાલુ વર્ષે ભયાનક ગરમીને કારણે વિશ્વભરમાં સપ્ટેમ્બર ૨૦૨૬થી ફેબ્રુઆરી ૨૦૨૭ વચ્ચેના ૬ મહિનામાં આશરે ૪.૫૧ લાખ લોકોનાં મોત થવાની આશંકા છે. બુધવારે પ્રકાશિત થયેલા એક રિપોર્ટમાં અમેરિકાની શિકાગો યુનિવર્સિટીના 'ક્લાઈમેટ ઈમ્પેક્ટ લૅબ'ના સંશોધકોએ આ ચોંકાવનારો દાવો કર્યો હતો. આ સમયગાળા દરમ્યાન સામાન્ય વર્ષોની સરખામણીમાં અતિશય ગરમ દિવસોની સંખ્યામાં ૪૪ ટકાનો જંગી વધારો થવાની સંભાવના છે.

આ કાળઝાળ ગરમીનો સૌથી મોટો માર આફ્રિકા અને એશિયાના દેશોને સહન કરવો પડશે. ગરમીથી સૌથી વધુ ૩૧,૪૦૦ મોત નાઈજીરિયામાં થઈ શકે છે. ત્યાર બાદ ઈન્ડોનેશિયામાં ૧૯,૩૦૦ અને સુદાનમાં ૧૭,૬૦૦ લોકોના જીવ જવાની દહેશત છે.

સંશોધકોએ ગંભીર ચેતવણી આપતાં જણાવ્યું છે કે જો એલ નીન્યોની અસર ૨૦૨૭ના ઉનાળા સુધી લંબાશે તો ભારત અને પાકિસ્તાન જેવા દેશો માટે સ્થિતિ અત્યંત જોખમી બની શકે છે. અર્થશાસ્ત્રી માઈકલ ગ્રીનસ્ટોને વિશ્વના તમામ દેશોને લાખો લોકોના જીવ બચાવવા માટે તાત્કાલિક ઈમર્જન્સી પગલાં લેવાની અપીલ કરી હતી.









# કેનેડામાં રેગીનાથી સ્ટેનબીચ જવા માટે નીકળેલું તાલીમી પ્લેન ક્રેશ થતાં બે ભારતીય છાત્રનાં મોત

## રેસ્ક્યૂ ટેકનિશિયનોને પેરાશૂટ દ્વારા સ્થળ પર પહોંચાડવામાં આવ્યા

**વેંકુવર**

કેનેડામાં ફ્લાઈટ ટ્રેનિંગ સાથે જોડાયેલું એક પ્લેન ક્રેશ થઈ જતાં બે ભારતીય વિદ્યાર્થીઓના મોત થયા છે. મૃતકોની ઓળખ મનોજ સિવકુમાર અને શ્રીસરન થિરુગ્નાનસંબંથમ તરીકે થઈ હતી. બંને ભારતના તમિલનાડુ અને પુડુચેરી સાથે સંબંધિત હતા. આ અકસ્માત ફ્લાઈટ ટ્રેનિંગ અથવા ફ્લાઈટ કલાકો પૂર્ણ કરવા માટે કરવામાં આવતી ઉડાન દરમિયાન થયો હતો. ભારતીય કોન્સ્યુલેટે બંને મૃતકોના પરિવારજનોને શક્ય તેટલી કોન્સ્યુલર મદદ આપવા ખાતરી આપી હતી.

મળતી વિગતો મુજબ કેસીના 172 વિમાન સાસ્કેચવાનના કિસ્બે નજીક દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ વિમાન હાર્વ એર નામની ફ્લાઈટ સ્કૂલ સાથે સંકળાયેલું હતું. વિમાનમાં સવાર બંને વ્યક્તિઓ પાસે પાઈલટ લાઈસન્સ હોવાનું અને તેઓ કોમર્શિયલ પાઈલટ લાઈસન્સ માટે જરૂરી ફ્લાઈટ કલાકો મેળવવા માટે આ ઉડાન કરી રહ્યા હોવાનું જણાવાયું છે. તેઓ રેગીનાથી સ્ટેનબીચ તરફ રાત્રિના ક્રોસ-કન્ટ્રી ફ્લાઈટ પર હતા. વિમાન પોતાના નિર્ધારિત સ્થળે સમયસર પહોંચ્યું ન હતું. તેથી તેની જાણ કેનેડાના ટ્રાન્સપોર્ટ સેફ્ટી બોર્ડને કરવામાં આવી હતી. ત્યારબાદ વિમાનને શોધવા માટે સર્ચ અને રેસ્ક્યૂ કામગીરી શરૂ કરવામાં આવી હતી. વિમાન ગુમ થયા બાદ કેનેડિયન સર્ચ અને રેસ્ક્યૂ ટીમોએ તેની શોધ શરૂ કરી હતી. ફ્લાઈટ સ્કૂલ તરફથી મળેલી માહિતી અનુસાર, લગભગ સાંજે 6 વાગ્યે વિમાનનો કાટમાળ મળી આવ્યો હતો. બંને સવાર સ્થળ પર મૃત હાલતમાં મળી આવ્યા હતા.

# બ્રિટિશ કોલંબિયાના સરે શહેરમાં હિંદુઓને અસ્થિ વિસર્જન માટે અલગ જગ્યા ફાળવાશે

## મેયર બ્રેન્ડા લોકે જાહેરાત કરી, હિન્દુ પરિવારોને ધાર્મિક પરંપરા જાળવવામાં મળશે મદદ

**બ્રિટિશ કોલંબિયા**

કેનેડામાં વસતા ભારતીય પરિવારો માટે પોતાના સ્વજનોની અંતિમ વિધિ સાથે જોડાયેલી એક મોટી સુવિધા શરૂ થવા જઈ રહી છે. હવે અસ્થિ વિસર્જન માટે ભારત સુધીની મુસાફરી કરવાની મુશ્કેલી ઓછી થઈ શકે છે. બ્રિટિશ કોલંબિયા પ્રાંતના સરે શહેરમાં અસ્થિ વિસર્જન માટે અલગ જગ્યા ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પહેલથી વિદેશમાં રહેતા હિન્દુ પરિવારોને પોતાની ધાર્મિક પરંપરા મુજબ અસ્થિ વિસર્જન કરવાની તક મળશે. સરેના મેયર બ્રેન્ડા લોકે આ વ્યવસ્થાની જાહેરાત કરી છે. સ્થાનિક સ્તરે આવી સુવિધા ઊભી થવાથી પરિવારોને ધાર્મિક વિધિ માટે ભારત આવવા પર નિર્ભર રહેવું નહીં પડે. અત્યાર સુધી પોતાના સ્વજનોની અસ્થિઓનું વિસર્જન ભારત આવીને કરવા માગતા પરિવારોને લાંબી મુસાફરી કરવી પડતી હતી. પરંતુ હવે સરે શહેરનાં મેયર બ્રેન્ડા લોકે અસ્થિ વિસર્જન માટે જગ્યા ફાળવવા અંગે જાહેરાત કરી છે. આ નિર્ણયથી શહેરમાં વસતા વિવિધ સમુદાયોની ધાર્મિક પરંપરા જળવાશે. હિન્દુ ધર્મમાં સ્વજનના મૃત્યુ બાદ અસ્થિ વિસર્જનને અંતિમ સંસ્કારનો એક ભાગ માનવામાં આવે છે.

# ભારત-કેનેડા સંબંધોમાં નવો વળાંક : વડાપ્રધાન નરેન્દ્ર મોદી ડિસેમ્બરમાં કરશે કેનેડાની મુલાકાત

## વર્ષના અંત સુધીમાં વેપાર કરાર પૂર્ણ થવાની સંભાવના, વેપાર બમણો થઈને 70 અબજ ડોલર સુધી પહોંચવાની આશા

**ટોરોન્ટો**

વડાપ્રધાન માર્ક કાર્નીએ મંગળવારે પુષ્ટિ કરી હતી કે, ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી ડિસેમ્બરમાં કેનેડાની મુલાકાત લે તેવી અપેક્ષા છે.

કાર્નીએ જણાવ્યું હતું કે, બંને દેશો વર્ષના અંત સુધીમાં ટ્રેડ ડીલ સુધી પહોંચવા માટે પ્રયાસ કરી રહ્યા છે. જે એ વાતનો સંકેત છે કે બંને સરકારો વચ્ચેની એક સમયની ઊંડી રાજદ્વારી ખાઈ હવે પુરાઈ રહી છે.

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાની બેઠક દરમિયાન કાર્નીએ કહ્યું, “અમે ભારત સાથેની અમારી વેપાર વાટાઘાટોમાં સારી પ્રગતિ કરી રહ્યા છીએ. મોદી ચાલુ વર્ષા અંત સુધીમાં કેનેડાની મુલાકાત લેશે તેવી ગણતરી છે. હું તેમનું સ્વાગત કરવા માટે ખૂબ જ ઉત્સુક છું.”

બંને દેશો વર્ષોથી કોઈક પ્રકારના ટ્રેડ ડીલ માટે પ્રયાસો કરી રહ્યા છે. જૂન 2023માં સરે, બ્રિટિશ કોલંબિયા (B.C.)માં હરદીપસિંહ નિજ્જરની હત્યા બાદ રાજદ્વારી સંબંધો બગડી ગયા હતા. આ કેસમાં આરોપી ચાર ભારતીય નાગરિકો ટ્રાયલની રાહ જોઈ રહ્યા છે. કાર્નીએ સંબંધો સુધારવાના તેમના પ્રયાસોનો બચાવ કરતા કહ્યું છે કે ટ્રેડ ડીલની દિશામાં આગળ વધતી વખતે કેનેડાએ ભારતીય કાયદા અમલીકરણ એજન્સીઓ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારો સાથે સહયોગ સ્થાપિત કર્યો છે.









# કેનેડામાં ડીઝલના ભાવ આસમાને : પરિવહન ખર્ચ વધી જતા કરિયાણું મોંઘું થવાના એંધાણ

## ટેક્સ કાપ અને ‘વન ફેર’ જેવી યોજનાથી સુધારાનો પ્રયાસ : કેનેડાનો ટ્રકિંગ ઉદ્યોગ ગંભીર આર્થિક સંકટમાં મુકાયો




**મિસિસાગા**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ અને સંઘર્ષની સીધી અસરો હવે કેનેડાના સ્થાનિક બજાર અને લોજિસ્ટિક્સ ક્ષેત્ર પર વર્તાવા લાગી છે. ડીઝલના ભાવોમાં અચાનક થયેલા ભારે વધારાને કારણે કેનેડાનું ટ્રકિંગ ઉદ્યોગ ગંભીર આર્થિક સંકટમાં મુકાયું છે. કેનેડિયન ટ્રક ઓપરેટર્સ એસોસિએશને સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો સમયસર સરકાર દ્વારા નાણાકીય સહાય કે સબસિડી પૂરી પાડવામાં નહીં આવે, તો આ વધારાનો આર્થિક બોજ આખરે ગ્રાહકોના માથે આવશે અને દૈનિક ઉપયોગની વસ્તુઓ તથા કરિયાણું મોંઘુ બનશે.

નાના અને મધ્યમ કદના ટ્રકિંગ વ્યવસાયો હાલમાં કોઈપણ પ્રોફિટ માર્જિન વગર માત્ર અસ્તિત્વ ટકાવી રાખવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. સામાન્ય રીતે આ ઉદ્યોગમાં નફાનું પ્રમાણ ૮થી ૧૨ ટકાની વચ્ચે રહે છે. પરંતુ ડીઝલના ઊંચા ખર્ચને કારણે આખો નફો ઈંધણ પાછળ જ ખર્ચાઈ રહ્યો છે. ‘ઓન્ટેરિયો ફેડરેશન ઓફ એગ્રીકલ્ચર’ના અહેવાલ મુજબ ઓન્ટેરિયોનો ૯૦ ટકાથી વધુ ખાદ્ય પુરવઠો ટ્રકો દ્વારા જ એક જગ્યા એથી બીજી જગ્યાએ પરિવહન કરવામાં આવે છે. તેથી, પરિવહન ખર્ચ વધવાથી સીધી અસર સામાન્ય નાગરિકોના કરિયાણાના બિલ પર પડશે. ઓટાવા દ્વારા ફેડરલ ફ્યુઅલ એક્સાઈઝ ટેક્સ ઘટાડવામાં આવ્યો ત્યારે પેટ્રોલ વાહનોના ચાલકોને પ્રતિ લિટર ૧૦ સેન્ટનો ફાયદો મળ્યો હતો, જ્યારે ડીઝલના કિસ્સામાં આ રાહત માત્ર ૪ સેન્ટ જ રહી હતી. જેના કારણે ડીઝલ પર નિર્ભર ચાલકોને વધુ આર્થિક બોજ સહન કરવો પડ્યો છે.

નાની ટ્રકિંગ કંપનીઓ મોટાભાગે “સ્પોટ માર્કેટ”માં કામ કરે છે, જ્યાં તેમને તે જ દિવસે માલ ઉપાડવાનો હોય છે. પરંતુ ચૂકવણી મહિનાઓ પછી મળે છે. આ સ્થિતિમાં ઈંધણના ખર્ચમાં થયેલા ભારે વધારાની ભરપાઈ કરવી તેમના માટે અત્યંત મુશ્કેલ બની ગયું છે.

ઓન્ટેરિયોના નાણાં મંત્રાલયે અગાઉના ટેક્સ કાપ અને ‘વન ફેર’ જેવી યોજનાઓનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ ટ્રક ચાલકોના સંગઠનોનું માનવું છે કે વર્તમાન કટોકટીને પહોંચી વળવા આ પગલાં અપૂરતાં છે. જો પરિસ્થિતિમાં ઝડપથી સુધારો નહીં થાય, તો ટૂંક સમયમાં બજારમાં મોંઘવારીનું મોજું ફરી વળશે.

# રહેઠાણની કટોકટી : દર ૪માંથી ૧ પરિવાર માટે ઘરનું ભાડું કે મોરગેજ ચૂકવવું મુશ્કેલ

**ટોરોન્ટો**

સ્ટેટિસ્ટિક્સ કેનેડાના નવા ડેટા દર્શાવે છે કે, કેનેડિયનોના વધતા જતા વર્ગ માટે રહેઠાણની પરવડવાની ક્ષમતા ઘટી છે. સોમવારે બહાર પાડવામાં આવેલા સ્ટેટિસ્ટિક્સ કેનેડાના અહેવાલ મુજબ, ૨૦૨૨માં ૨૨ ટકાની સરખામણીએ ૨૦૨૪માં કેનેડાના લગભગ દર ચારમાંથી એક (૨૩.૨ ટકા) પરિવાર એવા ઘરમાં રહેતા હતા, જેનો ખર્ચ તેમના માટે પરવડે તેવો નહોતો. સ્ટેટિસ્ટિક્સ કેનેડાએ “અપરવર્ડબલ” (પરવડે નહીં તેવા) રહેઠાણમાં રહેતા પરિવારોની વ્યાખ્યા એવા પરિવારો તરીકે કરી છે, જેઓ તેમની આવકનો ૩૦ ટકા કે તેથી વધુ હિસ્સો રહેઠાણના ખર્ચ પાછળ ખર્ચે છે.

અહેવાલમાં જણાવાયું છે કે, ઘરના માલિકો (૧૭.૪ ટકા) કરતા ભાડૂઆતો (૩૩.૭ ટકા) માટે અપરવર્ડબલ હાઉસિંગમાં રહેવાની શક્યતા વધુ હતી. ૨૦૨૪માં, કેનેડાના તમામ પરિવારોમાંથી એક-તૃતીયાંશથી વધુ (૩૬.૬ ટકા) પરિવારો મોરગેજ (ગિરો લોન) ધરાવતા ઘરમાલિકો હતા, જ્યારે ૨૭.૮ ટકા પરિવારો મોરગેજ વગરના ઘરમાલિકો હતા. અન્ય ૩૧.૩ ટકા પરિવારો ખાનગી બજારમાં ભાડૂઆતો હતા. મોરગેજ ધરાવતા ઘરમાલિકો માટે પણ રહેઠાણ પરવડવાની સ્થિતિ વધુ ખરાબ થઈ છે. ૨૦૨૨માં ૨૩.૬ ટકાની સરખામણીએ ૨૦૨૪માં એક-ચતુર્થાંશથી વધુ (૨૬.૧ ટકા) ઘરમાલિકો અપરવર્ડબલ હાઉસિંગમાં રહેતા હતા.

Visa Services
• India
• Nepal
• Dubai
• Europe
• UK-ETA
VOYAGES InterSky TRAVELS

• OCI • PASSPORT RENEWAL • SURRENDER CITIZENSHIP & PR APPLICATIONS
Wholesale Tour Operation
• India-North & South • Nepal - Bhutan -Sri Lanka. • Dubai. NRI-Europe( Veg & Jain Meals) • All kinds of Travel
• Air Canada • Air India • Qatar • Emirates • Air Farnce/ KLM • British Airways • United -Delta • Turkish & many more.............

Divyesh (Dev) Patel : 514-513 9191
Permis du Quebec
514-389-7070-toll free:1855-389-7070

ELECT HITESH PARIKH
FOR DDSB TRUSTEE I PICKERING

પીકરિંગમાં DDSB સ્કૂલ બોર્ડ ટ્રસ્ટી પદ માટે
હિતેશ પરીખ- શિક્ષણ અને સમુદાયના ઉત્કર્ષ માટે ઉમેદવારી

પીકરિંગ: કેનેડાના Durham Region ના પીકરિંગ માં આગામી સ્થાનિક ચૂંટણીઓને લઈને રાજકીય અને સામાજિક ક્ષેત્રે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શિક્ષણ ક્ષેત્રે સકારાત્મક પરિવર્તન લાવવાના ઉદ્દેશ સાથે જાણીતા કોમ્યુનિટી લીડર હિતેશ પરીખે ડરહામ ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડ (DDSB) ટ્રસ્ટી પદ માટે પોતાની ઉમેદવારી જાહેર કરી છે. વ્યાવસાયિક વિકાસ અને કોમ્યુનિટી એજ્યુકેશન ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવતા હિતેશ પરીખ મજબૂત, સુરક્ષિત અને સર્વસમાવેશી (Inclusive) શાળાઓના નિર્માણના સંકલ્પ સાથે આગળ આવ્યા છે.

મુખ્ય પ્રાથમિકતાઓ અને વિઝન

વિદ્યાર્થીઓનું માનસિક સ્વાસ્થ્ય
બાળકોના સર્વાંગી વિકાસ માટે શાળાકીય સ્તરે માનસિક સ્વાસ્થ્ય (Student’s Mental Health) અને સુખાકારી પર વિશેષ ભાર મૂકવો.

આધુનિક શિક્ષણ અને ટેકનોલોજી
અભ્યાસક્રમમાં AI (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) ટેકનોલોજીનો સમાવેશ કરવો અને STEM (સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ, મેથ્સ) શિક્ષણને પ્રોત્સાહન આપવું.

બજેટ અને નાણાકીય પારદર્શિતા
શાળાઓને ફાળવવામાં આવતા બજેટના ખર્ચ અંગે વધુ વિગતવાર અને પારદર્શક અહેવાલો જાહેર કરવા, જેથી દરેક ડોલરનો યોગ્ય ઉપયોગ થાય.

વાલીઓ સાથે મજબૂત ભાગીદારી
શાળાઓ અને પરિવારો વચ્ચે પારદર્શક સંવાદ ઊભો કરવો અને નિર્ણયોમાં વાલીઓની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવી.

હિતેશ પરીખના જણાવ્યા મુજબ, તમારો એક કિંમતી મત શિક્ષણ ક્ષેત્રે સકારાત્મક પરિવર્તન લાવશે, બાળકોનું ઉજ્જવળ ભવિષ્ય નક્કી કરશે અને શાળાઓમાં શ્રેષ્ઠ વાતાવરણ ઊભું કરશે. “શિક્ષણમાં તમારો અવાજ મહત્વનો છે” (Your Voice Matters to Education) ના નારા સાથે તેઓ તમામ વાલીઓ અને સમુદાયના સભ્યોને સહકાર આપવા અપીલ કરી રહ્યો છે.

ચૂંટણી અને સંપર્ક માહિતી
ચૂંટણી તારીખ: ૨૬ ઓક્ટોબર, ૨૦૨૬ (October 26th, 2026)
ફોન / વ્હોટ્સએપ: 647-835-8864
ઈ મેઈલ: parikh4trustee@gmail.com
Website : www.hiteshparikh.ca

Together We Can Build Strong, Safe and inclusive Schools
Website : www.hiteshparikh.ca

HITESH PARIKH

travel SERVICES
VACATIONS WE OFFER
ALL INCLUSIVE PACKAGES
EUROPE TOURS

Guaranteed Lowest Fare for:
INDIA | EUROPE
FAR EAST | NORTH AMERICA
MIDDLE EAST | AUSTRALIA
AFRICA | CARIBBEAN
Call Us Today For Special Packages
AIR TICKET
CRUISE
VACATION PACKAGES
Travel INSURANCE
DIPTESH PATEL +1 647-409-2976
+1 905-790-8989 | 905-790-8686
res@travel-services.ca | www.travel-services.ca
2565 Steels Ave. E. Unit #20, Brampton, ON, L6T 4L6
tico.ca IATA

તંત્રી સ્થાનેથી

# જ્ઞાનેશકુમાર સામે મોરચો, લોકતંત્રના રખેવાળ ચૂંટણી પંચની શાખ દાવ પર

દુનિયાના સૌથી મોટા અને મજબૂત ગણાતા લોકતાંત્રિક દેશ ભારતમાં હાલ લોકશાહીનું સૌથી મોટું રખેવાળ ગણાતું 'ભારતીય ચૂંટણી પંચ' જ વિવાદમાં ફસાયું છે. આ વિવાદનું કારણ મુખ્ય ચૂંટણી કમિશનર 'જ્ઞાનેશ કુમાર'ની કાર્યશૈલી અને નિર્ણયો છે. જે અંગે બે સાથી કમિશનરો 'સુખબીર સિંહ સંધુ' અને 'વિવેક જોશી'એ માંડેલા મોરચાને કારણે ખુદ જ્ઞાનેશકુમાર તો વિવાદમાં ફસાયા છે. સાથે સાથે ચૂંટણી પંચની શાખ પણ દાવ પર લાગી છે.



તંત્રી - સ્વદેશ

ભારતમાં છેલ્લાં પાંચેક વર્ષમાં યોજાયેલી વિવિધ ચૂંટણીમાં ભાજપ તરફી પરિણામો સતત આવતા હતા. તેથી વિપક્ષ ચૂંટણી પંચ અને પ્રક્રિયા સામે સતત અવાજ ઉઠાવી વિરોધ નોંધાવતો હતો. રાહુલ ગાંધીએ તો વોટચોરી જેવા ગંભીર આરોપો મુકી સબળ પુરાવા પણ રજૂ કર્યા હતા. જો કે, સત્તાની આક્રમકતા સામે રાહુલ અને વિપક્ષનો અવાજ દબાઈ જતો હતો. પરંતુ હાલ ભારતમાં પ્રસિદ્ધ થતાં એક અંગ્રેજી અખબારમાં પ્રસિદ્ધ થયેલા અહેવાલમાં ચૂંટણી પંચના જ્ઞાનેશકુમાર સામે તેના જ સાથી કમિશનર 'સુખબીર સિંહ સંધુ' અને 'વિવેક જોશી'એ ગંભીર આક્ષેપો સાથે વ્યક્ત કરેલી નારાજગીનો વિગતવાર ઉલ્લેખ થતાં ભારતીય રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. અહેવાલમાં દાવો છે કે, છેલ્લા 10 મહિનાના ટૂંકા ગાળામાં આ બંને કમિશનરોએ CECના નિર્ણયો સામે 14 વખત ઔપચારિક વાંધા ઉઠાવ્યા હતા. પરંતુ તેની દરકાર લેવાઈ ન હતી. વળી, એસઆઈઆરની પ્રક્રિયા દરમિયાન તો સીધે સીધો નિર્ણય જ થઈ જતો હતો. જેની જાણ સુદ્ધા બાકીના બે કમિશનરોને કરાતી ન હતી. અખબારના અહેવાલ મુજબ, વિવાદનું મુખ્ય કેન્દ્ર નવા મતદારોની નોંધણી માટે વપરાતું કાનૂની દસ્તાવેજ 'ફોર્મ 6' અને 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR) કાર્યક્રમ છે, જેની અસર દેશના 13 કરોડ મતદારો પર પડે છે.

સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીનો આરોપ છે કે, મુખ્ય ચૂંટણી કમિશનરે તેમની જાણ કે મંજૂરી વિના મતદાર યાદીમાં નામ ઉમેરવા અને કાઢી નાખવા જેવા મહત્ત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. સૌથી મોટો વાંધો ફોર્મ 6માં કરવામાં આવેલા ફેરફાર સામે છે. નિયમ મુજબ ફોર્મ 6 'મતદારોના નોંધણી નિયમો 1960' હેઠળ આવે છે અને સરકારની ઔપચારિક સૂચના (ગેઝેટ નોટિફિકેશન) વિના તેમાં કોઈ ફેરફાર કરી શકાય નહીં. આમ છતાં, કાયદા મંત્રાલયની મંજૂરી વિના ગત મે મહિનામાં ચૂંટણી પંચના ઓનલાઈન પોર્ટલ ઉપર ફોર્મ 6નું નવું વર્ઝન મૂકી દેવાયું હતુ. આ નવા ફોર્મમાં અરજદારોને એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો કે, શું તેમના માતા-પિતા કે દાદા-દાદી અગાઉની મતદાર યાદીમાં નોંધાયેલા હતા? કમિશનર સંધુએ આ ફેરફારને 'અનધિકૃત' ગણાવીને વરિષ્ઠ અધિકારીઓને પત્ર લખ્યો હતો અને ચેતવણી આપી હતી કે, આવા ફેરફારોને કારણે પ્રથમ વખત મત આપનારા યુવાઓ પોતાના મતાધિકારથી વંચિત રહી શકે છે. આ ઉપરાંત સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ અન્ય મહત્વના મુદ્દા ઉઠાવ્યા હતા. જેમાં ઉલ્લેખ હતો કે, ચૂંટણી પંચમાં આઈટી સિસ્ટમનું કેન્દ્રીકરણ કરી દેવાતા નિક નોંધણી અધિકારીઓ અને મુખ્ય ચૂંટણી અધિકારીઓની સત્તા છીનવાઈ ગઈ છે. સાથે જ સોફ્ટવેરમાં મનસ્વી રીતે મોટા ફેરફારો કરાયા છે.

ECINet અને ERONet જેવા મતદાર સોફ્ટવેરના કેન્દ્રીકરણ અને કામની ફાળવણીના નવા આદેશથી આઈટી વિભાગ પરના દેખરેખના સ્તરો દૂર કરાતા તણાવ એટલો વધી ગયો કે, કમિશનર સુખબીર સિંહ સંધુ અને વિવેક જોશીએ સીધા કેબિનેટ સચિવ ટી.વી. સોમનાથનને પત્ર લખ્યો હતો. ચૂંટણી પંચના ઈતિહાસમાં આવું પહેલીવાર બન્યું છે. તેમણે ફરિયાદ કરી કે, આઈટી વિભાગનું સંચાલન જે રીતે થઈ રહ્યું છે, તે ચૂંટણી પંચના કાયદાઓનું સીધું ઉલ્લંઘન છે. અખબારના આ ખુલાસા બાદ વિપક્ષ સરકાર અને ચૂંટણી પંચ આક્રમકતા સાથે તૂટી પડ્યો છે. સાથે જ વિપક્ષે CEC જ્ઞાનેશ કુમારને પદ પરથી તત્કાલ દૂર કરવાની માંગ કરી છે. જેને કારણે ભારતના રાજકીય માહોલમાં વ્યાપક ગરમાવા સાથે અટકળોનો દોર ચાલી રહ્યો છે.

ગુરુવારે પણ રાહુલ ગાંધીએ દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સ યોજીને કેન્દ્ર સરકાર, ભાજપ અને ચૂંટણી પંચ પર આકરા પ્રહારો કર્યા હતા. રાહુલે CEC જ્ઞાનેશ કુમારની નિમણૂક, પંચની કાર્યપ્રણાલી અને મતદાર યાદી સુધારણામાં અનિયમિતતા સામે સવાલો ઉઠાવ્યા અને દાવો કર્યો કે, વોટીચોરી કરીને જીતેલા સાંસદો દ્વારા બનાવાયેલા કાયદા પણ ગેરકાનૂની છે. જ્ઞાનેશકુમાર અને વર્તમાન સરકારે મતાધિકાર રદ કરવાના કૃત્યો સાથે લોકતંત્રના ઢાંચાને નષ્ટ કરવા જોરદાર પ્રયાસ કર્યો છે. આ સાથે જ રાહુલે તમામ જવાબદારો દેશદ્રોહી હોવાનું જણાવી આકરા પ્રહારો કર્યા હતા. રાહુલે ઉમેર્યું કે, 2024ની લોકસભા ચૂંટણી અને વિધાનસભા ચૂંટણી ફેક હતી. રાહુલ ગાંધીએ પત્રકાર પરિષદ શરૂ કરતા પહેલાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ મૂકીને જણાવ્યું કે, 'બંધારણના દુશ્મનોનો પર્દાફાશ થઈ ગયો છે અને હવે ન્યાય ચોક્કસપણે મળશે.વિપક્ષની આક્રમકતા જોઈને ભાજપ પણ પંચની તરફેણમાં મેદાને છે.

બીજી તરફ ભારતીય ચૂંટણી પંચે આ મુદ્દે એક વિગતવાર અધિકૃત નિવેદન જારી કર્યું છે. ચૂંટણી પંચે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, તે બંધારણની કલમ 324, કાયદાઓ અને સ્થાપિત સંસ્થાકીય પરંપરાઓ હેઠળ કામ કરતું એક બંધારણીય મંડળ છે. આંતરિક નોંધો, ટિપ્પણીઓ અને ટેકનિકલ સૂચનો એ કોઈ મતભેદ નથી. પરંતુ તેમની સામાન્ય અને પારદર્શી કાર્યપ્રણાલીનો એક અવિભાજ્ય ભાગ છે. કોઈપણ મુદ્દા કે ડ્રાફ્ટ તૈયાર કરતી વખતે પંચના સભ્યો પ્રશ્નો ઉઠાવી શકે કે સ્પષ્ટતા માગી શકે છે. એટલું જ નહીં પોતાના સૂચનો આપી શકે છે.. કોઈપણ લોકશાહી કે બંધારણીય સંસ્થામાં અંતિમ નિર્ણય લેતા પહેલા જુદા જુદા વિચારો અને ટિપ્પણીઓ આવવી એ સંપૂર્ણપણે સામાન્ય પ્રક્રિયા છે.

ECIએ ઉમેર્યું હતું કે, છેલ્લા 10 મહિનાની કેટલીક ચોક્કસ આંતરિક ટિપ્પણીઓને અલગથી બતાવીને રજૂ કરવાથી ચિત્ર સ્પષ્ટ થતું નથી. પાછલા એક વર્ષમાં પંચ દ્વારા મતદાતા યાદી સુધારણા અને SIR જેવા કામો હાથ ધરાયા છે, જેમાં 40 જેટલી નવી પહેલો અને અનેક ચૂંટણી સુધારાઓ સામેલ છે. આ તમામ નિર્ણયો પંચના તમામ સભ્યોની સર્વસંમતિ અને કાયદાકીય પ્રક્રિયાને અનુસરીને જ લેવામાં આવ્યા છે.

ડિજિટલ પ્લેટફોર્મ ECINETને લઈને ઊભેલા સવાલો અંગે પંચે જણાવ્યું કે, ECINET અત્યંત કડક ડેટા સિક્યુરિટી પ્રોટોકોલ હેઠળ કામ કરે છે, જેથી તેમાં કોઈ અનધિકૃત ફેરફાર કે છેડછાડ શક્ય નથી. આ સિવાય રાષ્ટ્રીય ડેટાબેઝ પર આઈટી સિક્યુરિટી ચેક અને ઓડિટ કંટ્રોલ નિયમિતપણે કરવામાં આવે છે. મતદારોના નામ ઉમેરવા કે હટાવવા સંબંધિત નિર્ણયો ઈલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઓફિસર અને ડિસ્ટ્રિક્ટ ઈલેક્શન ઓફિસર કાયદાકીય સત્તા હેઠળ જ કરે છે.



manoj1968@yahoo. ca






# 320ની સ્પીડે દોડતી બુલેટ ટ્રેન ભૂકંપ આવતાં જ થંભી જશે

## પ્રોજેક્ટ અંતર્ગત 508 કિમી લાંબા હાઈસ્પિડ રેલ કોરિડોર પર કુલ 28 સિસ્મોમીટર લગાવવામાં આવશે, મુસાફરોની સલામતી વધશે

**સુરત**

અમદાવાદ અને મુંબઈ વચ્ચે દોડનારી બુલેટ ટ્રેનમાં ભૂકંપની સ્થિતિમાં મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ખાસ જાપાનની શિંકાનસેન હાઈસ્પિડ રેલ ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ અંતર્ગત 508 કિમી લાંબા હાઈસ્પિડ રેલ કોરિડોર પર કુલ 28 સિસ્મોમીટર લગાવવામાં આવશે. આ અત્યાધુનિક ઉપકરણો ભૂકંપની શરૂઆતમાં જ જમીનમાં ઉત્પન્ન થતી પ્રાથમિક 'પી' વેવને ખૂબ જ ઝડપથી ઓળખી લેશે.

જ્યારે આ સિસ્મોમીટર દ્વારા ભૂકંપના સંકેતો મળશે, ત્યારે તરત જ અર્લી અર્થક્વેક ડિટેક્શન સિસ્ટમ સક્રિય થઈ જશે. આ સિસ્ટમ સક્રિય થવાની સાથે જ અસરગ્રસ્ત રેલવે વિભાગમાં બુલેટ ટ્રેન માટેનો વીજ પુરવઠો આપોઆપ બંધ




થઈ જશે. વીજ પુરવઠો બંધ થયાની સાથે જ તે વિસ્તારમાં દોડી રહેલી 320 કિમી પ્રતિ કલાકની ઝડપવાળી બુલેટ ટ્રેનને ઈમરજન્સી બ્રેકિંગ સિસ્ટમ દ્વારા સુરક્ષિત રીતે રોકી દેવામાં આવશે. ભૂકંપની ગંભીર અસરો સર્જાય તે પહેલાં જ ટ્રેનને અટકાવી દેવાની આ અદ્યતન પ્રક્રિયાથી મુસાફરોની સલામતીમાં મોટો વધારો થશે.

### 2027માં સુરતથી વાપી વચ્ચે ટ્રેન શરૂ કરવાનું લક્ષ્ય

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પ્રોજેક્ટની તાજેતરની સ્થિતિ અંગે સમીક્ષા રજૂ કરતા જણાવ્યું કે, આ સમગ્ર કોરિડોરનું નિર્માણ ઝડપથી થઈ રહ્યું છે અને વર્ષ 2027 સુધીમાં તેના પ્રથમ સેક્શન પર સુરતથી વાપી વચ્ચે કોમર્શિયલ સેવા શરૂ કરવાનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે.

**પ્રોજેક્ટની મુખ્ય પ્રગતિ અને મહત્ત્વની વિગતો :** સુરત-બિલીમોરા વચ્ચેના પ્રથમ સેક્શનનું સિવિલ કામ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થશે, ત્યારબાદ હાઈ-સ્પીડ ટ્રેનોનું તબક્કાવાર ટ્રાયલ હાથ ધરાશે. ટ્રેનના કાર બોડી, બોગી, પ્રોપલ્શન, વ્હીલ્સ અને પેન્ટોગ્રાફનું નિર્માણ માપદંડો મુજબ ચાલે છે અને મજબૂતાઈ માટે સ્ક્વિઝ ટેસ્ટ હાલ કરાઈ રહ્યો છે. BKCથી થાણે વચ્ચે ભારતની પહેલી 21 કિમી અંડરસી ટનલનું કામ ઝડપી બન્યું છે, શાફ્ટ તૈયાર છે અને TBMથી ખોદકામ ચાલુ છે. ગુજરાત-મહારાષ્ટ્રમાં વાયાડક્ટ, નદી પુલો અને સ્ટેશનોનું માળખું પૂર્ણતાના આરે છે.

# વડોદરામાં લિવ ઇન યુવતીનો ન્યૂડ વીડિયો ઉતારનાર અધિકારી પકડાયો

## મિત્રતા કરી જાણ બહાર વીડિયો ઉતાર્યો, મોબાઇલ કબજે

**વડોદરા**

વડોદરામાં લિવ ઈન યુવતીનો જાણ બહાર ન્યૂડ વીડિયો ઉતારવાના ગુનામાં પોલીસે ફાયર બ્રિગેડના સબ ઓફિસરની ધરપકડ કરી છે. પોલીસ મુજબ દક્ષિણ ગુજરાતની યુવતી સાત-આઠ મહિના પહેલા સોશિયલ મીડિયા દ્વારા ફાયર બ્રિગેડના સબ ઓફિસર ઉત્પલ પટેલના સંપર્કમાં આવી હતી. શરૂઆતમાં યુવક પરિણીત હોવાની તેને જાણ નહોતી. યુવકે તેને વડોદરા બોલાવી લક્ષ્મીપુરા માધવપાર્ક સોસાયટીના ભાડાના મકાનમાં બંને લિવ ઈનમાં રહ્યા હતા. આ દરમિયાન યુવકે તેની નોકરી પણ છોડાવી હતી. યુવતીએ ફરિયાદમાં જણાવ્યું કે મરજીથી સંબંધ બાંધ્યો હતો, પરંતુ જાણ બહાર વીડિયો ઉતારાયો હતો. લક્ષ્મીપુરાના પીઆઈ ગાયત્રી રાજપૂતે ગુનો નોંધી દાંડિયા બજારના સબ ઓફિસર ઉત્પલ મનુભાઈ પટેલની ધરપકડ કરી છે. તે સ્વામી વિવેકાનંદ ગેલેરી પાસે રહે છે, મૂળ નવસારીનો છે. પોલીસે મોબાઈલ કબજે લઈ વીડિયો વાયરલ થયો છે કે કેમ તેની તપાસ શરૂ કરી છે. આરોપી સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરાઈ છે.

# સુરતમાં બાકી 10 હજાર ન આપતાં નોકરે 150નું પેટ્રોલ છાંટી 24 કરોડનો માલ સળગાવી દીધો

## નોકરે આગને શોર્ટ સર્કિટમાં ખપાવી દેવા પ્રયાસ કર્યો પરંતુ સીસીટીવી આધારે પકડાયો

**સુરત**

સુરતની ટેક્સટાઈલ માર્કેટમાં આગ લાગવાના બનાવો અવારનવાર બને છે. તાજેતરમાં શ્યામ સંગિની માર્કેટમાં ભીષણ આગ લાગી હતી. શરૂઆતમાં શોર્ટ સર્કિટ હોવાનું માનવામાં આવતું હતું, પરંતુ તપાસમાં આ માનવીય કૃત્ય હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે.

માર્કેટમાં કામ કરતા પૂર્વ એકાઉન્ટન્ટ વિનોદ સાવલેએ પોતાના શેઠ સામે બદલો લેવા આ કાંડ કર્યો હતો. તેના શેઠ પાસે 10,000 રૂપિયા પગાર પેટે બાકી હતા. તેના કહેવા મુજબ શેઠ તેને અપમાનિત કરતા હતા અને અવારનવાર રકઝક થતી હતી. તેને નોકરીમાંથી કાઢી મૂકાયો હતો. સમય વીત્યા બાદ પણ પગાર ન મળતા તેણે પેટ્રોલ છાંટી માર્કેટ સળગાવવાની કોશિશ કરી હતી. પોતાના માટે 10,000 રૂપિયા કેટલી મોટી રકમ છે તેનું ભાન શેઠને કરાવવા આ કૃત્ય કર્યું હોવાનું તપાસમાં ખૂલ્યું છે. આ ભયાનક કારનામાથી વેપારીઓને આશરે 24 કરોડનું નુકસાન થયું હતું. આરોપીની ધરપકડ બાદ સોમવારે મોડી રાત્રે રી-કન્સ્ટ્રક્શન માટે માર્કેટ લઈ જવાયો હતો. આરોપી ખાટુશ્યામ અને પછી અયોધ્યા ભાગી ગયો હતો. તેને લાગતું હતું કે આગને શોર્ટ સર્કિટમાં ખપાવી દેવાશે, પરંતુ તેમ થયું નહીં. મામલો થાળે પડ્યો માની તે સુરત પરત આવ્યો હતો. સીસીટીવી ફૂટેજ અને તપાસમાં આગ માનવસર્જિત હોવાનું બહાર આવતા પોલીસે ધરપકડ કરી હતી. પોલીસ વધુ તપાસ કરી રહી છે.

# નિષ્ફળતા અંત નથી, પરંતુ ચિંતન કરી મજબૂતીથી આગળ વધવાનો અવસર: રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ

## દેશના સમતોલ વિકાસમાં મહિલા સશક્તિકરણની વ્યાપક ભૂમિકાને બિરદાવી હતી

**અમદાવાદ**

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ખાતે ભારતના પ્રથમ નાગરિક રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મૂર્મુના અધ્યક્ષસ્થાને ૭૫મો વાર્ષિક પદવીદાન સમારોહ યોજાયો હતો. રાષ્ટ્રપતિએ પદવી તથા સુવર્ણચંદ્રક મેળવનારા તમામ વિદ્યાર્થીઓને, તેમના માતા-પિતા અને અધ્યાપકોને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે રાષ્ટ્રપતિએ ખાસ કરીને સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરનારી દીકરીઓની નોંધપાત્ર



સંખ્યાનો ઉલ્લેખ કરી તેને 'બદલતા ભારતની ઉજ્જ્વળ તસવીર' ગણાવી હતી અને દેશના સમતોલ વિકાસમાં મહિલા સશક્તિકરણની વ્યાપક ભૂમિકાને બિરદાવી હતી.

તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, ટેકનોલોજી એક સાધન છે અને તેનો પ્રાથમિક હેતુ માનવ કલ્યાણ તેમજ લોકોના જીવનને સરળ બનાવવાનો હોવો જોઈએ. ટેકનોલોજી આપણને ડેટા અને ઉત્તરો આપી શકે છે, પરંતુ સાચા પ્રશ્નો પૂછવા, વિવેકપૂર્ણ નિર્ણયો લેવા અને નૈતિક દિશા નક્કી કરવી એ માનવીય બુદ્ધિમત્તાનું કાર્ય છે. તેમણે યુવાનોને સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા જેવા બંધારણીય મૂલ્યોને પોતાના જીવન અને વ્યાવસાયિક કાર્યમાં ઉતારવા અનુરોધ કર્યો હતો.

# પારડીમાં 7 લોકોને લઈને જતી બોટ નદીમાં પલટી, દોઢ વર્ષીય બાળક ગૂમ

**વલસાડ**

વલસાડના પારડીના ઉમરસાડી માછીવાડ ગામે મંગળવારે પારનદીમાં બોટ પલટી હોવાની દુર્ઘટના ઘટી હતી. અગિયારસના શુભ દિને પારડી તાલુકાના ઉમરસાડી માછીવાડમાં રહેતી મહિલા સહિત માછીમારો ચાર બોટ મારફતે નદીમાં પૂજા કરવા ગયા હતા. પૂજા કરી એક બોટ ટર્ન કાપી પરત કિનાર જતી વેળા અચાનક બોટ પાણીમાં ઊંધી વળી ગઈ હતી. બોટ પલટી જતાં અફરાતફરીના માહોલ વચ્ચે બોટમાં સવાર અમુલ પ્રસાદ ગૌતમ, નાનુભાઈ, છગનભાઈ ટંડેલ, રેખાબહે ન નાનુભાઈ ટંડેલ, અજય નાનુભાઈ ટંડેલ, ધનુબહેન ભરતભાઈ ટંડેલ અને દોઢ વર્ષીય મોક્ષાર્થ અજય ટંડેલ પા ણીમાં ખાબકયા હતા. જો કે, મહિલા સ હિ તના લોકો તરીને નદી કિનારે પહોંચી ગાય હતા, પરંતુ એક દોઢી વર્ષીય માસૂમ બાળક પાણીમાં ડૂબી ગયો હતો. ઘટનાને પગલે ગામના સરપંચ, આગેવાનો સહિતના લોકો દોડી પહોંચ્યા હતા અને દુર્ઘટના અંગે જાણ કરતાં પોલીસની ટીમ પણ સ્થળ પર પહોંચી હતી. ચંદ્રપૂરના તરવૈયા અને સ્થાનિક માછીમારો દ્વારા નદીમાં ગુમ બાળકને શોધવા કવાયત હાથ ધરી છે. બાળક પાણીમાં ગુમ થતાં પરિવારજનો ચિંતામાં મૂકાયા છે.

**રસ્તાનો વિકાસ** સુરત અને ચેન્નઈ વચ્ચેની મુસાફરીનો સમય હવે ઘટીને 16 કલાકમાં પૂરી થશે

# નવો ૯૦૦ કિલોમીટરનો 6-લેન એક્સપ્રેસવે ગુજરાતને દક્ષિણ ભારતના પાંચ રાજ્યો સાથે સીધું જોડી દેશે

**સુરત**

ભારતમાલા પરિયોજના અંતર્ગત તૈયાર થઈ રહેલા નવા હાઈ-સ્પીડ એક્સપ્રેસવેના કારણે સુરત અને ચેન્નઈ વચ્ચેના પ્રવાસમાં થતો સમયનો મોટો બગાડ હવે અટકશે. આ મહત્ત્વાકાંક્ષી રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટથી ગુજરાત સીધું મહારાષ્ટ્ર, કર્ણાટક, તેલંગાણા, આંધ્રપ્રદેશ અને તમિલનાડુ એમ પાંચ મોટા રાજ્યો સાથે જોડાઈ જશે.

શરૂઆતમાં આ એક્સપ્રેસવે 1,271 કિલોમીટરની લંબાઈનો પ્રસ્તાવિત કરવામાં



આવ્યો હતો. જોકે, તાજેતરમાં જ વહીવટી અને રૂટ સ્તરે મોટો ફેરફાર કરીને તેના સુરત-નાસિક ખંડને અલગ કરવામાં આવ્યો છે. તેથી હવે આ પ્રોજેક્ટ મુખ્યત્વે 'નાસિક-ચેન્નઈ એક્સપ્રેસવે' તરીકે જ ઓળખાશે અને તેની સીધી લંબાઈ આશરે ૯૦૦ કિલોમીટર રહેશે. આમ છતાં પણ, આ સમગ્ર કોરિડોર મુખ્યત્વે સુરત અને ચેન્નઈ વચ્ચે જ કનેક્ટિવિટી પૂરી પાડવાનું મહત્ત્વનું કામ કરશે. આ નવો એક્સપ્રેસવે શરૂ થતાં મુસાફરીનો સમય ઘટીને સીધો માત્ર 16 કલાક થઈ જશે. આ 6-લેન ગ્રીનફિલ્ડ કોરિડોર દેશના અનેક ઔદ્યોગિક, પર્યટન અને ધાર્મિક કેન્દ્રોને સીધા જોડશે, જેનાથી આ રાજ્યો વચ્ચે વિકાસ અને વેપારને ખૂબ મોટી ગતિ મળશે.

# બે મોટા નેતાના ધરણા બાદ નર્મદા જિલ્લાના પ્રમુખ બદલાયા

**નર્મદા**

નર્મદા જિલ્લા ભાજપના રાજકારણમાં એક મોટા સમાચાર સામે આવ્યા છે. જિલ્લા ભાજપ પ્રમુખ તરીકે શબ્દશરણ તડવીની સત્તાવાર નિમણૂક કરવામાં આવી છે. પક્ષ દ્વારા આ મોટો નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે તાજેતરની તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં ભાજપને શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો. આ સાથે ભરૂચમાં પરેશ કાંતિ લાડ અને ડાંગ જિલ્લામાં સુરેશ મોતીરામ ચૌધરીને ભાજપના નવા જિલ્લા પ્રમુખ બનાવાયા છે. અગાઉ પૂર્વ પ્રમુખ નિલ રાવની કાર્યશૈલી અને પક્ષની સ્થિતિ સામે નારાજગી વ્યક્ત કરતા સાંસદ મનસુખ વસાવા અને નાંદોદના ધારાસભ્ય ડૉ. દર્શનાબહેન દેશમુખ દ્વારા ખુલ્લેઆમ નારાજગી દર્શાવવામાં આવી હતી અને ધરણા (વિરોધ) કરવામાં આવ્યા હતા.

# પોલીસ ફિલોસોફીને બદલે સિનિયર સિટીઝનના પૈસા રિકવર કરવા ઉપર ધ્યાન આપે : હાઈકોર્ટ

## 60 લાખની ઠગાઈમાં રકમ પરત કેમ નહીં, મ્યુલ નહીં મુખ્ય આરોપી શોધવા ચાર્ટ માંગ્યો

**અમદાવાદ**

અમદાવાદમાં સાયબર ક્રાઈમ અને ડિજિટલ એરેસ્ટના નામે સિનિયર સિટીઝન સાથે થતી કરોડોની ઠગાઈ મામલે હાઈકોર્ટે પોલીસની ઢીલી તપાસ સામે પ્રહારો કર્યા છે. કોર્ટે કહ્યું કે પોલીસ એવી ફિલોસોફી ઠોકે છે કે સિનિયર સિટીઝનને સમજણ પડતી નથી એટલે ભોગ બને છે, પરંતુ સવાલ એ છે કે સાયબર પોલીસને કેટલી સમજણ પડે છે અને કેટલા પીડિતોને નાણાં પરત અપાવ્યા છે. એક પીડિતના 60 લાખ ઠગાઈમાં ગયા છે છતાં તપાસ થતી નથી. કેસમાં પકડાયેલા આરોપીએ બેંક એકાઉન્ટ ભાડે આપ્યું હતું, તેની પાસેથી 10 લાખ મળ્યા છે અને તે ફરિયાદીને પરત આપવા તૈયાર છે, છતાં પોલીસ રકમ પરત કેમ અપાવતી નથી. મુખ્ય આરોપી મોહમ્મદ દાનિશ સહ-આરોપીઓના મ્યુલ એકાઉન્ટમાં નાણાં ટ્રાન્સફર કરતો હતો, છતાં પોલીસ તેના સુધી પહોંચી નથી. કોર્ટે કહ્યું કે મ્યુલ એકાઉન્ટ ધારકો માત્ર કમિશન લેનારા નાના આરોપીઓ છે, મુખ્ય સૂત્રધાર શોધવો જરૂરી છે. તપાસ અધિકારીને આદેશ આપ્યો કે નાણાં કોના ખાતામાંથી ક્યાં ગયા અને કોણ સંડોવાયું તેનો ચાર્ટ રજૂ કરે અને તમામને પક્ષકાર બનાવે. સિનિયર સિટીઝનને સમજણ નથી તેવું બહાનું કાઢી તપાસ ટાળી શકાય નહીં. ઝડપી અને પારદર્શક તપાસ જરૂરી છે તેમ કોર્ટે ઉમેર્યું હતું.

# કુંભારવાડામાં ગાળો બોલવાની ના પાડતા કાકા-પૌત્રી સહિત ત્રણ પર છરીથી હુમલો

## ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધ હોસ્પિટલમાં સારવાર હેઠળ

**ભાવનગર**

કુંભારવાડા મારુતિનગરમાં રહેતા નિવૃત્ત 66 વર્ષીય રમેશભાઈ રાત્રે ઓસરીમાં આરામ કરતા હતા. ત્યારે નજીક રહેતા ગૌરાંગ ભનુભાઈ ભિમાણી અને નવીન ગોહેલ જાહેર રસ્તા પર બીભત્સ ગાળો બોલતા હતા. શાંતિ જાળવવા રમેશભાઈએ ટપકો આપતા બંને ઉશ્કેરાયા હતા. ગિન્નાયેલા ગૌરાંગે છરી કાઢી રમેશભાઈ પર હુમલો કરી છાતીના ડાબા ભાગે ઊંડો ઘા માર્યો હતો. દાદા પર હુમલો થતા બચાવવા વચ્ચે પડેલી પૌત્રી રિંકલબેનને પણ ઈજા પહોંચાડી હતી. દોડી આવેલા પાડોશી હંસાબેન માંડલિયા વચ્ચે પડતા તેમને પણ છરીથી લોહીલુહાણ કર્યા હતા. ત્રણેયને ઈજા પહોંચાડી બંને જાનથી મારવાની ધમકી આપી ભાગી ગયા હતા. લોકો એકઠા થઈ ઘાયલોને 108 મારફતે સર તખ્તસિંહજી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. છાતીમાં ગંભીર ઈજાથી રમેશભાઈની હાલત નાજુક જણાતા તાત્કાલિક ઈમરજન્સી ઓપરેશન કરાયું હતું.

# અમદાવાદમાં સોની વેપારીઓ સાથે 12 લાખની ઠગાઈ, પેઢી સંચાલકો ફરાર

**અમદાવાદ**

અમદાવાદના ખાડિયા વિસ્તારમાં સોના-ચાંદીના વેપારીઓ સાથે લાખોની છેતરપિંડી સામે આવી છે. માણેકચોક દેવડીની પોળમાં આવેલી જય રણછોડ એન્ડ કુ. આંગડિયા પેઢીના સંચાલકોએ વેપારીઓના સોનાના પાર્સલ સમયસર ગ્રાહકો સુધી ન પહોંચાડી કૌભાંડ આચર્યું છે.

ફરિયાદી મૌલિકભાઈ સોનીએ ખાડિયા પોલીસમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ માણેકચોક અને વડોદરા કાર્યાલયના સંચાલકોએ લાંબા સમયનો વિશ્વાસ કેળવી અચાનક ઓફિસોને તાળા મારી ભૂગર્ભમાં ઉતરી ગયા હતા. પાર્સલ પરત ન આપી કે જવાબ ન આપી વિશ્વાસઘાત કરાયો છે.

ફરિયાદી મૌલિકભાઈ અને તેમના મિત્રો મૈનાક જૈન અને ભાવેશ ઘાંચીના કુલ 6 પાર્સલ ફસાયા છે. જેમાં 78.520 ગ્રામ સોનાના દાગીના હતા, જેની કિંમત 12,02,374 રૂપિયા થાય છે. આ દાગીના ભરૂચ, કાલોલ, પાદરા અને વડોદરાના વેપારીઓને પહોંચાડવાના હતા. અગાઉ અરજીઓ છતાં નિકાલ ન થતા BNSS 173 હેઠળ ગુનો નોંધી નાસી છૂટેલા આરોપીઓની હાલ સઘન શોધ ચાલુ છે.

# આદિવાસી વોટબેન્ક ખસકતાં સરકારમાં ફફડાટ CMના મકાનમાં ધારાસભ્યો-સાંસદો સાથે બેઠક

## 4 વર્ષે સરકારને આદિવાસીઓ યાદ આવ્યાં, આદિવાસીના પાયાના પ્રશ્નો રજૂ કરાયા

**ગાંધીનગર**

ગુજરાતના આદિવાસી મતદારો હળવેકથી અન્ય પક્ષ તરફ વળી રહ્યાં છે જેમ કે, નર્મદા સહિત અન્ય જિલ્લામાં ભાજપનો પ્રભાવ ઘટી રહ્યો છે જેના પગલે રાજ્ય સરકાર ચિંતીત થઈ છે. હવે ચાર વર્ષ બાદ સરકારને આદિવાસીઓની યાદ આવી છે. અંબાજીથી માંડીને પંચમહાલ સુધીના આદિવાસી પટ્ટામાં આજે પણ પ્રાથમિક સુવિધાઓનો અભાવ છે. રસ્તાના અભાવે એમ્બ્યુલન્સ જઈ શકે તેમ નથી. આદિવાસી પ્રસૂતાને ઝોળીમાં નાંખીને લઈ જવી પડે છે. રસ્તામાં જ પ્રસૂતિ થાય છે તેવા કિસ્સા બની રહ્યાં છે. શાળાઓની એવી દશા છે કે, એક જ શિક્ષક બધા ધોરણના વિદ્યાર્થીઓને ભણાવે છે. પીવાનું શુદ્ધ પાણી મળતુ નથી. આવી અનેક સમસ્યાથી આદિવાસીઓ પીડાઈ રહ્યાં છે. હાલ આદિવાસી વિસ્તારોમાં સરકાર સામે આંદોલન ચાલી રહ્યાં છે. થોડાક વખત પહેલાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં આદિવાસી વિસ્તારોમાં ભાજપે ઘણી પાલિકા ગુમાવવી પડી છે. હજુ ભાજપ તરફી માહોલ નથી. આ જોતાં સરકારે આદિવાસી સાંસદ, ધારાસભ્યો અને અગ્રણીઓને ગાંધીનગરનું તેડુ મોકલાવ્યુ હતું. આદિવાસી વિસ્તારોમાં ભાજપ તરફી માહોલ ઊભો થાય તે માટે મુખ્યમંત્રી નિવાસસ્થાને રાજ્યના 14 જિલ્લાઓના વિકાસ કાર્યોની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં આદિવાસી વિસ્તારોના પાયાના પ્રશ્નો રજૂ કરાયા હતા. મુખ્યત્વે અંતરિયાળ વિસ્તારોમાં રોડ-રસ્તા, પીવાના અને સિંચાઈના પાણીની સુવિધા અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

# બાકરોલ પ્રગતિનગર કોલોનીમાં લગ્ન ન કરાવતા પુત્ર દ્વારા પિતાની કુહાડીથી કરપીણ હત્યા કરાઈ

## બહેનના નિકાહના બે દિવસ પહેલા ખૂની ખેલ, માતાએ પતિ-પુત્ર બંને ગુમાવ્યા

**આણંદ**

આણંદના બાકરોલ પ્રગતિનગર કોલોનીમાં બાપ-દીકરાના સંબંધને લાંછન લગાડતો કિસ્સો સામે આવ્યો છે. અહીં રહેતા કાલુમિયા બેલીમ પર તેમના જ પુત્ર આશિક મિયાએ કુહાડી જેવા ધારદાર હથિયારથી હુમલો કરી કરપીણ હત્યા કરી દેતા ચકચાર મચી છે.

રવિવાર રજાના દિવસે આ ખૌફનાક ઘટના બની હતી. પિતા કાલુમિયા પુત્રના લગ્ન અંગે ગંભીર વિચારણા કરતા ન હોવાનો આરોપ મૂકી આશિકે હુમલો કર્યો હતો. તપાસમાં સામે આવ્યું છે કે આશિક એક મોટી કંપનીમાં વેઈટર તરીકે કામ કરે છે. તેની બહેનના નિકાહ બે દિવસ બાદ થવાના હતા. પિતાએ દીકરીના લગ્ન નક્કી કરી દીધા પરંતુ દીકરાના લગ્ન અંગે કંઈ વિચારતા ન હોવાનું કહી તેણે પિતાનું ઢીમ ઢાળી દીધું હતું.

હુમલામાં કાલુમિયાને નાક, આંખ અને ગળાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેઓ લોહીલુહાણ હાલતમાં સ્થળે ઢળી પડ્યા હતા. જાણ થતા વલ્લભ વિદ્યાનગર પોલીસ અને 108ની ટીમ તાત્કાલિક પહોંચી હતી. ફરજ પરના કર્મીઓએ તપાસ કરી કાલુમિયાને સ્થળ પર જ મૃત જાહેર કર્યા હતા. મૃતદેહને કરમસદ શ્રીકૃષ્ણ હોસ્પિટલમાં પીએમ અર્થે મોકલાયો હતો.

પોલીસે ગણતરીના કલાકોમાં હત્યારા પુત્રને ઝડપી ગુનો નોંધી જેલ ભેગો કર્યો છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાથી માતાએ પતિ અને પુત્ર બંને ગુમાવ્યા છે, જ્યારે ઘરમાં લગ્નની ખુશીઓ માતમમાં ફેરવાઈ ગઈ છે.

**ફ્રોડની નવી ટ્રિકનો શિકાર બન્યો સુપરવાઈઝર**

# બોસના નામે મેસેજ આવ્યો અને 3 કરોડ ગાયબ! 2.88 કરોડ રિકવર

**અમદાવાદ**



અમદાવાદના ચાંગોદરમાં બોસનો DP રાખીને 3 કરોડ પડાવવા મામલે પોલીસે ફરિયાદના આધારે સઘન તપાસ હાથ ધરી હતી. જેમાં ફ્રોડના નાણાં આંધ્રપ્રદેશના ગુંટુર સ્થિત ગોકુલ ગુરુવર્ધનના પ્રાયમરી એકાઉન્ટમાં અને ત્યાંથી મધ્યપ્રદેશના અપદેશ યાદવ તેમજ જમ્મુ-કાશ્મીરના અન્ય એક ખાતામાં ટ્રાન્સફર થયા હતા. પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરીને 2.88 કરોડ રિકવર કરી લીધા છે, જ્યારે બાકીના 6 લાખ પણ ટૂંક સમયમાં મેળવી લેવાશે. હાલ બેંક વિગતોના આધારે અન્ય રાજ્યોમાં તપાસ ટીમો મોકલી ખાતાધારકોની સંડોવણી અને મુખ્ય સૂત્રધારો સુધી તપાસ ચાલી રહી છે.

ગત 18 ઓગસ્ટના રોજ ચાંગોદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી પ્યોર એન્ડ ક્યોર નામની કંપનીમાં હાર્દિક પટેલ સુપરવાઈઝર તરીકે કામ કરે છે. એક દિવસે સવારે તેમના ફોન પર અચાનક તેમના બોસના નામથી એક અજાણ્યા વોટ્સએપ નંબર પરથી મેસેજ આવે છે. તે અજાણ્યા નંબર હોવા છતાં તેનો ડીપી અને પ્રોફાઈલની વિગત બિલકુલ તેમના બોસ જેવી જ મળતી આવતી હતી. તે મેસેજમાં વાત કરવાની સ્ટાઈલ, પદ્ધતિ અને ભાષા પણ બેઠી તેમના બોસ જેવી જ હોવાથી હાર્દિકને વિશ્વાસ થઈ ગયો કે તેમના બોસ જ તેમની સાથે વાત કરી રહ્યા છે.

ત્યારબાદ હાર્દિકને વિશ્વાસમાં લઈને 3 કરોડ રૂપિયાનું ટ્રાન્જેક્શન કરવાનું કહેવામાં આવ્યું હતું. હાર્દિકે વિશ્વાસ રાખીને કંપનીના એકાઉન્ટમાંથી આ ટ્રાન્જેક્શન કરી દીધું અને તરત જ બોસને ફોન કરીને જાણ કરી કે વ્યવહાર થઈ ગયો છે. પોલીસ તપાસ દરમિયાન જાણવા મળ્યું કે, આ પૈસા મુખ્યત્વે આંધ્રપ્રદેશના ગુંટુર જિલ્લાના ગોકુલ ગુરુવર્ધન નામના વ્યક્તિના પ્રાયમરી એકાઉન્ટમાં ગયા હતા. ત્યાંથી પૈસા બીજા 2 એકાઉન્ટમાં ટ્રાન્સફર થયા હતા. જેમાં એક મધ્યપ્રદેશના અપદેશ યાદવ અને બીજું જમ્મુ-કાશ્મીરના વ્યક્તિનું એકાઉન્ટ હોવાનું સામે આવ્યું છે.

પોલીસે જણાવ્યું કે, 'સમગ્ર કેસમાં 2.88 કરોડ રૂપિયા રિકવર કરી લીધા છે. હવે માત્ર 6 લાખ રૂપિયા જ બાકી રહ્યા છે, જે અમે ટૂંક સમયમાં રિકવર કરીને ફરિયાદીને પરત આપી દઈશું. આ કેસના આરોપીઓને પકડવા માટે બહારના રાજ્યમાં અમારી ટીમ બેંક પાસેથી તમામ વિગતો મેળવશે. આ એકાઉન્ટ ધરાવતા લોકોની આમાં કોઈ સંડવણી છે કે કેમ અને આગળની તમામ લિંક્સ બહારની તપાસ દરમિયાન ખોલવામાં આવશે.'

# નરોડામાં અમેરિકનો સાથે ઠગાઈ કરતું બોગસ કોલ સેન્ટર ઝડપાયું, બે મહિલા સહિત 7 ઝબ્બે

## અમેરિકાની બેંકોના ડેટા મેળવતા હતા, આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરી ઠગાઈ

**અમદાવાદ**

શહેરના નરોડા હંસપુરા સાહિત્ય આર્કેડમાં ત્રણ મહિનાથી ધમધમતા ગેરકાયદે કોલ સેન્ટરનો નરોડા પોલીસે પર્દાફાશ કર્યો છે. બાતમીના આધારે પ્રથમ માળની દુકાન નંબર 112માં દરોડો પાડી બે મહિલા સહિત સાત આરોપીઓની ધરપકડ કરી લેપટોપ, મોબાઈલ અને રાઉટર જપ્ત કર્યા છે. આ સેન્ટર દ્વારા અમેરિકન નાગરિકોને લોન સેટલમેન્ટના બહાને આંતરરાષ્ટ્રીય છેતરપિંડી કરાતી હતી.

તપાસમાં ખુલ્યું કે આરોપીઓ અમેરિકન બેન્કોના વકીલ કે લીગલ એડવાઈઝર તરીકે ખોટી ઓળખ આપી લીક થયેલા બેન્ક ડેટાના આધારે ટાર્ગેટ નક્કી કરતા હતા. કર્મચારીઓને વિદેશી ઉચ્ચારની સ્ક્રિપ્ટ આપી ઈ-મેલથી સસ્તામાં લોન સેટલમેન્ટની લાલચ આપતા અને વિશ્વાસમાં લઈ ક્રેડિટ કાર્ડની વિગતો મેળવી વોટ્સએપ-ટેલિગ્રામથી પેમેન્ટ હેન્ડલર્સને મોકલતા હતા. નાણાં સીધા ભારતીય ખાતામાં લેવાને બદલે બિટકોઈન ક્રિપ્ટોકરન્સીમાં મેળવી ટેલિગ્રામ ગ્રુપ અને ડાર્ક વેબથી ભારતીય ચલણમાં ફેરવી હવાલા-આંગડિયા મારફતે રોકડ લેવાતી હતી. પકડાયેલા જીગેશ ઝાલાહર, દેવાંગ સપકાલ, સુશીલ તોમર, દેવ વૈષ્ણવ, ઈમ્તીહેન સંગ ચાર્મયાર્ડ, પ્રીતીબેન પટેલ અને વૈશાલી વેધાની સામે ગુનો નોંધી લીડ સપ્લાયર અને નેટવર્ક અંગે વધુ સઘન તપાસ શરૂ કરાઈ છે.

# અંબાજીમાં 15.85 લાખ શ્રદ્ધાળુઓએ કર્યા માતાજીના દર્શન, દર મિનિટે ચઢે છે ધજા

## અંબાજીના શિખર પર એક જ દિવસમાં 705 વખત ધજારોહણ કરવામાં આવ્યું

**બનાસકાંઠા**



બનાસકાંઠાના પ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી ખાતે યોજાઈ રહેલા ભાદરવી પૂનમના મહામેળામાં દેશભરમાંથી શ્રદ્ધાળુઓનો ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મેળાના પ્રથમ 3 દિવસમાં જ કુલ 15.85 લાખ માઈભક્તોએ અંબાજીના દર્શન કર્યા છે. મેળાના પહેલા બે દિવસોમાં ચાર-ચાર લાખ શ્રદ્ધાળુઓ આવ્યા બાદ, ત્રીજા દિવસે સાંજના પાંચ વાગ્યા સુધીમાં સાત લાખથી વધુ ભાવિકોએ માતાજીના ચરણોમાં શીશ ઝુકાવ્યું હતું અને ભક્તિભાવ સાથે દર્શનનો લાભ લીધો હતો.

અંબાજીના શિખર પર એક જ દિવસમાં 705 વખત ધજારોહણ કરવામાં આવ્યું હતું, જેના કારણે દર એક મિનિટે શ્રદ્ધાળુઓ દ્વારા ધજા ચડાવવામાં આવી હોવાનું નોંધાયું છે. આ ત્રણ દિવસ દરમિયાન કુલ 1,515 ધજાઓ ચડાવાઈ છે. આ ઉપરાંત મોહનથાળની પ્રસાદીના 13.08 લાખ પેકેટ અને ચીકીના 16,000 પેકેટનું શ્રદ્ધાળુઓમાં વિતરણ કરવામાં આવ્યું છે. ભેટ કાઉન્ટર તથા ધાર્મિક સાહિત્ય કેન્દ્રને આ દરમિયાન રૂ. 88.56 લાખની આવક થઈ છે, જે ભક્તોની અડગ આસ્થા દર્શાવે છે.

ભારે ભીડ વચ્ચે અંબાજી આવતા શ્રદ્ધાળુઓની સુવિધા માટે તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે, જેમાં 30,000 જેટલા શ્રદ્ધાળુઓએ ઉડનખટોલા દ્વારા ગબ્બરમાં યાત્રા કરી હતી.

બીજી તરફ ખેડબ્રહ્મામાં ભરાયેલા પૂનમના મેળામાં સાત લાખથી વધુ ભક્તોએ મા અંબાના ચરણોમાં શીશ નમાવી દર્શન કર્યા છે. અત્યાર સુધીમાં ૪૮૫ સંઘોએ ૫૫૫૦થી વધુ ચઢાવી માનતા પૂર્ણ કરી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ભાદરવી પૂનમ નિમિત્તે અંબાજી તથા ખેડબ્રહ્મામાં ભરતા મેળામાં ભકતો રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર, એમપી સહિતના વિસ્તારોમાંથી પદયાત્રીઓ માના ચરણમાં શિશ નમાવવા માટે આવી રહ્યા છે.

# ધનસુરામાં પોશડોડાની સ્કોર્પિયોનો પીછો કરતાં બિશ્નોઈ ગેંગનો પોલીસ ઉપર હુમલો

## બચાવમાં એસઓજી પોલીસે બે રાઉન્ડ ફાયરિંગ કર્યું



**અરવલ્લી**

અરવલ્લીના ધનસુરા તાલુકાના શિનોલ ગામ પાસે SOG પોલીસે સ્કોર્પિયોમાં પોશડોડા ભરેલા હોવાની બાતમીના આધારે કારનો પીછો કર્યો હતો. આ દરમિયાન આરોપીએ પોલીસની ગાડીને ટક્કર મારી હતી. સ્કોર્પિયોમાં બેઠેલા શખસોએ પોલીસ પર પિસ્તોલ તાકતા બચાવમાં SOG પોલીસે બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. જો કે, એટલાંમાં બંને આરોપીઓ ફરાર થઈ ગયા હતા. પ્રાથમિક માહિતી અનુસાર બંને આરોપી બિશ્નોઈ ગેંગના હોવાનું SOGએ જણાવ્યું હતું.

મળતી માહિતી મુજબ, ધનસુરામાં પોશડોડા હેરાફેરી મામલે આરોપી અને પોલીસ આમને-સામને આવી ગયા હતા. આ દરમિયાન આરોપીઓએ હુમલાના ઈરાદે પિસ્તોલ કાઢતા પીઆઈએ બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. પોલીસ ગાડી સાથે કારની ટક્કર વાગતા પોલીસવાનના ડ્રાઈવર અને પીઆઈ ઈજાગ્રસ્ત થયા હતા.

ઘટનાની ગંભીરતાને પગલે પોલીસ વડા ઘટનાસ્થળે દોડી પહોંચ્યા હતા. જ્યારે ફરાર આરોપીને ઝડપી પાડવા માટે પોલીસે ગુજરાત-રાજસ્થાન બોર્ડરના ચેકપોસ્ટ સહિતના હાઈવે પર નાકાબંધી કરી સઘન તપાસ હાથ ધરી છે.










સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ગાંધીધામમાં ફાયરકર્મીને ડિજિટલ અરેસ્ટ કરી 42 લાખ પડાવ્યા

## નકલી પોલીસ-સીબીઆઇએ મુંબઇ IPS અને મની લોન્ડરિંગના ખોટા કેસની ધમકી આપી પરિવારની ધરપકડનો ડર બતાવ્યો

**ભુજ**

સાયબર ગઠિયાઓએ નિર્દોષ નાગરિકોને કાયદાનો ખોટો ભય બતાવી ડિજિટલ અરેસ્ટના જોખમી હથિયારનો ઉપયોગ ફરી શરૂ કર્યો છે. ગાંધીધામના સપનાનગરમાં રહેતા અને કંડલા પોર્ટ ફાયર બ્રિગેડમાંથી નિવૃત્ત 65 વર્ષીય વૃદ્ધને નકલી પોલીસ અને સીબીઆઈ બની માફિયાઓએ 12 દિવસ માનસિક દબાણમાં રાખી ડિજિટલ અરેસ્ટ કર્યા હતા. જેલ અને બદનામીનો ડર બતાવી વૃદ્ધ પાસેથી ટુકડે-ટુકડે 42 લાખની જીવનભરની કમાણી પડાવી લીધી હોવાનો મામલો સામે આવ્યો છે. ગાંધીધામ સાયબર ક્રાઈમે ચીટિંગ, એક્સટોર્શન અને આઈટી એક્ટ



હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસ મુજબ સપનાનગરના રામાઆશરે રાજદેવ દુબે (65, મૂળ આંબેડકરનગર, યુપી) 2022માં કંડલા ફાયર બ્રિગેડમાંથી નિવૃત્ત થયા હતા. 14 ફેબ્રુઆરી 2026ના રોજ તેઓ વતન યુપી ગયા ત્યારે મોબાઈલ પર આઈપીએસ મુંબઈ લખેલો મેસેજ આવ્યો હતો. બાદમાં અજાણ્યા નંબરથી વોટ્સએપ વીડિયો કોલમાં ખાખી વર્દીધારી નકલી પોલીસે ધમકી આપી કે તમારા નામે બીજું સિમ એક્ટિવ છે, જેનાથી સગીરાની છેડતી થઈ છે. વૃદ્ધે ના પાડતા ગઠિયાઓએ 2 કરોડના મની લોન્ડરિંગનો કેસ દાખલ છે અને 10 શખ્સો વોન્ટેડ હોવાનું કહ્યું હતું. મુંબઈ પોલીસના લોગોવાળી બનાવટી એફઆઈઆરની કોપી વોટ્સએપ પર મોકલી હતી.

આ મામલો ગુપ્ત રાખવા અને કોઈને કહેશો તો પરિવારની ધરપકડ થશે તેવી ધમકી આપી હતી. દર બે કલાકે હું સેફ છું તેવો મેસેજ મોકલવા ફરમાન કર્યું અને સતત વીડિયો કોલ ચાલુ રખાવી ડિજિટલ અરેસ્ટમાં રાખ્યા હતા. વૃદ્ધના તમામ બેંક ખાતા ગાંધીધામમાં હોવાનું જાણી આરોપીઓએ તેમને યુપીથી ગાંધીધામ રવાના કર્યા હતા. મુસાફરી દરમિયાન પણ વીડિયો કોલથી નજરકેદ રખાયા હતા. ગાંધીધામ પહોંચ્યા બાદ નાણાં રિઝર્વ બેંકના સુરક્ષિત ખાતામાં વેરિફિકેશન માટે જમા કરાવવા પડશે, તપાસ બાદ પરત મળશે, નહીં તો મિલકત જપ્ત થશે તેમ કહી બેંક મોકલ્યા હતા. ત્યાં આરટીજીએસથી 18 લાખ અને 15 લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા. કુલ 42 લાખ પડાવી લેવાયા છે.

# ગણેશ વિસર્જન દરમિયાન ઘટના ચેકડેમમાં 5 ડૂબ્યા, 3ના કરૂણ મોત

**રાજકોટ**

કુવાડવા ગામ નજીક વાંકાનેર રોડ પર ખોડિયાર મંદિર પાસે આવેલા ચેકડેમમાં ગણેશ વિસર્જન કરવા ગયેલા કુવાડવા ગામનાં એક જ પરિવારના પાંચ વ્યક્તિમાંથી પિતા - પુત્ર અને એક યુવાનનું ડૂબી જવાથી મોત નીપજતાં અરેરાટી વ્યાપી ગઈ છે.

કુવાડવા નજીક આવેલા ચેકડેમમાં આજે પાંચ યુવકો ડૂબ્યા હોવાની ધીરેન્દ્રસિંહ નામના યુવકે જાણ કરતા ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી ડેમમાંથી એક આધેડ અને બે યુવાનને બહાર કાઢી ૧૦૮ બોલાવી હતી. જેના તબીબે ત્રણે'યને મૃત જાહેર કર્યા હતા. બનાવની જાણ થતાં પોલીસે સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી.

પોલીસની તપાસમાં મૃતકોમાં નયન ધીરૂભાઈ ચૌહાણ (ઉ.વ. ૨૩), પિતા ધીરૂભાઈ ભલાભાઈ ચૌહાણ (ઉ.વ. ૫૦) અને નરેન્દ્ર મગનભાઈ ચૌહાણ (ઉ.વ. ૩૦, રહે. કુવાડવા ગામ) હોવાનું જાણવા મળ્યું હતું. તેની સાથેના બે યુવકોને તરતા આવડતું હોવાથી બન્ને બહાર નીકળી ગયા હતા. બનાવ બનતા આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. બાદમાં એરપોર્ટ પોલીસે ત્રણે'યના મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવા તજવીજ હાથ ધરી છે.

# અમરેલીમાં પરેશ ધાનાણીના ભાઈએ યુવકનું માથું ફાડી નાખ્યું, સમગ્ર ઘટના કેમેરામાં કેદ

## માથામાં ચાની 5 કિટલી ફટકારતા યુવકને આવ્યા 9 ટાંકા, પોલીસે ગુનો નોંધ્યો

**અમરેલી**

અમરેલીના સાવરકુંડલા બાયપાસ નજીક આવેલી ચાની કિટલી પર આ બનાવ બન્યો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, પૂર્વ નેતા વિપક્ષ પરેશ ધાનાણીના કુટુંબી ભાઈ અને અમરેલી શહેર કોંગ્રેસ પ્રમુખ સંદીપ ધાનાણીએ ધર્મકુમાર જોશીપુરા નામના યુવક પર અચાનક હુમલો કરી દીધો હતો. આ ઘટનાને કારણે આસપાસના વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી.

હુમલા દરમિયાન ઉશ્કેરાયેલા સંદીપ



ધાનાણીએ ધર્મકુમાર જોશીપુરાના માથામાં ચાની 5 કિટલીઓ ફટકારી હતી. આ સમગ્ર આઘાતજનક ઘટના ત્યાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનેલા ધર્મકુમારને તાત્કાલિક અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમને માથામાં ગંભીર ઈજા થવાથી 9 ટાંકા આવ્યા છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ઈજાગ્રસ્ત યુવકની રજૂઆત બાદ સંદીપ ધાનાણી સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસે સીસીટીવી આધારે પુરાવા એકત્ર કરી કાર્યવાહી હાથ ધરી છે. રાજકીય હોદ્દા પર બેઠેલા વ્યક્તિ દ્વારા આ પ્રકારે હુમલો કરવામાં આવતા સ્થાનિક સ્તરે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# ગાંધીધામના મચ્છુનગરમાં મહિલાની હત્યા-દુષ્કર્મ કેસ ઉકેલાયો, પોલીસે ઓરિસ્સાનો નરાધમ ઝડપ્યો

## નિર્વસ્ત્ર લાશ મળ્યા બાદ ચંપલ-રૂમાલ ફૂટેજથી પોલીસ આરોપી સુધી પહોંચી હતી

**ગાંધીનગર**

ગાંધીધામના મચ્છુનગર નજીક રેલવે ફાટક પાસે બાવળની ઝાડીઓમાંથી અજાણી મહિલાની નિર્વસ્ત્ર હાલતમાં લાશ મળતા ભારે ચકચાર અને ફફડાટ ફેલાયો હતો. બનાવની સંવેદનશીલતા પારખી પૂર્વ કચ્છ એસપી સાગર બાગમાર સહિત ઉચ્ચ અધિકારીઓ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ગાંધીધામ બી-ડિવિઝન પોલીસે હત્યા અને દુષ્કર્મનો ગુનો નોંધી આરોપીને ઝડપવા સ્પેશિયલ ટીમો કામે લગાડી હતી.



આરોપી સુધી પહોંચવા પોલીસે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી, ક્રાઈમ સીન એક્સપર્ટ, ડોગ સ્ક્વોડ, હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સેલની મદદ લીધી હતી. સ્થળની ઝીણવટભરી તપાસમાં આરોપીના ચંપલ અને એક રૂમાલ મળી આવ્યા હતા, જે મહત્વના પુરાવા બન્યા હતા. પુરાવાના આધારે પોલીસે આવતા-જતા માર્ગોના સીસીટીવી ફૂટેજ ચકાસ્યા હતા. જેમાં ઘટનાના એક કલાક પહેલા એક શંકાસ્પદ શખ્સ માથા પર એ જ રૂમાલ બાંધી રોડ પરથી પસાર થતો કેમેરામાં કેદ થયો હતો. વર્ણન મેળવી પોલીસે ઈન્દિરાનગર રેલવે ટ્રેક નજીક કોર્ડન કરી મૂળ ઓરિસ્સાના પ્રેમસિંઘ પુરીબાગને ઝડપી લીધો હતો. કડક પૂછપરછમાં આરોપી ભાંગી પડ્યો અને ગુનો કબૂલ્યો હતો. તપાસમાં ખુલ્યું કે મહિલાનું ગળું દબાવી હત્યા કર્યા બાદ મૃતદેહ સાથે દુષ્કર્મ આચર્યું હતું.

# 635 કરોડના SD Pay કૌભાંડનો સૂત્રધાર ઓરંગાબાદથી ઝડપાયો

## વળતરની લાલચ આપી નાણા અંગત ખાતામાં વાળ્યા

**અમરેલી**

રાજ્યભરમાં ચકચાર જગાવનારા 635 કરોડના SD Pay એપ કૌભાંડમાં પોલીસને મોટી સફળતા મળી છે. અમરેલી અને વડોદરા સાયબર ક્રાઈમની સંયુક્ત ટીમે મુખ્ય સૂત્રધાર નારાયણ અશોક કાંગને મહારાષ્ટ્રના ઔરંગાબાદ છત્રપતિ સંભાજીનગરથી ઝડપી પાડ્યો છે. ઔરંગાબાદમાં બેસી બોગસ ઈન્વેસ્ટમેન્ટ એપનું નેટવર્ક ઓપરેટ કરતો હતો. એપનો ટેકનિકલ કંટ્રોલ, સર્વર ડેટા અને યુઝર્સની ડિટેઈલ્સ પોતાની પાસે રાખી વધુ વળતરની લાલચ આપતો હતો. રોકાણકારોની રકમ સીધી તેના અંગત અને બેનામી ખાતામાં જતી હતી, જેનાથી 635 કરોડનું સામ્રાજ્ય ઊભું કર્યું હતું. ઓપરેશન બાદ આરોપીને સુરક્ષા વચ્ચે વડોદરા લવાયો છે. વડોદરા સાયબર ક્રાઈમમાં ગુનો નોંધાયેલો હોવાથી પ્રાથમિક પૂછપરછ અને કસ્ટડી ત્યાંની પોલીસ સંભાળે છે. રિમાન્ડ બાદ ટેકનિકલ એવિડન્સ, બેંક ખાતા અને આંતરરાજ્ય કનેક્શનની તપાસ પૂર્ણ થયે અમરેલી પોલીસ ટ્રાન્સફર વોરંટથી કબજો લેશે. લેપટોપ, મોબાઈલ અને એકાઉન્ટ ફ્રીઝ કરાયા છે.

**ગંભીર સંકટ** છેલ્લા ચાર મહિનાથી સતત વધતા ઇંધણના ભાવનો ફટકો પડી રહ્યો છે

# ઈરાન-અમેરિકા યુદ્ધની સીધી અસર: ગેસના ભાવ બમણા થતાં મોરબીના 50 સિરામિક એકમો બંધ

**મોરબી**

વર્તમાન ઈરાન-અમેરિકા યુદ્ધની પરિસ્થિતિના કારણે મોરબીના સિરામિક અને તેને સંલગ્ન પેપરમિલ ઉદ્યોગ પર ગંભીર સંકટ ઊભું થયું છે. રશિયા-યુક્રેન યુદ્ધની મંદીમાંથી માંડ બેઠા થયેલા આ ઉદ્યોગને છેલ્લા ચાર મહિનાથી સતત વધતા ઈંધણના ભાવનો ફટકો પડી રહ્યો છે. યુદ્ધ પૂર્વે ૪૨ રૂપિયા પ્રતિ ઘનમીટર મળતો નેચરલ ગેસ સપ્ટેમ્બરમાં ૯૮ રૂપિયા થઈ ગયો છે. જ્યારે ૫૬ રૂપિયાવાળો પ્રોપેન ગેસ વધીને



૮૮ રૂપિયા પ્રતિ કિલોએ પહોંચ્યો છે. ઉત્પાદન ખર્ચ આસમાને પહોંચતા ૫૦ જેટલા સિરામિક એકમો બંધ થઈ ચૂક્યા છે.

સ્થાનિક બજારમાં પણ માંગમાં ૨૫ ટકાનો મોટો ઘટાડો નોંધાયો છે. સિરામિક એસોસિએશનના પ્રમુખના જણાવ્યા અનુસાર, જો પરિસ્થિતિ નહીં સુધરે તો વધુ એકમોને તાળાં મારવાની ફરજ પડશે. કન્ટેનર ભાડામાં તોતિંગ વધારો થતાં ૧૦૦ ટકા નિકાસ કરતા એકમો પણ ભારે મુશ્કેલીમાં મુકાયા છે. વિદેશી ખરીદદારો મોરબીને બદલે ચીન, ઇટાલી અને સ્પેન તરફ વળી રહ્યા છે, જે મોરબીના વૈશ્વિક બજાર માટે ચિંતાજનક છે. સિરામિક ઉદ્યોગની આ મંદીની સીધી અસર પેપરમિલ અને પેકેજિંગ ઉદ્યોગ પર પડી છે.

# ઓડિશાથી રાજકોટ સુધી ગાંજાનું નેટવર્ક, મુખ્ય સપ્લાયર ઝડપાયો

**રાજકોટ**

રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે ગાંજાના નેટવર્ક સામે કાર્યવાહી કરી ઓડિશાના જંગલ વિસ્તારમાંથી મુખ્ય સપ્લાયર અમિત ઉર્ફે ગુરખો કાતીયારને ઝડપી પાડ્યો હતો. તપાસમાં અમિત ઓડિશાથી ગાંજાનો જથ્થો મંગાવી રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં સપ્લાય કરાવતો હોવાનું સામે આવ્યું હતું. ગુનો નોંધાયા બાદ તે ફરાર હતો. પોલીસ તપાસમાં અમિતનો ભાઈ સિકંદર ઉર્ફે ઇમરાન રાજકોટમાં ગાંજાનો જથ્થો રિસીવ કરતો અને ત્યારબાદ પેડલરો મારફતે સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં સપ્લાય કરતો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે બંને ભાઈઓની ધરપકડ કરી છે. બંનેને 10 દિવસના રિમાન્ડની માંગ સાથે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. રિમાન્ડ દરમિયાન ગાંજાનો જથ્થો ક્યાંથી મેળવાતો હતો અને કોને સપ્લાય કરાતો હતો તે અંગે વધુ તપાસ કરાશે.

સ્વદેશ



## અમિતાભની નેટવર્થ એક વર્ષમાં ૧૪૫ ટકા વધી

નવી દિલ્હી । બોલીવુડના મહાનાયક અમિતાભ બચ્ચન ૮૩ વર્ષની વયે સતત કામ કરી રહ્યા છે. હવે તેમની આવક અને સંપત્તિ વિષે મોટા સમાચાર સામે આવ્યા છે. હુરૂન ઇન્ડિયા રિચ લિસ્ટની ૨૦૨૬ માટેની યાદીમાં જણાવ્યા મુજબ અમિતાભ બચ્ચનની કુલ સંપત્તિ વધીને અંદાજે ૪૦૦૦ કરોડ થઇ ગઇ છે.રસપ્રદ વાત એ છે કે ગયા વર્ષે તેમની સંપત્તિ ૧૬૩૦ કરોડ હતી. અર્થાત એક જ વર્ષમાં તેમની નેટવર્થમાં ૧૪૫ ટકાનો વધારો નોંધાયો છે. તે સાથે જ અમિતાભ બચ્ચન મનોરંજન જગતના સૌથી ધનવાન કલાકારોની યાદીમાં શાહરૂખ પછીના બીજા સ્થાને પહોંચી ગયા છે.

## જાણીતા અભિનેતા મુશ્તાક ખાનનું નિધનઃ 'વેલકમ' ફિલ્મથી બનાવી હતી ખાસ ઓળખ



મુંબઈ : 'મેરી એક ટાંગ નકલી હૈ, મૈં હૉકી કા બહોત બડા ખિલાડી થા' અક્ષય કુમારની લોકપ્રિય ફિલ્મ 'વેલકમ'નો આ ડાયલોગ સાંભળતાં જ જે ચહેરો સામે આવે છે તે જાણીતા અભિનેતા મુશ્તાક ખાન હવે આપણી વચ્ચે નથી રહ્યા. લાંબી માંદગી બાદ તેમણે 24 સપ્ટેમ્બરના રોજ અંતિમ શ્વાસ લીધા હતા. તેમના નિધનથી બોલિવૂડ અને ટેલિવિઝન જગતમાં ઊંડા શોકની લાગણી ફેલાઈ ગઈ છે. મુશ્તાક ખાનના નજીકના મિત્ર અને જાણીતા કોમેડિયન સુનીલ પાલે તેમના નિધનની પુષ્ટિ કરી છે. સુનીલ પાલના જણાવ્યા અનુસાર, મુશ્તાક ખાન લાંબા સમયથી કેન્સર જેવી ગંભીર બીમારી સામે ઝઝૂમી રહ્યા હતા. તેઓ કેન્સરના છેલ્લા સ્ટેજમાં હતા અને તેમની તબિયત સતત નાજુક બની રહી હતી. મુંબઈની નાણાવટી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી, જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા.

## MeToo કેસમાં હોલિવૂડ ફિલ્મમેકરને 15 વર્ષની કેદની સજા, કહ્યું- મારાથી ભૂલો થઈ



ન્યૂયોર્ક : ન્યૂયોર્કની એક કોર્ટે હોલિવૂડના જાણીતા ફિલ્મમેકર હાર્વે વીનસ્ટેનને 15 વર્ષની જેલની સજા સંભળાવી છે. 'પ્રોજેક્ટ રનવે' નામના રિયાલિટી ટીવી શોની પ્રોડક્શન ટીમમાં આસિસ્ટન્ટ તરીકે કામ કરતી મિરિયમ હેલી સાથે સંકળાયેલા યૌન અપરાધના કેસમાં દોષિત ઠર્યા બાદ તેને આ સજા ફટકારવામાં આવી છે. ન્યૂયોર્કની કોર્ટે આ સજા 2025માં થયેલા ફરીથી ટ્રાયલના આધારે સંભળાવી છે. સજા સાંભળતી વખતે વીનસ્ટેને પોતાની ભૂલો સ્વીકારીને માફી માંગી હતી, જોકે તેણે પોતાની બેગુનાહી પણ દોહરાવી હતી. ન્યૂયોર્કના જજએ કહ્યું હતું કે, 'વીનસ્ટેનને તેની ફિલ્મો માટે યાદ કરવામાં આવી શકે છે, પરંતુ તેના આ કૃત્યોની સામે તેની ઓળખ નાની પડી જાય છે.' આ ઉપરાંત, વીનસ્ટેનને કેલિફોર્નિયામાં પણ એક મહિલાના દુષ્કર્મ અને યૌન હુમલાના કેસમાં 16 વર્ષની સજા મળી ચૂકી છે.

# આલિયા પ્રોડયૂસર તરીકે કોરિયન ફિલ્મની રિમેક બનાવશે



મુંબઇ : આલિયા ભટ્ટ એક પ્રોડયૂસર તરીકે કોરિયન ફિલ્મની રીમેક બનાવવાની છે. જોકે, એવો દાવો થઇ રહ્યો છે કે આલિયા આ ફિલ્મની સીન ટુ સીન કોપી નહીં કરે પરંતુ તેને ભારતીય સ્વરુપમાં ઢાળશે. ઉલ્લેખનીય છે કે આલિયાના પિતા મહેશ ભટ્ટ પર પણ મોટાભાગની ફિલ્મોમાં ઉઠાંતરીના આક્ષેપો થતા રહ્યા હતા. 'ધ હાઉસમેઇડ' પરથી બનાવવામાં આવી રહેલી આલિયા ભટ્ટની ફિલ્મને નિર્દેશિત કરવાનું કામ અજય દેવગણની હિંદી 'દ્રશ્યમ'ના ડિરેક્ટર અભિષેક પાઠકને સોંપવામાં આવ્યું છે. આ ફિલ્મના હીરો તરીકે વરુણ ધવન અથવા રાજ કુમાર રાવ બેમાંથી એકની પસંદગી કરવામાં આવશે તેવી અટકળો ચાલી રહી છે. કોરિયન ફિલ્મ 'ધ હાઉસમેઇડ' એક થ્રીલર ફિલ્મ છે. આલિયા ભટ્ટના પ્રોડક્શન બેનર ઇટર્નલ સનશાઇન પ્રોડક્શન્સની આ ફિલ્મ સીન ટુ સીન રિમેક નથી. તેમાં મુખ્ય આઇડિયાને જાળવી રાખી અલગ સ્ટોરી લખવામાં આવી રહી છે જેથી તે મૂળ ફિલ્મથી અલગ બની રહે. અભિષેક પાઠકની 'દ્રશ્યમ ટુ' હીટ ફિલ્મ હતી.

'દ્રશ્યમ થ્રી'ની રિલિઝ બાદ અભિષેક પાઠકનો નિર્દેશક તરીકે આ મોટો પ્રોજેક્ટ બની રહેશે. આલિયા ભટ્ટની એકટ્રેસ તરીકે આગામી ફિલ્મોમાં 'લવ એન્ડ વોર' અને 'તુમ્બાડ ટુ' મુખ્ય છે.

**વરુણ ધવન અને રાજકુમાર રાવને કાસ્ટ કરે તેવી ચર્ચા : સીન ટુ સીન કોપી નહીં હોય તેવો દાવો**



# ઉર્મિલા માતોંડકરનું ઓટીટી દ્વારા એક્ટિંગમાં કમબેક

**છેલ્લે ૨૦૧૮માં બ્લેકમેઇલના ગીતમાં દેખાઇ હતી : આવતાં વર્ષે ઉર્મિલા અલગ અલગ બે વેબ સીરિઝમાં જોવા મળશે**

મુંબઈ : ઉર્મિલા માતોંડકર એક્ટિંગમાં કમબેક કરી રહી છે. તે એક વેબ શોમાં પ્રિન્સિપાલની ભૂમિકામાં દેખાશે. ધી વાઈરલ ફિવર દ્વારા આ સીરિઝ બનાવાઈ રહી છે. આ વેબ સિરિઝનું શૂટિંગ શરૂ થઇ ચૂક્યુ છે અને તેને ૨૦૨૭ની મધ્યમાં સ્ટ્રિમ કરવાની નેમ છે. આ વેબ સિરિઝનું લેખન પુનિત બાત્રા કરી રહ્યા છે જ્યારે દિગ્દર્શનની જવાબદારી દિવ્યાંશુ મલ્હોત્રા સંભાળી રહ્યા છે. આ બંને જણાં અગાઉ ૨૦૧૮માં ટીવીએફની ફ્લેમ્સમાં સાથે કામ કરી ચૂક્યા છે. પુનીત બાત્રા લિખિત 'કોટા ફેક્ટરી' સિરિઝ હીટ નીવડી હતી. જો કે, ઉર્મિલા માતોંડકરની અન્ય એક સિરિઝ તિવારી ફેબ્રુઆરીમાં ઓટીટી પર આવી રહી છે. સૌરભ વર્મા દ્વારા નિર્દેશિત ૧૪ એપિસોડની આ સિરિઝમાં ઉર્મિલાએ એક એવી યુવતીની ભૂમિકા ભજવી છે જે તેણે ન કરેલાં ગુના માટે ૧૪ વર્ષની કેદ ભોગવી બહાર આવી તેને ફસાવનારને શોધે છે.

# શ્રુતિ હાસન કોઇક નક્કી સામાજિક માળખામાં પોતાને ફીટ કરવા નથી માંગતી



નવી દિલ્હી । અક્ષય કુમાર, રાજકુમાર રાવ અને ઇમરાન ખાન જેવા કલાકારો સાથે હિંદી સિનેમામાં કામ કરી ચુકેલી શ્રુતિ હાસન ૪૦ વર્ષની ઉંમરે સિંગલ છે. સોહા અલી ખાનના પોડકાસ્ટ પર તેણે પોતાના અંગત જીવન વિષે ખુલીને વાત કરી હતી. તે કહે છે કે લગ્નમાં ભરોસો નથી કરતી તેમ છતાં પાર્ટનરશીપમાં વિશ્વાસ ધરાવે છે. ૪૦ વર્ષની ઉંમરે પણ તે પોતાનું જીવન પોતાની રીતે જીવી રહી છે. પોતાના બોયફ્રેન્ડ સાથે લગ્ન કરવાને આરે પહોંચી ગઇ હતી. પરંતુ લગ્ન ના થયા. પરંતુ લગ્ન વિષેના તેના વિચારો યથાવત છે. શ્રુતિએ કહ્યું કે તે લગ્ન જેવા સંબંધોની વિરોધી નથી. પરંતુ તેને સંબંધોમાં પોતીકાપણુ પસંદ છે. તે કોઇક નક્કી સામાજિક માળખામાં પોતાને ફીટ કરવા નથી માંગતી. તેને લાગે છે કે વ્યક્તિ સંબંધોમાં રહેવા છતાં એકલવાયાપણાનો અહેસાસ ના કરે તે લગ્ન કરતાં વધુ જરૂરી છે. શ્રુતિ આ પહેલાં કહી ચુકી છે કે તે સિંગલ પેરન્ટ બનવા નથી માંગતી.

# કોઇ કાંઇ પણ કહે, તમે તમારા શરીરનું સાંભળો : સમીરા રેડ્ડી

નવી દિલ્હી । થોડા દિવસ પહેલાં કેટરીના કૈફને પ્રસુતિ પછીના લુકને મુદ્દે ટ્રોલ કરવામાં આવી રહી હતી. તે વખતે સલમાન ખાને પરોક્ષરીતે અભિનેત્રીને સાથ આપ્યો હતો. હવે અભિનેત્રી સમીરા રેડ્ડીએ પોસ્ટ મુકીને કેટરીનાને સપોર્ટ કરી છે. સમીરા રેડ્ડીએ વીડિયો શેર કરીને કોઇને પણ તેમના લુક બદલ ટ્રોલ કરતા રહેતા લોકો પર કટાક્ષ કર્યો છે. આ વીડિયોમાં સમીરાએ પ્લમ્પી, થિક્સ, કર્વી, ચબી, હેલ્ધી, ચંકી અને ગોલૂ જેવા શબ્દનો ઉપયોગ કર્યો છે. વીડિયોમાં સમીરાએ અલગ અલગ આઉટફીટમાં આત્મ વિશ્વાસ





પુર્વક પોતાના શરીરના કર્વ દર્શાવ્યા છે અને તેને અલગ અલગ નામની ઓળખ આપીને આનંદ લીધો છે.સમીરાએ કેપ્શનમાં લખ્યું છે કે,' તમે કોઇક જાણીતી વ્યક્તિ હોવ, પોતાના માટે રસ્તો બનાવી રહેલી કોઇક કિશોરી હોવ, અનેક વર્ષોથી ટીકાઓનો સામનો કરી રહી હોવ કે પછી એક એવી વ્યક્તિ હોવ કે જે આ સાંભળવાની જરૂર છે. તમારૂ શરીર સાંભળે છો. તમે તેને પ્રેમ કરો તેમ ઇચ્છે છે. પછી લોકો ગમે તે કહે. સુડોળ, સુંદર, આકર્ષક..તમે!'







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

## જિનપિંગની યુએસ યાત્રાથી વૈશ્વિક ધરી ઉપર નવા સમીકરણ

# AIનો ઉપયોગ જનકલ્યાણ માટે કરવા ડ્રેગનની હિમાયત

પ્રાસંગિક
ધવલ શુક્લ

ચીનના પ્રમુખ શી જિનપિંગના અમેરિકા પ્રવાસ કાર્યક્રમ સાથે જ વૈશ્વિક ધરી પર નવા સમીકરણો રચાયા છે. આમ તો જિનપિંગના અમેરિકાના પ્રવાસ પર આખી દુનિયાની નજર પહેલેથી જ હતી. કારણ કે છેલ્લાં બે દાયકામાં આ બંને દેશો સતત ઘર્ષણમાં રહ્યા છે. આથી ચીને અગાઉથી જ અમેરિકા સામે પોતાના આકરા વલણનો સંકેત આપતા 4 મહત્ત્વની 'રેડ લાઈન્સ' સ્પષ્ટ કરી હતી.

ચીની રાજદૂત શે ફેંગ દ્વારા અખબારમાં લખવામાં આવ્યું છે કે, 'બંને દેશો વચ્ચેના મતભેદોનો ઉકેલ પરસ્પર સદભાવ અને સન્માન પર નિર્ભર કરે છે. ચીન માટે 4 ક્ષેત્રો અતિ મહત્ત્વપૂર્ણ છે અને તેને પડકારી શકાય નહીં. જેમાં સૌપ્રથમ અને સૌથી મોટો મુદ્દો તાઈવાનનો છે. આ સિવાય લોકશાહી અને માનવાધિકાર, ચીનનો વિકાસ માર્ગ તેમજ તેની રાજકીય વ્યવસ્થા અને ચીનના વિકાસ કરવાના અધિકારનો સમાવેશ થાય છે. આ ચારેય પાયાના મુદ્દાઓ પર કોઈ બાંધછોડ શક્ય નથી.

ચીની રાજદૂતે વોશિંગ્ટનને ચેતવણી આપી હતી કે, 'અમેરિકાએ ચીનને દબાવવા માટે રાષ્ટ્રીય સુરક્ષા, આર્થિક અસંતુલન અને બંધુઆ મજૂરી જેવા મનઘડંત બહાના બનાવવાનું હવે બંધ કરવું પડશે. જ્યારે ચીન અને અમેરિકા સાથે મળીને કામ કરે છે ત્યારે બંને દેશોને મોટો ફાયદો થાય છે, પરંતુ જો બંને વચ્ચે સીધો સંઘર્ષ થશે તો બંને પક્ષોને ભારે આર્થિક અને રાજકીય નુકસાન વેઠવું પડશે. દેશની સાર્વભૌમત્વ, રાષ્ટ્રીય સુરક્ષા અને વિકાસના હિતોનું કોઈપણ ભોગે ઉલ્લંઘન સહન કરવામાં આવશે નહીં. ચીન શાંતિપૂર્ણ વિકાસના માર્ગે આગળ વધવા કટિબદ્ધ છે અને અમેરિકા પણ આ જ સકારાત્મક દિશામાં આગળ વધે તેવી અપેક્ષા રાખે છે. હવે ચીનના આ પ્રકારના વલણ પછી બાજી બગડે તેવી સ્થિતિ હતી. પરંતુ જે ઘટનાક્રમ થયો તે બંને દેશો અને દુનિયા માટે આશાસ્પદ રહ્યો છે.

બુધવારે જિનપિંગ વોશિંગ્ટન પહોંચ્યા, ત્યારે ટ્રમ્પે વર્ષો જૂની રાજદ્વારી પરંપરાને કોરાણે મુકી સૌને ચોંકાવી દીધા હતા. મેરીલેન્ડ સ્થિત 'જોઈન્ટ બેઝ એન્ડ્રુઝ' લશ્કરી મથક પર જિનપિંગને વધાવવા ખુદ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ રૂબરૂ હાજર



રહ્યા હતા અને વિમાન પાસે જઈને શી જિનપિંગ તથા તેમની પત્ની પેંગ લિયુઆનનું સ્વાગત કર્યું હતું.

છેલ્લે વર્ષ 2015માં તત્કાલીન પ્રમુખ બરાક ઓબામાએ પોપ ફ્રાન્સિસનું એરપોર્ટ પર જાતે જઈને સ્વાગત કર્યું હતું. ત્યારપછી કોઈ વિદેશી નેતાનું વિમાન પાસે જઈને સ્વાગત કરવાનો આ પ્રથમ બનાવ છે. વળી, આ સમયે મિલિટ્રી બેન્ડે ધૂન વગાડી હતી અને તોપોની સલામી પણ આપવામાં આવી હતી.

આ આશ્ચર્યજનક ઘટનાક્રમ બાદ ગુરુવારે બંને મહારથીઓ વચ્ચે વ્હાઈટ હાઉસ ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ. જેમાં બંને દેશો વચ્ચેના સંબંધો સુધારવા અને સંઘર્ષ ટાળવા પર ખાસ ભાર મુકાયો. સાથે જ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, વેપાર, ટેક્નોલોજી, તાઈવાન અને બંને દેશોના સૈન્ય વચ્ચે નિયમિત સંવાદ જેવા મહત્વના મુદ્દા પર ગહન ચર્ચા થઈ. આ તકે, જિનપિંગે જણાવ્યું હતું કે, 'બંને દેશોએ શાંતિપૂર્ણ રીતે સાથે રહેવું જોઈએ. અમેરિકા અને ચીન વચ્ચે પરસ્પર સ્પર્ધા ખતમ કરવાની જરૂર નથી, પરંતુ તે સ્વસ્થ હોવી જોઈએ અને તેની એક મર્યાદા નક્કી હોવી જોઈએ. અમેરિકા અને ચીન વચ્ચે આગળ નીકળવાની રેસ હોવી જોઈએ, રેસલિંગ નહીં, જેમાં એકની જીત, બીજાની હાર પર નિર્ભર હોય. સંઘર્ષ બંને દેશો માટે નુકસાનકારક રહેશે અને સહયોગ રહે તો જ બંને પક્ષોને ફાયદો થઈ શકે છે. આ સાથે તેમણે કોઈપણ પ્રકારના ટકરાવથી બચવા બંને દેશોની સેનાઓ વચ્ચે નિયમિત વાતચીત અને કટોકટીના સમયે સંવાદની યોગ્ય વ્યવસ્થા ગોઠવવા પર પણ ભાર મૂક્યો હતો.

જિનપિંગના વલણને જોઈને ટ્રમ્પે પણ સાનુકૂળ પ્રતિસાદ આપ્યો અને કહ્યું કે, અમેરિકા અને ચીને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન સાથે મળીને કામ કર્યું હતું, તે જ રીતે હવે બંને દેશો વધુ સારા ભવિષ્યના નિર્માણ માટે સાથે કામ કરી શકે છે. મને અમેરિકા અને ચીનના સંબંધો પર ગર્વ છે અને બંને દેશો વધુ સંતુલિત વેપાર સંબંધોની દિશામાં આગળ વધી રહ્યા છે.' બંને નેતાઓએ બેઠક દરમિયાન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા મહત્વના મુદ્દાની પણ છણાવટ કરવાની તકને ઝડપી હતી. શી જિનપિંગે તેનો મત રજૂ કરતા કહ્યું હતુ કે, 'ચીન અને અમેરિકા આ ક્ષેત્રમાં વિશ્વના અગ્રણી દેશો છે, તેથી તેનો વિકાસ યોગ્ય દિશામાં થાય, તે જોવાની બંનેની સંયુક્ત જવાબદારી છે. AI નો વિકાસ હંમેશા માનવીના નિયંત્રણ હેઠળ રહેવો જોઈએ. અને તેનો ઉપયોગ ફક્ત લોકોના કલ્યાણ અને સારા કાર્યો માટે જ થવો જોઈએ. આ સાથે જ તેમણે અમેરિકામાં ચીની કંપનીઓ સાથે પણ નિષ્પક્ષ વ્યવહારની આશા સેવી હતી.

જિનપિંગની વાત સાંભળ્યા બાદ ટ્રમ્પે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ મુદ્દે કહ્યું હતું કે, 'આ એક સુપર ઈન્ટેલિજન્સ છે અને તે અમારી વાતચીતનો મુખ્ય મુદ્દો છે. અમે બંને સુરક્ષા, ટેક્નોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે જોડાયેલા મહત્વપૂર્ણ વિષયો પર વિચારવિમર્શ કરી રહ્યા છીએ. આ ક્ષેત્રોમાં અમે જે પણ નિર્ણયો લઈશું તે આવનારા ઘણા દાયકાઓ સુધી વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિને દિશા આપશે.

અમેરિકાની મુલાકાત દરમિયાન શી જિનપિંગે ચીન-અમેરિકા સંબંધોને એક સ્થિર ભવિષ્ય તરફ લઈ જવા માટે ટ્રમ્પ સાથે કામ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી બંને દેશોના સહયોગથી વિશ્વની ઘણી સમસ્યાઓનું સમાધાન મળવાનો રસ્તો ખુલવાની આશા વ્યક્ત કરી હતી.

બંને રાષ્ટ્રપ્રમુખોની બેઠક અગાઉ બંને દેશો વેપાર યુદ્ધ રોકવા માટે અગાઉ થયેલી સમજૂતીને આગળ વધારવા પર સહમત થયા હોવાની જાહેરાત પણ થઈ હતી. અગાઉના ટ્રેડ વૉર દરમિયાન અમેરિકાએ ચીની સામાન ઉપર 145 ટકા સુધી અને ચીને પણ જવાબમાં અમેરિકી સામાન ઉપર 125 ટકા સુધી ડ્યુટી લગાવી હતી. પરંતુ જિનપિંગના આ પ્રવાસ બાદ ડ્યુટી ઘટીને બાદ અમેરિકામાં ચીની ઉત્પાદનો માટે સરેરાશ 47 ટકા અને ચીનમાં વેચાતા યુએસના ઉત્પાદનો માટે 30 ટકા કરવાનો નિર્ણય કરાયો હતો. આ ઐતિહાસિક મુલાકાત દરમિયાન શી જિનપિંગે ભૂતકાળમાં સાથે લડેલા સૈનિકોને યાદ કરી આગામી 5 વર્ષમાં સ્ટડી એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ 100,000 અમેરિકન યુવાનોને ચીન આવવાનું આમંત્રણ આપ્યું હતું, તેમજ એટલાન્ટા ઝૂ ખાતે બે પાંડા મોકલી પોતાની પરંપરાગત પાંડા ડિપ્લોમસી થકી મિત્રતાનો સંદેશ આપ્યો હતો.

જિનપિંગની આ મુલાકાતથી હવે કદાચ બે દેશ વચ્ચે સારા સબંધોની આશા જાગી છે. વેપાર યુદ્ધને ફરી ઉગ્ર બનતા અટકાવવું, ટેક્નોલોજી અને AI અંગે સંવાદ જાળવવો અને તાઈવાન જેવા સંવેદનશીલ મુદ્દાઓ ઉપર સીધો સંપર્ક વૈશ્વિક સ્થિરતા માટે આવશ્યક છે. જો કે, ટ્રમ્પ અને જિનપિંગ વચ્ચેની આ રાજદ્વારી ઉષ્મા કેટલા સમય સુધી ટકી રહેશે તે પણ એક સવાલ છે. કારણ કે અમેરિકા-ચીન સંબંધોમાં સહકારની જરૂરિયાત જેટલી વાસ્તવિક છે, એટલી જ બંને મહાસત્તાઓ વચ્ચેની વ્યૂહાત્મક સ્પર્ધા પણ વાસ્તવિક છે.

**બેઠકમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, વેપાર, ટેક્નોલોજી, તાઇવાન અને બંને દેશોના સૈન્ય વચ્ચે નિયમિત સંવાદ સહિતના અનેક મુદ્દે છણાવટ થઈ. જો બંને મહારાથીઓ હવે તેમના વચનને અનુસરે તો દુનિયાને મોટો લાભ થશે**

## ગણેશજી પ્રત્યેની ભક્તિ, સમાજની એકતા અને સંસ્કારના સંવર્ધનનો યાદગાર અને દિવ્ય અવસર

# હરિપ્રબોધમ્ દ્વારા ગણેશોત્સવ : છપ્પન ભોગ-શોભાયાત્રાનું આકર્ષણ






### મિસિસાગામાં 150થી વધુ બાળકોની ઉત્સાહભરી ભાગીદારી અને 1500થી વધુ હરિભક્તોની ઉપસ્થિતિમાં યોજાયો ભજન જૅમિંગ કાર્યક્રમ અને જલઝિલણી ઉત્સવ, સત્યનારાયણ ભગવાનની કથા બાદ ભજન કિર્તન સાથે શોભાયાત્રા યોજી દિવ્ય વાતાવરણમાં બાપ્પાને વિદાય અપાઈ



**મિસિસાગા**

હરિપ્રબોધમ્ કેનેડા દ્વારા આયોજિત ગણેશોત્સવ ૨૦૨૬ દરમિયાન શુક્રવાર, શનિવાર અને રવિવારે યોજાયેલા ધાર્મિક, સાંસ્કૃતિક અને પારિવારિક કાર્યક્રમોએ ભક્તોમાં વિશેષ ઉત્સાહ અને આનંદનો માહોલ સર્જ્યો હતો. ભગવાન ગણેશજી પ્રત્યેની ભક્તિ, ભારતીય સંસ્કૃતિ પ્રત્યેની ગૌરવ ભાવના અને સમાજની એકતાનું સુંદર દર્શન કરાવતા આ કાર્યક્રમોમાં હજારો ભક્તોએ ઉપસ્થિત રહી ભગવાનના આશીર્વાદનો લાભ લીધો હતો. શુક્રવાર, 18 સપ્ટેમ્બરના રોજ ભગવાન ગણેશજીને વિશિષ્ટ છપ્પન ભોગ અર્પણ કરવામાં આવ્યો હતો. હરિભક્તોએ ભાવપૂર્વક વિવિધ પ્રકારની મીઠાઈઓ, ફળો, ફરાળ અને અન્નકૂટરૂપ વિવિધ વાનગીઓ ભગવાનના ચરણોમાં સમર્પિત કરી હતી. ત્યારબાદ આરતી અને ભજન-કીર્તન દ્વારા સમગ્ર હિન્દુ સ્વામિનારાયણ મંદિર ભક્તિમય બની ગયું હતું. હરિભક્તોએ વિઘ્નહર્તા ભગવાન ગણેશજીના ચરણોમાં પ્રાર્થના કરી કે, તેમના જીવનમાંથી તમામ વિઘ્નો દૂર થાય અને ભક્તિ તથા સદાચારનો માર્ગ વધુ દૃઢ બને. શનિવારે બાળકો અને પરિવારો માટે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં 150થી વધુ નાના બાળકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. બાળકો માટે યોજાયેલી વિવિધ પ્રવૃત્તિઓમાં લેગો સ્પર્ધા, આરતી થાળી સ્પર્ધા તેમજ પ્લે-ડોઉ દ્વારા ગણેશજીની મૂર્તિ બનાવવાની પ્રવૃત્તિઓ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી. બાળકોએ પોતાની સર્જનાત્મકતા અને કલ્પનાશક્તિનો સુંદર પરિચય આપતાં ભગવાન ગણેશજીની વિવિધ મૂર્તિઓ તૈયાર કરી હતી. આ પ્રવૃત્તિઓનો મુખ્ય હેતુ બાળકોને તેમની મનગમતી અને આનંદદાયક પ્રવૃત્તિઓ દ્વારા ભક્તિ સાથે જોડવાનો હતો. રમતાં-રમતાં ભક્તિના સંસ્કારોનું સિંચન થાય અને ભગવાન પ્રત્યે પ્રેમ તથા લાગણી કેળવાય તેવો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સાંજે યોજાયેલી ભવ્ય મહા આરતીમાં ભક્તોએ ભાગ લીધો હતો. બાળકોએ શણગારેલી આરતીની થાળીઓ સાથે સમૂહ આરતી કરાઈ હતી, જેના કારણે સમગ્ર વાતાવરણ દિવ્ય પ્રકાશ અને ભક્તિથી ઝગમગી ઉઠ્યું હતું. તે બાદ યોજાયેલા વિશિષ્ટ ભજન જૅમિંગ કાર્યક્રમમાં ૧૫૦૦થી વધુ હરિભક્તોએ ભાગ લીધો હતો. ટોરોન્ટો રિધમ ટીમ દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલા કીર્તનો અને સંગીતમય કાર્યક્રમે સમગ્ર સભાને ભક્તિરસમાં તરબોળ કરી દીધી હતી. કીર્તન-ભક્તિના માધ્યમથી ઉપસ્થિત સૌએ ભગવાન ગણેશજીના મહિમાનું ગાન કરી પોતાની હૃદયની ભક્તિ અર્પણ કરી હતી. આ સાથે મંદિર પરિસરની બહાર વિશેષ ફેસ્ટિવલ બજારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ સ્ટોલોમાં ફરસાણ, ફાસ્ટ ફૂડ, બેકરી આઈટમ્સ તથા અન્ય સ્વાદિષ્ટ વાનગીઓની વ્યવસ્થા કરવામાં આવી હતી. હરિભક્તોએ પરિવાર અને મિત્રો સાથે આ બજારનો આનંદ માણ્યો હતો અને સમગ્ર વાતાવરણ ઉત્સવમય બની ગયું હતું. રવિવાર, 20 સપ્ટેમ્બરના રોજ સવારે પવિત્ર સત્યનારાયણ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત ભક્તોએ કથા-શ્રવણ દ્વારા ધર્મ, ભક્તિ અને સદાચારના જીવનમૂલ્યોનું મનન કર્યું હતું. ત્યારબાદ ઉત્થાપન વિધિ સંપન્ન કરવામાં આવી હતી. બપોરે યોજાયેલા વિસર્જન અને જલઝિલણી ઉત્સવમાં ૧૦૦૦ થી વધુ ભક્તોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ભગવાન ગણેશજીની ભવ્ય શોભાયાત્રા પણ યોજાઈ હતી. ભગવાન ગણેશજીની સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણ, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી તથા ગુણાતીત ગુરુપરંપરાના દર્શન કરાવતી શોભાયાત્રાએ સમગ્ર વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. જયઘોષ, ભજન અને ભાવપૂર્વકની



પ્રાર્થનાઓ વચ્ચે ભક્તોએ ભગવાન ગણેશજીને વિદાય અર્પણ કરી હતી.

આ પ્રસંગે વિશેષ જલઝિલણી ઉત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. મંદિર પરિસરમાં સુંદર રીતે તૈયાર કરવામાં આવેલા જળકુંડમાં હરિભક્તોને લાલજી મહારાજને નૌકાવિહાર કરાવવાનો અનોખો લાભ પ્રાપ્ત થયો હતો. નાના-મોટા સૌ હરિભક્તોએ ભાવપૂર્વક નૌકાવિહાર કરાવી ભગવાન પ્રત્યેની પોતાની ભક્તિ અર્પણ કરી હતી. બાળકો, યુવાનો, વડીલો અને પરિવારો સૌએ મળીને આ મહોત્સવને યાદગાર બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આમ, હરિપ્રબોધમ્ ગણેશોત્સવ ૨૦૨૬ ભગવાન ગણેશજી પ્રત્યેની ભક્તિ, સમાજની એકતા અને સંસ્કારના સંવર્ધનનો એક દિવ્ય અને યાદગાર મહોત્સવ બની રહ્યો હતો.




MOTEL & HOTEL FOR SALE

NIRAJ PANCHOLI, REALTOR®

Mechanical Engineer (Ahmedabad, India)

Cell: 647-866-2790

Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Motels, Hotels, Commercial and Residential Properties Since 2011
Visit my website for new and updated Exclusive and MLS listings




MOTEL KING: Specializing in Selling Motels, Proven Records of SOLD over 50 Motels & Hotels in ONTARIO

WINDSOR FRANCHISE HOTEL, 90+ROOM I $7.2M
Fully Renovated Rooms, No PIP, 3.5 Arec Lot

COCHRANE MOTEL, 43 ROOM & RESTAURANT I $4.2M
6 Acre Lot Right on Hwy 11, Year-round profitable business
Absentee Owner, Excellent NOI and Cap Rate, VTB available

GANANOQUE HOTEL, 54 ROOM, RESTAURANT & BAR I $4.9M
Well-maintained Rooms, Profitable year-round operation. Close to Hwy 401, Casino and 1000 Island Cruise Line. Excellent Net Income, Great Investment.

HUNTSVILLE MOTEL, 17 ROOM - $2.3M
In the downtown, Absentee Owner for last 4 years. Great opportunity for the Owner Operator to grow

GRAVENHURST MOTEL & RESTAURANT, 21 ROOM - $1.5M
Rooms are on monthly basis on long-term. 3 Acre lot in Muskoka area, Selling AS IS – Ideal for Builders/Renovators

HUNTSVILLE FRANCHISE MOTEL, 36 ROOM – ASKING $3.9M
Newer, well-maintained property comes with separate 2-bedroom detached house. Easy operation. Ideal for Owner operator

ALBERTA – FRANCHISE & NON-FRANCHISE MOTELS
1-2 hours from Calgary and Edmonton
Price range: $800,000 to $3,500,000. Call for more info.

Motel Job: Front desk, housekeeping and general work in Ontario
Partnership: Working Partner, Min $200,000 investment (PR or Citizen), good English and computer knowledge. Location: Ontario & Alberta

Century 21 People's Choice Realty Inc. 120 Matheson Blvd E #103, Mississauga, Ontario (cell; 647-866-2790 I email: ncpancholi@gmail.com)
Brilliant Realty, 1135 64 Ave SE #202, Calgary, T2H 2J7, Alberta (cell: 647-866-2790 I email: niraj.alberta@gmail.com)

MOTEL & HOTEL OWNERS: Thinking of Selling! Call ASAP, I have qualified BUYERS ready for Any Size, Any Price, Any Location

# બ્રામ્પ્ટનમાં મુક્તિ ફાઉન્ડેશનની ભવ્ય મીટ એન્ડ ગ્રીટ

**ફાઉન્ડેશન પરિવારના 250થી વધુ સભ્યો એક મંચ પર આવ્યા: નવા પ્રોફેશનલ પ્લાસ્ટિક મેમ્બરશિપ કાર્ડ્સનું વિતરણ, સભ્યોને હળવા અને આત્મીય વાતાવરણમાં એકબીજાને મળવાની અને ઓળખાણ વધારવા તક મળી : પરસ્પર સહયોગ અને ગૌરવપૂર્ણ અંતિમ સંસ્કારની સેવાને વધુ મજબૂત બનાવવા સંકલ્પ**

**બ્રામ્પ્ટન**

મુક્તિ ફાઉન્ડેશન દ્વારા બ્રામ્પ્ટનના પોલ પેલેસ્કી રિક્રિએશન સેન્ટર ખાતે સભ્યો માટે સફળ મીટ એન્ડ ગ્રીટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે 100થી વધુ સભ્યો ઉપસ્થિત રહ્યા અને પરસ્પર મુલાકાત, મિત્રતા, નેટવર્કિંગ તથા સામુદાયિક જોડાણનો આનંદ માણ્યો હતો.

આ કાર્યક્રમ દ્વારા સભ્યોને હળવા અને આત્મીય વાતાવરણમાં એકબીજાને મળવાની અને ઓળખાણ વધારવાની તક મળી હતી. કેટલાક સભ્યો માટે મુક્તિ ફાઉન્ડેશનના અન્ય સભ્યોને રૂબરૂ મળવાની આ પ્રથમ તક હતી. ઉપસ્થિત સભ્યોએ એકબીજાના સ્વાસ્થ્ય અને સુખાકારી વિશે જાણકારી મેળવી, જૂની મિત્રતાની યાદો તાજી કરી, નવી ઓળખાણો બનાવી અને સતત વિકસતા મુક્તિ ફાઉન્ડેશન પરિવારના અન્ય સભ્યો સાથે સમય વિતાવ્યો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં મુક્તિ ફાઉન્ડેશનના ચેરપર્સન જિયાન પોલએ તમામ સભ્યોનું હાર્દિક સ્વાગત કર્યું અને ફાઉન્ડેશનની સ્થાપનાનો વિચાર, હેતુ, ઉદ્દેશ્યો અને કાર્યપદ્ધતિ વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે, મુક્તિ ફાઉન્ડેશનની સ્થાપના કરુણા, ગૌરવ અને સામુદાયિક સહયોગની ભાવના સાથે કરવામાં આવી છે. તેનો એક મહત્વપૂર્ણ હેતુ મુશ્કેલ સમયમાં સભ્યો અને પરિવારોને ગૌરવપૂર્ણ અંતિમ સંસ્કારની વ્યવસ્થા કરવામાં સહાયરૂપ થવાનો છે.




જિયાન પોલે ફાઉન્ડેશનની સતત વધતી સભ્ય સંખ્યા વિશે પણ માહિતી આપી અને જણાવ્યું કે, અત્યાર સુધીમાં 250થી વધુ સભ્યો મુક્તિ ફાઉન્ડેશન સાથે જોડાઈ ચૂક્યા છે, જ્યારે નવા સભ્યોનું નોંધણી કાર્ય સતત ચાલુ છે.

“વધતી સભ્ય સંખ્યા દર્શાવે છે કે, સમુદાયમાં મુક્તિ ફાઉન્ડેશનના વિચાર પ્રત્યે વિશ્વાસ અને રસ વધી રહ્યો છે. આજના જેવા કાર્યક્રમો પણ એટલા જ મહત્વપૂર્ણ છે. કારણ કે, મુક્તિ ફાઉન્ડેશન માત્ર મુશ્કેલ સમયમાં એકબીજાની સાથે ઊભા રહેવા માટે જ નથી, પરંતુ આપણે સાથે હોઈએ ત્યારે સંબંધો મજબૂત કરવા, એકબીજાની કાળજી લેવા અને સતત જોડાયેલા રહેવા માટે પણ છે. મુક્તિ ફાઉન્ડેશનના સભ્ય કમલ પુરીએ ફાઉન્ડેશન અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા અને સભ્યોને એક મંચ પર લાવવાના આ પ્રયાસની પ્રશંસા કરી હતી. તેમણે સભ્યો વચ્ચે વ્યક્તિગત સંપર્ક જાળવવા તથા એકતા અને સામુદાયિક ભાવના વધુ મજબૂત બનાવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

ભૂપિન્દર પાલ ડાંગએ પણ સભ્યોને સંબોધિત કર્યા અને મુક્તિ ફાઉન્ડેશનના વિચાર તથા તેની કામગીરીના મહત્વ વિશે વાત કરી હતી. તેમણે કરુણા, ગૌરવ અને પરસ્પર સહયોગ જેવા સામાન્ય મૂલ્યોના આધારે લોકોને એકસાથે લાવવામાં ફાઉન્ડેશનની ભૂમિકાને બિરદાવી હતી. આ પ્રસંગે બ્રામ્પ્ટન સેન્ટરના સાંસદ અમનદીપ સોધી અને રોવેના સાન્તોસ તરફથી વિશેષ સંદેશાઓ પણ આપવામાં આવ્યા હતા, જેમાં મુક્તિ ફાઉન્ડેશનના સામુદાયિક જોડાણને મજબૂત કરવાના પ્રયાસોની પ્રશંસા કરવામાં આવી હતી. રોવેના સાન્તોસ પોતે પણ મુક્તિ ફાઉન્ડેશનના સભ્ય છે, જેના કારણે આ પ્રસંગ સાથે તેમનું વિશેષ વ્યક્તિગત જોડાણ પણ રહ્યું હતુ.

કાર્યક્રમનું એક વિશેષ આકર્ષણ મુક્તિ ફાઉન્ડેશનના નવા પ્રોફેશનલ પ્લાસ્ટિક મેમ્બરશિપ કાર્ડ્સનું વિતરણ હતું. પરંપરાગત કાગળ કે બિઝનેસ કાર્ડના બદલે આ કાર્ડ્સ ટકાઉ અને ક્રેડિટ કાર્ડ જેવી ડિઝાઈનમાં તૈયાર કરવામાં આવ્યા છે. આ નવા કાર્ડ્સ ફાઉન્ડેશનની સભ્યપદ્ધતિને વધુ વ્યવસ્થિત અને વ્યાવસાયિક બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

કાર્યક્રમ દરમિયાન હળવા નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી, ફાઉન્ડેશનના મુખ્ય પ્રવક્તા જસવિંદર કૌરએ આભારવિધિ કરી હતી. જેમાં કાર્યક્રમમાં હાજરી આપીને મીટ એન્ડ ગ્રીટને સફળ અને અર્થપૂર્ણ બનાવનાર તમામ સભ્યોનો હાર્દિક આભાર માન્યો હતો. કાર્યક્રમના સમાપન સમયે જિયાન પોલએ સભ્યોના સતત વિશ્વાસ, સહભાગિતા અને સહયોગ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે, મુક્તિ ફાઉન્ડેશન ભવિષ્યમાં પણ તેના સભ્યો અને વિશાળ સમુદાય માટે નવી પહેલો અને પ્રવૃત્તિઓ વિકસાવતું રહેશે. જિયાન પોલે જણાવ્યું અને આગામી મહિનાઓ તથા વર્ષોમાં ફાઉન્ડેશનની સેવાઓ, સભ્ય સંખ્યા અને સામુદાયિક જોડાણને વધુ મજબૂત બનાવવા અમે પ્રતિબદ્ધ છીએ.

# ટ્રમ્પનું અમેરિકા આર્કટિક માટે સૌથી મોટો ખતરો : ઉત્તર કેનેડાના ૪૮% લોકોનો મત

**પરંપરાગત મિત્ર દેશ સામે વધતો અવિશ્વાસ: રશિયા અને ચીન પાછળ છૂટ્યા**

**ક્યુબેક**

કેનેડાના ઉત્તરીય વિસ્તારોમાં રહેતા લગભગ અડધા લોકો રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વ હેઠળના અમેરિકાને આર્કટિકની સુરક્ષા માટે સૌથી મોટો ખતરો માને છે. ક્યુબેકની સંસ્થા ‘ઓબ્ઝર્વેટોઈર ડી લા પોલિટિક એટ લા સિક્યુરિટી ડી લ’આર્કટિક’ના સંશોધકો માટે હાથ ધરવામાં આવેલા આ સર્વેક્ષણમાં નુનાવુત, નોર્થવેસ્ટ ટેરિટરીઝ, યુકોન અને નુનાવિકના રહેવાસીઓને પૂછવામાં આવ્યું હતું કે, કયા દેશો સૌથી મોટો ખતરો ઊભો કરે છે. તેના જવાબમાં ૪૮ ટકા લોકોએ અમેરિકાને આ પ્રદેશ માટે સૌથી મોટો ખતરો ગણાવ્યો હતો. ત્યારબાદ રશિયાને ૩૦ ટકા અને ચીનને ૧૨ ટકા લોકોએ ખતરો ગણાવ્યા હતા. ગયા સપ્ટેમ્બરમાં ૩૭ ટકા લોકોએ અમેરિકાને સૌથી મોટો ખતરો ગણાવ્યો હતો. તે સમયે મોસ્કોને ૩૫ ટકા અને બેઈજિંગને ૧૭ ટકા લોકોએ જોખમી ગણાવ્યા હતા. લેન્ડ્રિયાલ્ટે કહ્યું કે પેઢીઓથી, કેનેડા અને અમેરિકાએ ઉત્તરીય સુરક્ષા અને ખંડીય સંરક્ષણ બાબતે ગાઢ સહયોગ સાધ્યો છે, જેમાં ભૂતપૂર્વ સોવિયેત સંઘ તેમનો મુખ્ય વિરોધી હતો. પરંતુ પાડોશી દેશ યુક્રેન સામે યુદ્ધ કરવાની રશિયાની તૈયારી હોવા છતાં, કેનેડાના જોડાણ અંગે ટ્રમ્પના નિવેદનો અને ગ્રીનલેન્ડ અંગેની ધમકીઓએ ઉત્તરીય વિસ્તારોના નાગરિકોને સ્પષ્ટપણે હચમચાવી દીધા છે. સર્વેમાં સામેલ લોકોમાંથી ૬૦ ટકાએ કહ્યું કે, કેનેડાએ આર્કટિકના પોતાના હિસ્સાના રક્ષણ માટે “કડક વલણ” અપનાવવું જોઈએ, જ્યારે માત્ર ૨૬ ટકા લોકોનું માનવું હતું કે “વાટાઘાટો દ્વારા સમાધાન” કરવું વધુ સારું છે.

આ મતદાન ત્યારે પણ થયું છે જ્યારે કેનેડા યુરોપિયન યુનિયન સાથે વધુ સહયોગની શોધ કરી રહ્યું છે, જેમાં આર્કટિકનો પણ સમાવેશ થાય છે.

# કેનેડા - ફ્રાન્સ વચ્ચે સ્પેસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આર્થિક વિકાસ માટે કામ કરવાનો સંકલ્પ

ઓન્ટેરિયો : કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને અવકાશ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વેપાર અને આર્થિક વિકાસ સહિતના ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચે સહકાર વધુ મજબૂત કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો છે. સેન્ટ-પિયર-એટ-મિકેલોનમાં પત્રકારો સાથે વાત કરતાં કાર્નીએ જણાવ્યું હતુ કે, બંને દેશોની અવકાશ એજન્સીઓ અને સંરક્ષણ મંત્રાલયોને અવકાશ પ્રક્ષેપણ પ્રણાલીઓ તથા જમીન આધારિત સ્વાગત સુવિધાઓ સહિતની કેટલીક સંયુક્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા અને વહેંચવા માટે કામ સોંપવામાં આવશે. એટલાન્ટિક કેનેડા અને સેન્ટ-પિયર-એટ-મિકેલોન વચ્ચેની પ્રાદેશિક સંયુક્ત સહકાર સમિતિને આર્થિક વિકાસ ઉપરાંત ઊર્જા સંક્રમણ અને આબોહવા સ્થિતિસ્થાપકતા જેવા ક્ષેત્રોમાં પણ કામગીરી વિસ્તારવા માટે જવાબદારી સોંપવામાં આવશે.

બંને દેશોના વેપારી સમુદાયો વચ્ચેના સંબંધોને મજબૂત કરવા ચેમ્બર ઓફ કોમર્સ પણ સહકાર વધારી રહ્યા છે. કેનેડિયન અને ફ્રેન્ચ ચેમ્બર ઓફ કોમર્સ આગામી અઠવાડિયામાં એક કરાર પર હસ્તાક્ષર કરે તેવી અપેક્ષા છે.

કાર્ની રવિવારે મેક્રોન સાથે મુલાકાત માટે સેન્ટ-પિયર-એટ-મિકેલોન પહોંચ્યા હતા. એરપોર્ટ પર બંને નેતાઓએ પરસ્પર મુલાકાત કરી હતી. બાદમાં તેમણે વર્કિંગ લંચમાં ભાગ લીધો અને બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ફ્રી ફ્રેન્ચ સ્વયંસેવકો દ્વારા દ્વીપસમૂહની મુક્તિની સ્મૃતિમાં આયોજિત સમારોહમાં પુષ્પાંજલિ અર્પણ કરી હતી. મેક્રોનના કાર્યાલય અનુસાર, સેન્ટ-પિયર-એટ-મિકેલોનની સત્તાવાર મુલાકાત લેનારા કાર્ની પ્રથમ કેનેડિયન વડાપ્રધાન છે. જ્યારે મેક્રોન એક દાયકાથી વધુ સમય બાદ આ ટાપુસમૂહની મુલાકાત લેનારા પ્રથમ ફ્રેન્ચ રાષ્ટ્રપતિ છે.



પીએમ માર્ક કાર્ની અને રાષ્ટ્રપતિ મેક્રોનની મુલાકાત: સ્પેસ પ્રોજેક્ટ્સ અને કોમન માળખાકીય સુવિધાઓ વિકસાવવા પર ભાર મુકાયો

કેનેડિયન ચેમ્બર ઓફ કોમર્સની પ્રમુખ અને સીઈઓ કેન્ડેસ લાઈંગે જણાવ્યું કે સંસ્થાએ ફ્રેન્ચ વેપારી સમુદાય સાથેના સંબંધો વધુ ગાઢ બનાવવાની પ્રક્રિયા શરૂ કરી છે. ગયા જૂનમાં પેરિસમાં કેનેડિયન વેપારી નેતાઓના વેપાર પ્રતિનિધિમંડળનું નેતૃત્વ પણ કરવામાં આવ્યું હતું.

# પીલ પોલીસની તપાસમાં 23 બંદૂકો જપ્ત

**4 આરોપીઓ સામે 58 કેસ નોંધાયા ; 14 બંદૂકો GTAની ગોળીબારની ઘટનાઓ સાથે જોડાયેલી**

**મિસિસાગા**

પીલ રિજનલ પોલીસે ગેરકાયદે હથિયારોની હેરાફેરી સામે હાથ ધરેલી 10 મહિનાની તપાસમાં મોટો પર્દાફાશ કર્યો છે. ‘પ્રોજેક્ટ રેડ ઝોન’ હેઠળ પોલીસે કુલ 23 બંદૂકો જપ્ત કરી છે, જેમાંથી 15 બંદૂકો અમેરિકાથી કેનેડા પહોંચાડવામાં આવી હોવાનું સામે આવ્યું છે. જપ્ત કરાયેલી અનેક બંદૂકો કેનેડામાં પ્રતિબંધિત છે. ડિટેક્ટિવ સાર્જન્ટ માર્ક મેઝોકાટોએ મંગળવારે જણાવ્યું હતું કે, કાર્યવાહી દરમિયાન 950થી વધુ રાઉન્ડ દારૂગોળો અને આશરે 825 ગ્રામ કોકેઈન પણ જપ્ત કરવામાં આવ્યું છે. આ તપાસ ઓક્ટોબર 2025માં શરૂ થઈ હતી. વિસ્તારમાં ગેરકાયદે હથિયારોની હેરાફેરી અંગે માહિતી મળ્યા બાદ તપાસકર્તાઓએ મિસિસાગા, અજાક્સ અને સ્કારબોરોમાં ચાર સર્ચ વોરંટ હેઠળ કાર્યવાહી કરી હતી. પીલ પોલીસના ડેપ્યુટી ચીફ નિક મિલિનોવિચે જણાવ્યું હતું કે ગેરકાયદે હથિયારોના કેસોમાં અમેરિકાથી થતી હેરાફેરી એક મહત્વપૂર્ણ પડકાર છે. તપાસના પરિણામો GTA સહિત દેશના અન્ય વિસ્તારોમાં ઊભી થયેલી હકીકતનું ઉદાહરણ છે.

પોલીસે જણાવ્યું કે, જપ્ત કરાયેલી 23 બંદૂકોમાંથી 14નો સંબંધ GTAમાં બનેલી વિવિધ ગોળીબારની ઘટનાઓ સાથે હોવાનું તપાસમાં સામે આવ્યું છે. તેમાંથી એક બંદૂકનો ઉપયોગ માર્ચ 2024માં મિસિસાગાના ક્વીન્સવે અને ડિક્સી રોડ વિસ્તારમાં થયેલા ગોળીબારમાં થયો હતો. આ ઘટનામાં બે વ્યક્તિઓને ગોળી વાગી હતી. ટોરોન્ટોના 28 વર્ષીય યુવકનું મૃત્યુ થયું હતું, જ્યારે અન્ય વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ હતી. આ ઘટનામાં વપરાયેલી બંદૂક ટેક્સાસથી કેનેડા આવી હતી.

# મહિલાઓમાં કોલેસ્ટરોલ વધવાના કારણો અને તેના ઉપાયો જાણો

આજના ભાગદોડભર્યા જીવનમાં હૃદય સંબંધિત સમસ્યાઓ ખૂબ ઝડપથી વધી રહી છે. તેમાં પણ કોલેસ્ટરોલનું અસંતુલન એક મુખ્ય કારણ છે.

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે પુરુષોમાં કોલેસ્ટરોલની સમસ્યા વધુ જોવા મળે છે, પરંતુ સ્ત્રીઓમાં પણ ખાસ કરીને ૩૦-૪૦ વર્ષની ઉંમર પછી અથવા મેનોપોઝ (માસિક ધર્મ બંધ થયા) પછી હાઈ કોલેસ્ટરોલનું જોખમ નોંધપાત્ર રીતે વધી જાય છે.

શરીરમાં બે પ્રકારના કોલેસ્ટરોલ હોય છે: HDL (સારું કોલેસ્ટરોલ) અને LDL (ખરાબ કોલેસ્ટરોલ). જ્યારે લોહીમાં ખરાબ કોલેસ્ટરોલનું પ્રમાણ વધે છે, ત્યારે ધમનીઓમાં પ્લેક જામવા લાગે છે, જે ભવિષ્યમાં હાર્ટ એટેક કે સ્ટ્રોકનું કારણ બની શકે છે.

## સ્ત્રીઓમાં કોલેસ્ટરોલ વધવાનાં મુખ્ય કારણો

**હોર્મોનલ ફેરફાર**

મેનોપોઝ દરમિયાન ઈસ્ટ્રોજન હોર્મોનનું સ્તર ઘટવા લાગે છે, જે ખરાબ કોલેસ્ટરોલ (LDL) વધારવા માટે જવાબદાર છે.

**અસંતુલિત આહાર**

તળેલું, પ્રોસેસ્ડ ફૂડ, જંક ફૂડ અને વધુ પડતી ખાંડ કે સંતૃપ્ત ચરબીનું સેવન.

**શારીરિક પ્રવૃત્તિનો અભાવ**

પૂરતો વ્યાયામ કે શારીરિક શ્રમ ન કરવો.

**વજન અને તણાવ**

સ્થૂળતા અને માનસિક તણાવ પણ કોલેસ્ટરોલનું સ્તર બગાડે છે.

## કોલેસ્ટરોલ દૂર કરવા અને અંકુશમાં રાખવાના સરળ ઉપાયો

સ્ત્રીઓએ પોતાના રોજિંદા જીવનમાં કેટલાક સરળ અને સકારાત્મક ફેરફારો કરીને કોલેસ્ટરોલને કુદરતી રીતે નિયંત્રણમાં રાખવું જોઈએ.



**ફાઈબરયુક્ત ખોરાક**

આહારમાં ઓટ્સ, દાળિયા, કઠોળ, સફરજન, જામફળ અને લીલાં શાકભાજીનું પ્રમાણ વધારવું. ફાઈબર લોહીમાંથી ખરાબ કોલેસ્ટરોલને શોષીને બહાર કાઢવામાં મદદ કરે છે.

**સ્વાસ્થ્યપ્રદ ફેટ પસંદ કરો**

રસોઈમાં શુદ્ધ તેલનો મર્યાદિત ઉપયોગ કરવો. બદામ, અખરોટ, અળસી અને તલ જેવા સૂકા મેવા તથા બીજનું સેવન કરવું, જેમાં ઓમેગા-૩ ફેટી એસિડ હોય છે.

**પ્રોસેસ્ડ ફૂડ બંધ કરો**

પેક્ડ ફૂડ, બેકરી પ્રોડક્ટ્સ (બિસ્કિટ, કેક), ચીઝ અને વધુ પડતા તળેલા ખોરાકથી દૂર રહેવું.

**નિયમિત વ્યાયામ**

નિયમિત વ્યાયામ અને શારીરિક સક્રિયતા ખૂબ જરૂરી છે. રોજ ઓછામાં ઓછી ૩૦ મિનિટ ઝડપી ચાલવું,યોગ, એરોબિક્સ કે સાઈકલિંગ કરવું. નિયમિત કસરત કરવાથી શરીરમાં સારા કોલેસ્ટરોલ નું સ્તર વધે છે અને વજન અંકુશમાં રહે છે.

## ઘરગથ્થુ અને કુદરતી ઉપચાર

લસણ : રોજ સવારે નયણા કોઠે લસણની ૧-૨ કળીઓ પાણી સાથે લેવાથી કોલેસ્ટરોલ ઘટાડવામાં મદદ મળે છે.

મેથી અને અળસી : અળસીના પાઉડરનું સેવન અથવા રાત્રે પલાળેલી મેથીનું પાણી પીવું હૃદયના સ્વાસ્થ્ય માટે ઉત્તમ ગણાય છે.

ગ્રીન ટી : ગ્રીન ટીમાં રહેલા એન્ટિ-ઓક્સિડન્ટ્સ ખરાબ કોલેસ્ટરોલને ઘટાડે છે.

તણાવ અને અપૂરતી ઊંઘ માનસિક તણાવ હોર્મોનલ અસંતુલન ઊભું કરે છે, તેથી ધ્યાન પ્રાણાયામ અને રોજ ૭ થી ૮ કલાકની પૂરતી ઊંઘ લેવી જરૂરી છે. બને તેટ્અલાં સકારાત્મક વિચારો કરો.

## બચાવ માટે ધ્યાનમાં રાખવા જેવી બાબતો

**નિયમિત હેલ્થ ચેકઅપ**

૩૦-૩૫ વર્ષની વય વટાવ્યા પછી દર વર્ષે અથવા ડોક્ટરની સલાહ મુજબ લિપિડ પ્રોફાઈલ ટેસ્ટ કરાવવો જોઈએ.

**સ્વ-દવા ન કરવી**

જો કોલેસ્ટરોલનું સ્તર ખૂબ વધારે હોય, તો માત્ર ઘરગથ્થુ ઉપચાર પર આધાર રાખવાને બદલે નિષ્ણાત ડૉક્ટરની સલાહ લઈ યોગ્ય સારવાર શરૂ કરવી.

સ્ત્રીઓ સમગ્ર પરિવારના સ્વાસ્થ્યની સંભાળ રાખતી હોય છે, પરંતુ પોતાની સંભાળ રાખવી પણ એટલી જ જરૂરી છે. સ્ત્રીઓ માટે પોતાની જાત સૌથી છેલ્લા ક્રમાંકે આવતી હોય છે, કોઈપણ સમસ્યા હોય, માનસિક સમસ્યા હોય તો પણ એની અસર શરીર ઉપર થતી હોય છે.

યોગ્ય આહાર, સક્રિય જીવનશૈલી અને સકારાત્મક વિચારસરણી અપનાવીને સ્ત્રીઓ કોલેસ્ટરોલની સમસ્યાથી મુક્ત થઈને સ્વસ્થ અને દીર્ઘાયુ જીવન જીવી શકે છે.

# રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર: 'મારણ' શ્રેષ્ઠ ગુજરાતી તેમજ 'આર્ટિકલ 370' શ્રેષ્ઠ ફીચર ફિલ્મ

કેવડિયા : ભારતીય સિનેમામાં વર્ષ 2024 દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદાન કરનારા કલાકારો, ફિલ્મ નિર્માતાઓ અને ટેક્નિશિયનોને સન્માનિત કરવા માટે 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર સમારોહનું આયોજન 22 સપ્ટેમ્બર, 2026ના રોજ ગુજરાતના એકતા નગર (કેવડિયા) ખાતે કરવામાં આવ્યું છે. ભારતના રાષ્ટ્રપતિ દ્વારા વિજેતાઓને પુરસ્કારો એનાયત કરવામાં કરવામાં આવ્યા છે. આ વર્ષે વિવિધ ભાષાઓ અને ફિલ્મ સ્વરૂપોને પણ પુરસ્કારો દ્વારા માન્યતા આપવામાં આવી છે. તેમાં મરાઠી, સંતાલી, તમિલ, મલયાલમ, તેલુગુ, કન્નડ, તુલુ અને ગઢવાલી સહિતની ભાષાઓનો સમાવેશ થાય છે. પ્રથમ વખત સંતાલી ભાષાની ફિલ્મને નોન-ફીચર ફિલ્મ વિભાગમાં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે.

સંજીવ શ્રીવાસ્તવને સિનેમા કેટેગરીમાં શ્રેષ્ઠ લેખન માટે શ્રેષ્ઠ ફિલ્મ વિવેચક પુરસ્કારના વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યા છે. સિનેમા પર શ્રેષ્ઠ પુસ્તક 'નાનિરુવુડે નિમાગાગી નાદિરુવુડે નાનાગાગી: કન્નડ સિનેમાડા થથવા મથુ રાજકીયા' (આઈ સ્ટેન્ડ ફોર યુ, ધ સ્ટેટ સ્ટેન્ડ્સ ફોર અસ: પોલિટિકલ એન્ડ ફિલોસોફિકલ ડાયમેન્શન્સ ઑફ કન્નડ સિનેમા)ને આપવામાં આવશે.




● બેસ્ટ એક્ટર લીડીંગ રોલ - કાર્તિક આર્યન/મામૂટી ● બેસ્ટ એક્ટ્રેસ લીડીંગ રોલ- યામી ગૌતમ ● બેસ્ટ ફીચર ફિલ્મ- આર્ટિકલ 370 ● બેસ્ટ ડાયરેક્શન- આનંદ એલ. રાય (એકતા કા પ્રતિક) ● સ્પેશિયલ મેન્શન- ચોલા ડોરા અને સુઈ (હિન્દી), ભદ્ર કાલી નાટકમ (મલયાલમ) ● બેસ્ટ શોર્ટ ફિલ્મ- હમસફર (મરાઠી) ● બેસ્ટ ગુજરાતી ફિલ્મ- મારણ (ધ હન્ટ) ● બેસ્ટ ફિલ્મ (હિન્દી)- શ્રીકાંત ● બેસ્ટ તેલુગુ ફિલ્મ- કમિટી કુલ્લુ ● બેસ્ટ તમિલ ફિલ્મ- રાયન ● બેસ્ટ મરાઠી ફિલ્મ- મુક્કામ પોસ્ટ બોમ્બિલવાડી ● બેસ્ટ ઓડિયા ફિલ્મ- લહરી ● બેસ્ટ મલયાલમ ફિલ્મ- ફેમિનિચી ફાતિમા ● બેસ્ટ કન્નડ ફિલ્મ- મિથિયા ● બેસ્ટ હિન્દી ફીચર ફિલ્મ- શ્રીકાંત ● બેસ્ટ ગઢવાલી ફિલ્મ- ઢોલી ● બેસ્ટ બંગાળી ફિલ્મ- ચલચિત્ર એખોન ● બેસ્ટ આસામી ફિલ્મ- જુઈફૂલ ● બેસ્ટ મણિપુરી ફિલ્મ- સુનિતા ● બેસ્ટ કોરિયોગ્રાફી- સ્ત્રી 2 (આજ કી રાત) વિજય ગાંગુલી ● બેસ્ટ લિરિક્સ- જાને દો (મનોજ મુન્તશીર) ● બેસ્ટ મ્યુઝિક ડાયરેક્શન- શાશ્વત સચદેવ (આર્ટિકલ 370) ● બેસ્ટ મેકઅપ- પી. રવિ કુમાર (કમિટી કુલ્લુ) ● બેસ્ટ કોસ્ટ્યુમ- પુષ્પા 2 (દીપાલી નૂર) ● બેસ્ટ પ્રોડક્શન ડિઝાઈન- કલ્કિ 2898 AD (નિતિન ચૌધરી) ● બેસ્ટ એડિટિંગ- માનવીર જસરોઈતિયા ● બેસ્ટ સાઉન્ડ ડિઝાઈન- ભૂલભૂલૈયા 3 ● બેસ્ટ ડાયલોગ રાઈટર- લકી ભાસ્કર (વેંકી) ● બેસ્ટ સિનેમેટોગ્રાફી- એડમોડ (લાઈફ ઈન લૂમ) ● બેસ્ટ ફિમેલ પ્લેબેક- વૈકોમ વિજયલક્ષ્મી (મલયાલમ) ● બેસ્ટ સપોર્ટિંગ એક્ટર- સંજય મિશ્રા ● બેસ્ટ ડોક્યુમેન્ટરી- રામ-નામી (હિન્દી) ● બેસ્ટ આર્ટ કલ્ચર ફિલ્મ- મૈં નિદા (હિન્દી) ● બેસ્ટ ઐતિહાસિક ફિલ્મ- કાકોરી (હિન્દી) ● બેસ્ટ ડેબ્યૂ ડાયરેક્ટર- રવિ રાજ મુર્મુ.

# 6 શહેરોમાં ફાયર બ્રિગેડની નવી સિસ્ટમ કોલ કરતાં જ મિનિટોમાં પહોંચી જશે

**અમદાવાદ**

શહેરમાં ઈમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમમાં એક ટેકનોલોજીકલ બદલાવની તૈયારી પૂર્ણ દેવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) સંચાલિત ફાયર વિભાગની 100 જેટલી ગાડીઓને GPS ટ્રેકરથી સજ્જ કરી નેશનલ ઈમરજન્સી હેલ્પલાઈન નંબર 112 સાથે સાંકળી લેવામાં આવી છે, જેનાથી આગ કે અન્ય કોઈ પણ હોનારત સમયે રિસ્પોન્સ ટાઈમમાં નોંધપાત્ર ઘટાડો થશે. અમદાવાદ સહિત જામનગર, સુરત, રાજકોટ, ભાવનગર અને ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આ રીતે નવી સેવા શરૂ કરી દેવામાં આવી છે જેમાં તમે 112 પર કૉલ કરીને હવે પોલીસની જેમ ફાયરબ્રિગેડને તરત જ બોલાવી શકશો. અગાઉ 101 કે 112 પર આવતા કોલને ફાયર કંટ્રોલ રૂમમાં ટ્રાન્સફર કરીને વાહનો રવાના કરવામાં કિંમતી મિનિટો વેડફાઈ જતી હતી. આ પરંપરાગત અને સમય માગી લેતી પ્રક્રિયાના વિકલ્પે હવે ફાયર વિભાગના 100 જેટલા ઈમરજન્સી વાહનોને GPS ટ્રેકર, ડિજિટલ ટેબલેટ અને હાઈટેક કેમેરા સિસ્ટમથી સજ્જ કરાયા છે. હવે 112 કંટ્રોલ રૂમની સ્ક્રીન પર જ ઘટનાસ્થળથી સૌથી નજીક રહેલા વાહનની લાઈવ પોઝિશન દેખાશે .

# સુરત સિવિલમાં વધુ એક તબીબ દ્વારા હાથની નસ કાપી આપઘાત

### આપઘાત પાછળના કારણો જાણવા પોલીસની કવાયત

**સુરત**

સુરતની નવી સિવિલ હોસ્પિટલમાંથી વધુ એક તબીબના આપઘાતની સનસનીખેજ અને દુઃખદ ઘટના સામે આવી છે. સિવિલના એનાટોમી ડિપાર્ટમેન્ટમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા રેસિડેન્ટ ડૉક્ટર યોગેન્દ્ર દિલીપ પ્રજાપતિએ કોઈ ધારદાર વસ્તુ વડે પોતાના હાથની નસ કાપીને જીવન ટૂંકાવ્યું છે. મળતી માહિતી મુજબ, ઘટનાની જાણ થતાં જ હોસ્પિ ટલ સ્ટાફ અને પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં તબીબે કોઈ કારણોસર ગંભીર પ ગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, સુરત નવી સિવિલ હોસ્પિટલમાં છેલ્લા દોઢ જ મહિનાના ટૂંકા ગાળામાં જ બીજા ડૉક્ટરે આપઘાત કર્યો હોવાની આ સતત બીજી ઘટના બનતાં સમગ્ર હોસ્પિટલ તંત્ર અને તબીબી વર્તુળોમાં અરેરાટી સાથે ભારે અફરાતફરી મચી ગઈ છે. પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધીને આપઘાત પાછળના કારણો જાણવા કાર્યવાહી હાથ ધરી છે.

# બીસીમાં વહેલી ચૂંટણીની જાહેરાત : ઓક્ટોબરમાં થશે બે વાર મતદાન

## અમેરિકી ટેરિફનો ખતરો, જાહેર સેવાઓ અને અર્થતંત્ર મુખ્ય મુદ્દા; કન્ઝર્વેટિવ્સ નવા વચગાળાના નેતૃત્વ સાથે મેદાનમાં

**વિક્ટોરિયા**

બ્રિટિશ કોલંબિયાના મતદારો ઓક્ટોબરમાં બે વખત મતદાન કરશે. પ્રીમિયર અને બી.સી. એનડીપીના નેતા ડેવિડ એબીએ મંગળવારે વહેલી પ્રાંતીય ચૂંટણીની જાહેરાત કરી હતી. હવે પ્રાંતીય ચૂંટણી શનિવાર, 24 ઓક્ટોબર 2026ના રોજ યોજાશે, જ્યારે તેના એક અઠવાડિયા અગાઉ એટલે કે 17 ઓક્ટોબરે મ્યુનિસિપલ ચૂંટણી યોજાવાની છે. એબીએ ચૂંટણીની જાહેરાત કરતાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની વેપાર નીતિઓ અને ટેરિફને મુખ્ય મુદ્દો બનાવ્યો હતો. તેમના જણાવ્યા મુજબ, અમેરિકી ટેરિફથી બી.સી.ના કામદારો, વ્યવસાયો અને પ્રાંતના આર્થિક હિતો સામે પડકાર ઊભો થયો છે. તેમણે પ્રાંતને આવી પરિસ્થિતિ માટે અગાઉથી તૈયાર રહેવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. તાજેતરના દિવસોમાં એબી સરકારે આરોગ્યસંભાળમાં રોકાણ સહિત અનેક જાહેરાતો કરી છે. એબીએ પ્રાંતીય સેલ્સ ટેક્સના વિસ્તરણને અટકાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે અને બી.સી. ફેરીઝ માટે નવા જહાજો પ્રાંતમાં બનાવવાની યોજના પણ જાહેર કરી છે.

ચૂંટણીની જાહેરાત એવા સમયે થઈ છે, જ્યારે બી.સી. કન્ઝર્વેટિવ પાર્ટીમાં તાજેતરમાં નેતૃત્વ પરિવર્તન થયું છે. કેરી-લિન ફાઇન્ડલીએ રવિવારે પક્ષના નેતા પદેથી રાજીનામું આપ્યા બાદ લોર્ન ડોર્કસને વચગાળાના નેતા તરીકે જવાબદારી સંભાળી છે. ડોર્કસને ચૂંટણીમાં સરકાર બદલવાની તક હોવાનું જણાવ્યું છે. ફાઇન્ડલીના કાર્યકાળ દરમિયાન પક્ષમાં આંતરિક મતભેદોને પગલે અનેક ધારાસભ્યો પક્ષથી અલગ થયા હતા. ડોર્કસને નેતૃત્વ સંભાળ્યા બાદ તેમને ફરી પક્ષ સાથે જોડવાનો પ્રયાસ શરૂ કર્યો છે. સાત ધારાસભ્યો CentreBCમાંથી પાછા કન્ઝર્વેટિવ્સમાં જોડાયા છે, જ્યારે એલિનોર સ્ટર્ક કન્ઝર્વેટિવ્સમાં પરત ફર્યા નથી. એબીએ ચૂંટણીને યોગ્ય સમય ગણાવ્યો છે, જ્યારે કન્ઝર્વેટિવ વચગાળાના નેતા ડોર્કસને વહેલી ચૂંટણીના નિર્ણય સામે વાંધો વ્યક્ત કર્યો છે. તેમનું કહેવું છે કે એનડીપી પાસે વિધાનસભામાં બહુમતી હોવા છતાં ચૂંટણી યોજવાની જરૂરિયાત અંગે પ્રશ્નો ઊભા થાય છે. બી.સી.માં 2024ની ચૂંટણી બાદ એનડીપીની બહુમતી માત્ર એક બેઠકથી રહી હતી. ત્યારથી વિપક્ષી ધારાસભ્યોમાં ફેરફારોને કારણે વિધાનસભાનું રાજકીય સમીકરણ બદલાયું છે. 2026ની ચૂંટણી માટે એબી ઉપરાંત બી.સી. કન્ઝર્વેટિવ્સના લોર્ન ડોર્કસન અને ગ્રીન પાર્ટીના નેતા એમિલી લોવાન સહિતના નેતાઓ મેદાનમાં છે. આ રીતે બી.સી.ના મતદારોને માત્ર એક અઠવાડિયાના અંતરે મ્યુનિસિપલ અને પ્રાંતીય– એમ બે અલગ ચૂંટણીમાં મતદાન કરવાનું રહેશે. પ્રાંતીય ચૂંટણીમાં ટેરિફ અને અર્થતંત્ર ઉપરાંત આરોગ્યસંભાળ, જાહેર સેવાઓ અને સરકારની નીતિઓ મુખ્ય ચર્ચાના મુદ્દા બનવાની શક્યતા છે.

# યુ.એસ. ટેરિફની સીધી અસર : વેપારથી પ્રભાવિત શહેરમાં ભાડાં ઝડપથી ગગડ્યાં

## ઓગસ્ટમાં કેનેડામાં સરેરાશ આસ્કિંગ રેન્ટ ઘટીને $2,035 થયું : સતત 23મા મહિને ભાડામાં ઘટાડો નોંધાયો

**ટોરોન્ટો**

કેનેડાના રેન્ટલ માર્કેટમાં છેલ્લા લગભગ બે વર્ષથી ભાડાંમાં ઘટાડો જોવા મળી રહ્યો છે, પરંતુ હવે અમેરિકી ટેરિફની અસરથી કેટલાક શહેરોમાં ઘટાડાની ગતિ વધુ તેજ બની રહી છે. Rentals.ca અને Urbanationના નવા વિશ્લેષણ મુજબ અમેરિકી વેપાર પર વધુ નિર્ભર એવા શહેરોના રેન્ટલ માર્કેટમાં ભાડાં અન્ય બજારોની સરખામણીએ ઝડપથી ઘટી રહ્યાં છે. ઓગસ્ટ 2026માં કેનેડામાં તમામ પ્રકારની રહેણાંક મિલકતોનું સરેરાશ asking rent $2,035 રહ્યું હતું, જે એક વર્ષ અગાઉની સરખામણીએ 4.8 ટકા ઓછું છે. આ સતત 23મો મહિનો છે, જેમાં ભાડાંમાં વાર્ષિક ઘટાડો નોંધાયો છે અને માર્ચ 2026 બાદનો સૌથી મોટો વાર્ષિક ઘટાડો છે. છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રીય સ્તરે ભાડાંમાં કુલ 7 ટકાનો ઘટાડો થયો છે. અહેવાલ મુજબ, જાન્યુઆરી 2025થી અમેરિકી ટેરિફથી સૌથી વધુ પ્રભાવિત 10 રેન્ટલ માર્કેટમાં સરેરાશ asking rentમાં ઘટાડો સૌથી ઓછી અસરવાળા 10 બજારોની સરખામણીએ લગભગ ચાર ગણો રહ્યો છે. સૌથી વધુ અસરવાળા બજારોમાં કેલગરી, લેથબ્રિજ, ટ્રોઇસ-રિવર્સ, વિન્ડસર, કિચનર-કેમ્બ્રિજ-વોટરલૂ, બ્રાન્ટફોર્ડ, ગુએલ્ફ, હેમિલ્ટન, થંડર બે અને ઓટાવાનો સમાવેશ થાય છે. દક્ષિણ ઓન્ટેરિયોના ઓટો મેન્યુફેક્ચરિંગ હબ ઓશાવામાં સરેરાશ asking rentમાં 10.8 ટકાનો ઘટાડો નોંધાયો છે. તેની સરખામણીએ ઓટો ક્ષેત્ર સાથે જોડાયેલા વિન્ડસરમાં ઘટાડો 2.4 ટકા રહ્યો છે. અહેવાલ એ પણ દર્શાવે છે કે, ટેરિફનો પ્રભાવ દરેક શહેરમાં સમાન નથી અને સ્થાનિક રહેણાંક પુરવઠો સહિતના પરિબળો પણ મહત્વની ભૂમિકા ભજવે છે. ટેરિફની અસર માત્ર ભાડાંની માંગ સુધી મર્યાદિત નથી. વેપાર સાથે જોડાયેલા ઉદ્યોગોમાં રોજગાર અને આવક અંગેની અનિશ્ચિતતા વધવાથી લોકો હાલના ઘરમાં જ રહેવાનું પસંદ કરી શકે છે અને નવા પરિવારોએ અલગ રહેઠાણ લેવાની પ્રક્રિયા ટાળી શકે છે.

# H-1B સંકટ : ભારતીયોને USમાં ઘર મૂકીને પરત ફરવાની નોબત

## ડલાસમાં ભારતીય ખરીદદાર 70%થી 30% થયા, 60 દિવસના ગ્રેસ પિરિયડ રદ થવાની દરખાસ્ત




**ન્યૂયોર્ક**

અમેરિકામાં વર્ષોથી સ્થાયી ભારતીયો માટે કડવી વાસ્તવિકતા સામે આવી છે. ઘર-ગાડી અને મોર્ગેજ હોવા છતાં અનેક પરિવારોને ભારત પરત ફરવું પડી રહ્યું છે. ટેક્સાસના ડલાસ-ફોર્ટવર્થમાં H-1B અને નોકરીની અનિશ્ચિતતાથી ગણિત ખોરવાયું છે.

ઉત્તર ટેક્સાસમાં ભારતીય આઈટી કોલોની રિયલ એસ્ટેટ માંગનો આધાર હતી. બિલ્ડરના જણાવ્યા મુજબ લક્ઝરી ઘરોમાં દક્ષિણ એશિયાઈ ખરીદદારોનો હિસ્સો 70%થી ઘટી 30%થી નીચે આવ્યો છે. કોવિડમાં સસ્તા ઘરો હોવાથી મોટી મોર્ગેજ લઈ ખરીદ્યા હતા, હવે નોકરી જતા હપ્તા ભરવા અશક્ય બન્યા છે.

ઘર વેચવામાં મહિનાઓ લાગે છે, ત્યાં સુધી મોર્ગેજ ચાલુ રાખવો પડે છે અને કિંમત ઘટતા ફટકો પડે છે, તેથી ઘણા ઘર મૂકી પરત ફરી રહ્યા છે. DHSએ H-1B અને L-1 માટે 60 દિવસનો ગ્રેસ પિરિયડ રદ કરવાની દરખાસ્ત મૂકતા અનિશ્ચિતતા વધી છે. અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટના યુવાનો પર અસર થતા EB-5 વિઝા અંગે પૂછપરછ વધી છે.

# શ્રાદ્ધપક્ષ : પિતૃસ્મરણ અને તર્પણથી પુણ્યપ્રાપ્તિનો અવસર

ભાદરવા વદ એકમથી અમાસ સુધીનો સમયગાળો 'શ્રાદ્ધપક્ષ' કે 'પિતૃપક્ષ' તરીકે ઓળખાય છે.

'શ્રાદ્ધ' શબ્દ મૂળ સંસ્કૃત ધાતુ 'શ્રત્' અને 'ધા' પરથી બનેલો છે, જેનો અર્થ થાય છે 'શ્રદ્ધાથી સમર્પિત કર્મ'. શ્રદ્ધયા દીયતે યત્ તત્ શ્રાદ્ધમ્ - જે કાર્ય સંપૂર્ણ નિષ્ઠા, આદર અને શ્રદ્ધાપૂર્વક પૂર્વજોના કલ્યાણ અર્થે કરવામાં આવે તેને શ્રાદ્ધ કહેવાય છે. સનાતન ધર્મ અનુસાર મનુષ્યના જીવનમાં ત્રણ મુખ્ય ઋણ માનવામાં આવ્યા છે.

દેવ ઋણ : ઈશ્વરની પૂજા-અર્ચના અને યજ્ઞો દ્વારા પૂરું થાય છે.

ઋષિ ઋણ : જ્ઞાનપ્રાપ્તિ, સ્વાધ્યાય અને શાસ્ત્રોના વાચન-મનન દ્વારા ચૂકવાય છે.

પિતૃ ઋણ : પોતાના પૂર્વજો પ્રત્યે આદર, તેમના સંસ્કારોનું જતન અને શ્રાદ્ધ-તર્પણ દ્વારા અદા થાય છે.

આ ત્રિગુણ ઋણમાંથી મુક્ત થયા વિના મનુષ્ય આધ્યાત્મિક રીતે પરિપૂર્ણ બની શકતો નથી. શ્રાદ્ધપક્ષ એવો અવસર છે જ્યારે વ્યક્તિ પોતાના અસ્તિત્વના મૂળ એવાં દાદા-દાદી, માતા-પિતા અને સમગ્ર પૂર્વજ પરંપરા પ્રત્યે હાથ જોડીને નતમસ્તક થાય છે. આપણને મળેલું આ શરીર, સંસ્કાર, સંસ્કૃતિ અને પરિવેશ એ પૂર્વજોની તપસ્યાનું પરિણામ છે. તેમની સ્મૃતિ સમક્ષ આભાર વ્યક્ત કરવો એ દરેક સંતાનનું પ્રથમ કર્તવ્ય છે.

**તર્પણ, પિંડદાન અને પંચબલી**

શ્રાદ્ધ કર્મ એ માત્ર બાહ્ય આડંબર નથી, પરંતુ ચોક્કસ વૈદિક વિજ્ઞાન અને ભાવનાનું મિશ્રણ છે. તેમાં મુખ્યત્વે ત્રણ અંગો સમાવિષ્ટ છે.



**જળતર્પણ**

જળમાં ગંગાજળ, કાળા તલ, જવ અને દૂધ મેળવી પિતૃઓને અર્પણ કરવામાં આવે છે. તર્પણ હંમેશાં 'દર્ભ' (કુશ ઘાસ)ની વીંટી પહેરીને કરવામાં આવે છે. પુરાણો અનુસાર દર્ભ અને કાળા તલ નકારાત્મક ઊર્જાને દૂર રાખી પવિત્ર તરંગોનું વહન કરે છે. હાથની હથેળીના અંગૂઠા અને તર્જની આંગળી વચ્ચેના ભાગ (પિતૃતીર્થ) પરથી જળ વહેવડાવી પિતૃઓને તૃપ્ત કરવામાં આવે છે.

**પિંડદાન**

ચોખા, જવનો લોટ, કાળા તલ, ઘી અને મધ મેળવીને બનાવેલા ગોળાકાર પિંડ પૂર્વજોને અર્પણ કરવામાં આવે છે. પિંડ એ પંચમહાભૂત (પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ)થી બનેલા માનવ શરીરનું પ્રતીક છે. આ વિધિ દ્વારા જીવ ભાવનાત્મક બંધનોમાંથી મુક્ત થઈ શાંતિ પામે છે.

**પંચબલી કર્મ**

શ્રાદ્ધના દિવસે ભોજન તૈયાર થયા પછી પાંચ જીવો માટે અન્ન અર્પણ કરવામાં આવે છે, જે નીચે પ્રમાણે છે.

ગોબલી (ગાય) : ગાયમાં 33 કોટિ દેવતાઓનો વાસ છે, તેનાથી સર્વ દેવો તૃપ્ત થાય છે.

શ્વાનબલી (કૂતરો) : યમરાજના દૂત મનાય છે, જે સંકટો અને નકારાત્મકતાને શમાવે છે.

કાકબલી (કાગડો) : કાગડાને યમલોક અને પિતૃઓનો સંદેશવાહક ગણવામાં આવે છે.

દેવબલી (દેવો) : પ્રકૃતિનાં તત્ત્વો પ્રત્યે આભાર દર્શન.

પિપીલિકાદિબલી (કીડીઓ): પૃથ્વીના અત્યંત નાના જીવો પ્રત્યે અનુકંપા અને અહિંસાનો ભાવ.

આ પંચબલી કર્મ દર્શાવે છે કે સનાતન પરંપરા મનુષ્યની સાથે પશુ, પક્ષી અને જીવજંતુઓ સુધી વસુધૈવ કુટુંબકમ્ની ભાવના વિસ્તારે છે.

**શ્રાદ્ધપક્ષની તિથિઓનું મહત્ત્વ**

શ્રાદ્ધ સામાન્ય રીતે જે તે વ્યક્તિના અવસાનની તિથિ મુજબ જ થાય છે, છતાં કેટલીક વિશેષ તિથિઓનું માહાત્મ્ય અનન્ય છે.

અભિજિત મુહૂર્ત (કુતપ કાળ) : શ્રાદ્ધ કર્મ બપોરે 11:36થી 12:24 આસપાસ (કુતપ વેળા) ઉત્તમ ગણાય છે, જ્યારે સૂર્ય મધ્યાહ્ને હોય.

ભરણી શ્રાદ્ધ : ચતુર્થી કે પંચમી તિથિએ આવતું ભરણી નક્ષત્રનું શ્રાદ્ધ ગયા તીર્થ સમાન ફળ આપે છે.

અવિધવા નવમી : સૌભાગ્યવતી સ્ત્રીઓ (માતા, પત્ની) જેમનું અવસાન પતિની હયાતીમાં થયું હોય, તેમનું શ્રાદ્ધ આ દિવસે વિશેષ રીતે કરવામાં આવે છે.

મઘા શ્રાદ્ધ : પૂર્વજોની શાશ્વત શાંતિ માટે મઘા નક્ષત્રમાં કરવામાં આવતું શ્રાદ્ધ ઉત્તમ મનાય છે.

સર્વ પિતૃ અમાસ : જો કોઈ પૂર્વજની અવસાન તિથિ યાદ ન હોય અથવા વર્ષ દરમિયાન તે તિથિએ શ્રાદ્ધ ન થઈ શક્યું હોય, તો અમાસના દિવસે સર્વ પિતૃઓનું શ્રાદ્ધ-તર્પણ કરીને પુણ્ય પ્રાપ્ત કરી શકાય છે.

**દાન અને ભોજનનું મહત્ત્વ**

શ્રાદ્ધમાં ખીર, પૂરી, દૂધપાક અને ઋતુ અનુસાર શાકભાજીનું ભોજન બનાવી બ્રાહ્મણો તથા જરૂરિયાતમંદોને આદરપૂર્વક જમાડવામાં આવે છે. સનાતન માન્યતા મુજબ દૂધ અને ચોખા (ખીર) સોમ તત્ત્વ ધરાવે છે, જે પિતૃઓના સૂક્ષ્મ શરીરને શીતળતા અને પરમ શાંતિ અર્પે છે.

ભોજન ઉપરાંત વસ્ત્રદાન, અન્નદાન, છત્ર (છત્રી) દાન, પગરખાં અને ગૌદાનનું અનોખું માહાત્મ્ય છે. આપણી શક્તિ પ્રમાણે કોઈ અસહાય કે દરિદ્ર વ્યક્તિને આર્થિક કે ભૌતિક મદદ કરવી એ પણ સાચું પિતૃકાર્ય છે.

# યમુના એક્સપ્રેસ-વે પર બસમાં આગ લાગતાં 9 યાત્રીના મોત

## લોકો પોતાનો જીવ બચાવવા માટે બસમાંથી બહાર કૂદવા લાગ્યા, મુખ્યમંત્રીએ તબીબી સુવિધા ઉપલબ્ધ કરાવવા આદેશ આપ્યા

**લખનઉ**

ઉત્તર પ્રદેશના ગ્રેટર નોઇડામાંથી એક અત્યંત દર્દનાક અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. યમુના એક્સપ્રેસવે પર દોડતી એક સ્લીપર બસમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઊઠતાં ક્ષણભરમાં અફરાતફરી મચી ગઈ હતી. આ ભયાનક દુર્ઘટનામાં 9 મુસાફરોના મોત નીપજ્યા છે, જ્યારે કેટલાક મુસાફરોએ ચાલુ બસમાંથી નીચે કૂદીને પોતાનો જીવ બચાવ્યો હતો. આ બસમાં આશરે 40થી 50 જેટલા મુસાફરો સવાર હતા.

આ ભયાનક ઘટના યમુના એક્સપ્રેસવેના ઝીરો પોઇન્ટથી આશરે 32 કિલોમીટર આગળ બની હતી, જે વિસ્તાર જેવર પોલીસ સ્ટેશન હેઠળ આવે છે. જોઇન્ટ સીપી રાજીવ નારાયણ મિશ્રાએ જણાવ્યું હતું કે, બસમાં આગ લાગતાં



જ મુસાફરોમાં ભારે નાસભાગ મચી હતી. લોકો પોતાનો જીવ બચાવવા માટે બસમાંથી બહાર કૂદવા લાગ્યા હતા. જોતજોતામાં આગની જ્વાળાઓએ આખી બસને પોતાની ઝપેટમાં લીધી અને 9 લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

ફાયર બ્રિગેડની ટીમ તુરંત ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી શરૂ કરી હતી. ભારે જહેમત બાદ ફાયર વિભાગે આગ પર કાબૂ મેળવી લીધો હતો, પરંતુ બસને સંપૂર્ણપણે ઠંડી કરવા માટે કુલડાઉન કરવાની પ્રક્રિયા ચાલુ રાખવામાં આવી છે.

સૌથી ચિંતાજનક બાબત એ છે કે હજુ પણ કેટલાક મુસાફરો બસની અંદર ફસાયેલા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ફાયર વિભાગની ટીમનું કહેવું છે કે રેસ્ક્યુ ઓપરેશન પૂરું થયા બાદ જ સ્પષ્ટ થશે કે અંદર ફસાયેલા લોકોની ચોક્કસ સ્થિતિ શું છે અને કુલ કેટલા લોકો આ અકસ્માતનો ભોગ બન્યા છે.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અકસ્માતમાં જીવ ગુમાવનારા મુસાફરોના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે અને ઘાયલોને શ્રેષ્ઠ સારવાર આપવા અધિકારીઓને આદેશ આપ્યા છે. મુખ્યમંત્રીએ તંત્રને સૂચના આપી છે કે ઘાયલોને તાત્કાલિક યોગ્ય તબીબી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે. આ સાથે જ તેમણે મૃતકોના પરિજનો સાથે વાતચીત કરી શક્ય તમામ સહાય પૂરી પાડવા નિર્દેશ આપ્યા છે અને ઈજાગ્રસ્તો ઝડપથી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરી છે. હાલના તબક્કે બસમાં આગ કયા ચોક્કસ કારણોસર લાગી તે જાણી શકાયું નથી. ઘટનાસ્થળે હાજર પોલીસ ટીમ બચી ગયેલા મુસાફરો સાથે વાતચીત કરીને ઘટનાક્રમની વધુ માહિતી એકઠી કરી રહી છે. સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે અને વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે. સ્થાનિક વહીવટીતંત્ર અને પોલીસ બંને ઘટનાસ્થળે ઉપસ્થિત રહીને પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે.

# એમેઝોન, સ્વિગી, ફ્લિપકાર્ટ અને ઝેપ્ટો ઉપર ફૂડ ઓથોરિટી ત્રાટકી

## પ્રતિબંધિત ઉત્પાદનોના વેચાણ બદલ કાર્યવાહી કરાઈ

**નવી દિલ્હી**

ફૂડ ઓથોરિટી FSSAIએ બુધવારે જણાવ્યું હતું કે તેણે ઇ-કોમર્સ પ્લેટફોર્મ એમેઝોન, સ્વિગી ઇન્સ્ટામાર્ટ, બિગબાસ્કેટ, ફ્લિપકાર્ટ ઇન્ડિયા અને ઝેપ્ટો સામે ગેરમાર્ગે દોરતા દાવા અને પ્રતિબંધિત પ્રોડક્ટ્સના વેચાણ સહિત વિવિધ નિયમોનું પાલન ન કરવા બદલ દંડાત્મક કાર્યવાહી શરૂ કરી દીધી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયાએ જણાવ્યું હતું કે તે ઇ-કોમર્સ પ્લેટફોર્મ્સ પર ત્રાટકી છે. તેમા એમેઝોન, સ્વિગી ઇન્સ્ટામાર્ટ, બિગબાસ્કેટ, ફ્લિપકાર્ટ ઇન્ડિયા અને ઝેપ્ટો પર રેગ્યુલેટરી નોન-કોમ્પ્લાયન્સ બદલ સજા કરી છે. નોન-કોમ્પ્લાયન્સમાં મિસબ્રાન્ડિંગ, ગેરમાર્ગે દોરતા દાવાની સાથે પ્રતિબંધિત કે ઝેરી ખાદ્ય પદાર્થોનું વેચાણ અને પ્રદર્શનનો સમાવેશ થાય છે, એમ તેમણે ઉમેર્યું હતું. ફૂડ ઓથોરિટીએ પાંચ અગ્રણી ઇ-કોમર્સ પ્લેટફોર્મ એમેઝોન, ફ્લિપકાર્ટ ઇન્ડિયા, સ્વિગી ઇન્સ્ટામાર્ટ, ઝેપ્ટો અને બિગબાસ્કેટ સામે દંડાત્મક કાર્યવાહી શરુ કરી છે.

# આંધ્રપ્રદેશમાં રાજરાણી એક્સપ્રેસ ટ્રેનની અડફેટે 4 વિદ્યાર્થીઓના મોત, એક ગંભીર

## તમામ મૃતક વિદ્યાર્થીઓ 20 વર્ષથી ઓછી ઉંમરના હતા, મુખ્યમંત્રીએ દુઃખ વ્યક્ત કર્યું

**હૈદરાબાદ**

આંધ્રપ્રદેશના શ્રીકાકુલમ જિલ્લામાં બુધવારે દર્દનાક ટ્રેન અકસ્માત થયો. ટેક્કલી મંડલના રવિવાલાસા નજીક રાજ રાણી એક્સપ્રેસની અડફેટે આવતાં ચાર યુવકોનાં મોત થયા, જ્યારે એક યુવક ગંભીર રીતે ઘાયલ થયો. અકસ્માતની જાણ થતાં જ પોલીસ અને રેલવે અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા અને રાહત-બચાવની કામગીરી શરૂ કરી.

શ્રીકાકુલમના પોલીસ અધિક્ષક કે.વી. મહેશ્વર રેડ્ડીએ સમાચાર એજન્સી PTIને જણાવ્યું કે અકસ્માતમાં ચાર વિદ્યાર્થીઓનાં મોત થયા છે અને એક વિદ્યાર્થી ઘાયલ થયો છે. તેમણે જણાવ્યું કે તમામ વિદ્યાર્થીઓની ઉંમર 20 વર્ષથી ઓછી હતી અને તેઓ આસપાસના ગામોના રહેવાસી હતા.

અધિકારીઓએ મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુને જણાવ્યું કે વિદ્યાર્થીઓએ સામેની તરફથી આવી રહેલી ટ્રેનને જોઈ નહોતી. પોલીસના જણાવ્યા અનુસાર, વિદ્યાર્થીઓ રેલવે ટ્રેક પાર કરી રહ્યા હતા, ત્યારે તેઓ ટ્રેનની અડફેટે આવી ગયા. અકસ્માત બાદ ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી. અકસ્માતમાં બચેલા વિદ્યાર્થી સોલોમન રાજે જણાવ્યું કે જ્યારે આ ઘટના બની ત્યારે તમામ વિદ્યાર્થીઓ શૌચ માટે ગયા હતા. રાજ પણ અકસ્માતમાં ઘાયલ થયો છે અને તેની સ્થાનિક હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ અને મૃત વિદ્યાર્થીઓના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

# રામ મંદિર દાન ચોરીમાં SITની ચાર્જશીટ ચંપત રાય અને અનિલ મિશ્રાનું નામ જ નહીં

## 7 હજાર પાનાના આરોપનામામાં આઠ આરોપી સામે કેસ નોંધાયાનો ઉલ્લેખ

**અયોધ્યા**

ભવ્ય રામ મંદિરમાં શ્રદ્ધાળુઓ દ્વારા આપવામાં આવતા દાનની રકમમાં ગેરરીતિ અને ચંદા ચોરીના વિવાદાસ્પદ કેસમાં સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. તપાસકર્તા ટીમે ધરપકડ કરાયેલા આઠ આરોપી સામે અદાલતમાં 7,000 પાનાની ચાર્જશીટ રજૂ કરી છે.

તપાસ દરમિયાન ખુલાસો થયો છે કે મંદિરના દાન કેન્દ્રમાં રોકડ ગણતરી અને હેન્ડલિંગ દરમિયાન વ્યાપક સ્તરે ગોલમાલ કરવામાં આવી હતી. જોકે, સૂત્રોના જણાવ્યા અનુસાર આ ચાર્જશીટમાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના પૂર્વ મહાસચિવ ચંપત રાય કે પૂર્વ ટ્રસ્ટી અનિલ મિશ્રાનું નામ આરોપી તરીકે સામેલ કરવામાં આવ્યું નથી. લખનઉ ડિવિઝનલ કમિશનર વિજય વિશ્વાસ પંતના અધ્યક્ષપણા હેઠળની 3 સભ્યોની એસઆઈટીએ આ મામલે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી હતી. એસઆઈટી દ્વારા આ કેસ સાથે જોડાયેલા 173 સાક્ષીના નિવેદનો નોંધવામાં આવ્યાં છે. રોકડ ગણતરી રૂમના સીસીટીવી ફૂટેજ ચકાસતા 105 એવી ઘટનાઓ ઘટી છે, જેમાં આરોપીઓ દ્વારા અધિકૃત મંજૂરી વિના રોકડ રકમ ચોરી છૂપે કાઢી લેવામાં આવી કે છુપાવવામાં આવી હતી. આ સાથે નાણાકીય દસ્તાવેજો, બેંક ખાતાઓ, ફોરેન્સિક ઓડિટ રિપોર્ટ અને આરોપીઓની મિલકત ટ્રેકિંગ સહિતના પુરાવાઓ ચાર્જશીટ સાથે જોડાવામાં આવ્યા છે.

# નવી દિલ્હીમાં ફરી SIR વિવાદ વકર્યો વિપક્ષે CECની ધરપકડની માંગ કરી

**નવી દિલ્હી**

નવી દિલ્હીમાં ચૂંટણી પંચની SIR પ્રક્રિયા અને આંતરિક કામગીરીના અહેવાલ બાદ રાજકારણમાં ખળભળાટ મચ્યો છે. કોંગ્રેસ, AAP, TMC સહિત વિપક્ષે CECના રાજીનામા, ધરપકડ અને તાજેતરની ચૂંટણીઓ રદ કરી ફરી ચૂંટણી માંગી છે. ભાજપે આક્ષેપોને જનાદેશ ગુમાવ્યાની હતાશા ગણાવી ફગાવ્યા છે, પંચે નિર્ણયો સર્વસંમતિ અને નિયમો મુજબ લેવાયાનું કહ્યું છે.

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે વિપક્ષ લાંબા સમયથી સવાલ ઉઠાવતો હતો, હવે અંદરથી પુષ્ટિ થઈ છે. SIRના ત્રણ તબક્કામાં 31 રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશોમાં 13.8 કરોડ નામ ડ્રાફ્ટ યાદીમાંથી બાકાત થયાનો દાવો કર્યો, 24 એપ્રિલ 2026એ 73 સાંસદોએ રાજ્યસભામાં CECને હટાવવાની નોટિસ આપી હતી.

અભિષેક સિંઘવીએ ભાજપે લોકશાહીની હત્યાનું કાર્યાલય ખોલ્યાનો આરોપ મૂકી કહ્યું કે પંચમાં આંતરિક બુલડોઝર ચાલે છે, ફોર્મ-6ના ફેરફારો ગેરકાયદે છે, બંગાળમાં 38 લાખ અપીલો થઈ છે. રાહુલ ગાંધીએ BJP-RSS-EC પર વોટ ચોરી અને દેશદ્રોહનો આરોપ મૂક્યો હતો.

**સ્વદેશી તાકાત** વાયુસેનાની શક્તિ વધારવા માટે આધુનિક અને સ્માર્ટ હથિયારોની ખરીદીને મંજૂરી

# ભારતનું સંરક્ષણ ઉત્પાદન 1.8 લાખ કરોડની વિક્રમી સપાટીએ, વાયુસેના 810 કરોડના હથિયારો ખરીદશે

**નવી દિલ્હી**

સંરક્ષણ મંત્રાલયે બુધવારે દિલ્હીમાં ભારત ડાયનામિક્સ લિમિટેડ સાથે એક મહત્વપૂર્ણ કરાર કર્યો છે. આ અંતર્ગત ભારતીય વાયુસેના માટે ૧૬૦ સેટેલાઈટ સ્માર્ટ એન્ટી એરફીલ્ડ વેપન્સ અને અન્ય ઉપકરણોની ખરીદી કરવામાં આવશે. આ ખરીદી પાછળ અંદાજિત ૮૧૦.૭૯ કરોડ રૂપિયાનો ખર્ચ થશે.

ડીઆરડીઓ દ્વારા વિકસાવવામાં આવેલ આ એર-ટુ-ગ્રાઉન્ડ પ્રિસિજન ગાઈડેડ બોમ્બને



જગુઆર, હોક અને સુ-૩૦ એમકેઆઈ જેવા વિમાનોમાંથી લોન્ચ કરી શકાય છે. આ હથિયારમાં મેજરમેન્ટ યુનિટ, લોન્ગ ઈફેક્ટ ડીલે ફ્યૂઝ અને ટ્વિન સ્ટોર કેરિયર સહિત ૬૦ ટકા સ્વદેશી સામગ્રી સામેલ કરવામાં આવી છે. નાણાકીય વર્ષ ૨૦૨૬માં ઘરેલુ સંરક્ષણ ઉત્પાદન ગયા વર્ષની સરખામણીમાં ૧૫.૬ ટકાના વધારા સાથે રેકોર્ડ ૧.૮ લાખ કરોડ સુધી પહોંચી ગયું છે. જે વર્ષ ૨૦૨૧થી ૧૮ ટકાની વાર્ષિક વૃદ્ધિ દર્શાવે છે. આ સાથે સંરક્ષણ નિકાસ ૬૩ ટકા વધીને ૩૮,૦૦૦ કરોડ સુધી પહોંચી ગઈ છે. ભારત અમેરિકા, ફ્રાન્સ અને આર્મેનિયા જેવા મુખ્ય ખરીદદારો સહિત કુલ ૮૦થી વધુ દેશોમાં યુદ્ધમાં ઉપયોગી હથિયારો સહિતની સામગ્રીની નિકાસ કરી રહ્યું છે.

# મને અને CJPને દેશદ્રોહના કેસમાં ફસાવવાની તૈયારી...', સૌરભ દાસનો ગંભીર આરોપ

**નવી દિલ્હી**

કોકરોચ જનતા પાર્ટી (CJP) ના સહ સંયોજક સૌરભ દાસે ગંભીર આરોપ લગાવ્યો છે કે તેમને અને પાર્ટીના અન્ય નેતાઓને કાવતરા હેઠળ ફસાવવાની તૈયારી ચાલી રહી છે. દાસના જણાવ્યા અનુસાર, તેમને વિશ્વસનીય સૂત્રો દ્વારા માહિતી મળી છે કે દિલ્હી પોલીસ કોઈપણ ભોગે તેમને દેશદ્રોહી સાબિત કરવાનો પ્રયાસ કરી રહી છે અને આ માટે આધાર પુરાવા વગરની બાબતો, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), ડીપફેક તેમજ બનાવટી ચેટ્સનો સહારો લેવામાં આવી શકે છે. તેમણે જણાવ્યું કે જનતાના ટેક્સના નાણાંનો ઉપયોગ કરીને આ પ્રકારની કાલ્પનિક કહાનીઓ રચવામાં આવી રહી છે, જે અત્યંત ખર્ચાળ સાબિત થઈ શકે છે.

### ચૂંટણી પંચ-CEC જ્ઞાનેશ કુમાર સામે રાહુલ ગાંધીના પ્રહારો, પંચની કાર્યપ્રણાલી-મતદાર યાદી સુધારણામાં અનિયમિતતાના આરોપ

# પંચ અને સરકાર લોકતંત્રના ઢાંચાને નષ્ટ કરી રહ્યા છે : રાહુલ

**નવી દિલ્હી**

કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદમાં કેન્દ્ર સરકાર, ભારતીય જનતા પાર્ટી અને ચૂંટણી પંચ પર અત્યંત આકરા



પ્રહારો કર્યા હતા. તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની નિમણૂક, પંચની કાર્યપ્રણાલી, નિર્ણયો અને મતદાર યાદી સુધારણામાં કરવામાં આવેલી કથિત અનિયમિતતાઓ સામે ગંભીર સવાલો ઊભા કર્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે દેશમાં મતાધિકારને નષ્ટ કરીને કાયદા અને બંધારણીય સંસ્થાઓને ખતમ કરવામાં આવી રહી છે, રાહુલ ગાંધીએ પોતાના રાજકીય અનુભવ અને એન્ટી-ઈન્કમ્બન્સી અંગે વાત કરતાં જણાવ્યું કે, 'હું એક રાજકીય પરિવારમાંથી આવું છું અને મેં મારી જિંદગીના 50 વર્ષથી વધુ સમય આ રાજકીય માહોલમાં વિતાવ્યા છે, ભારતમાં એન્ટી-ઈન્કમ્બન્સી એક પાયાનું રાજકીય બળ છે જે કોઈપણ સરકાર સામે બહુ ઝડપથી વિરોધમાં ઊભું થઈ જાય છે અને તેનાથી કોઈ પણ બચી શકતું નથી.'મને એ સમજાતું નથી કે નરેન્દ્ર મોદી, અમિત શાહ અને ભાજપના કિસ્સામાં આવું કેમ નથી થતું. મતદાનની તાકાતને લોકશાહીનો પાયો ગણાવતાં રાહુલ ગાંધીએ ભારપૂર્વક જણાવ્યું કે, 'નાગરિકોનો મત જ બંધારણને શક્તિ પૂરી પાડે છે અને તેના આધારે જ દેશના કાયદા તથા સંસ્થાઓ ચાલે છે, જો તમે વોટને ખતમ કરી દો તો આપણું બંધારણ પણ તબાહ થઈ જશે, મારા મતે દેશમાં મતોને વ્યવસ્થિત રીતે નષ્ટ કરવામાં આવ્યા છે.' ચૂંટણીમાં થતી કથિત ગરબડોની શ્રેણી સમજાવતા રાહુલ ગાંધીએ જણાવ્યું કે, 'દેશમાં પ્રથમ વોટની ચોરી થાય છે, વોટ ચોરીમાંથી કાયદાની ચોરી થાય છે અને કાયદાની ચોરી થવાથી આખી સંસ્થાઓની ચોરી થાય છે, આ ચેઈન હવે સમગ્ર દેશમાં વ્યવસ્થિત રીતે ચાલી રહી છે.'

## વિપક્ષી નેતાઓને રાજકીય સમજ નથી, સત્તા માટે હવાતિયા મારે છે : ભાજપ

રાહુલના નિવેદન બાદ ભાજપે આકરો પલટવાર કરતાં જણાવ્યું હતું કે, વિપક્ષી નેતાની રાજકીય સમજ શૂન્ય છે અને કોંગ્રેસ હવે સત્તા મેળવવા માટે તરફડિયાં મારી રહી છે. સુધાંશુ ત્રિવેદીએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું કે, 'બિહારમાં વર્ષ 1990 પછી ક્યારેય કોંગ્રેસ રહી નથી અને ત્યાં લાલુ યાદવની સરકાર 3 વખત રહી, ઓડિશામાં વર્ષ 1999 પછી કોંગ્રેસ સરકાર બની નથી અને 25 વર્ષ કરતાં પણ વધુ સમય સુધી બીજુ જનતા દળનું શાસન રહ્યું, પશ્ચિમ બંગાળમાં સતત 3 વાર મમતા બેનર્જીની સરકાર બની તેમજ વર્ષ 1989 પછી ઉત્તર પ્રદેશમાં પણ કોંગ્રેસ આવી નથી જે ગાંધી પરિવારનું ગૃહ રાજ્ય હતું, પરંતુ કદાચ વિપક્ષી નેતાને આ વાતની જાણ નથી.'

# પ. બંગાળની ખાડીમાં 'અર્નબ' વાવાઝોડું ઓડિશા તરફ, 5000 લોકોનું સ્થળાંતર, સ્કૂલો બંધ રખાઈ

### કલિંગપટ્ટનમ પાસે તટ પાર કરશે, મલકાનગિરીમાં પુલો વહ્યા, અનેક રાજ્યોમાં એલર્ટ જાહેર અપાયું

**પટના**

બંગાળની ખાડીમાં સર્જાયેલું ચક્રવાત 'અર્નબ' 12 કિમી પ્રતિ કલાકની ઝડપે પશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે અને ઓડિશાના કલિંગપટ્ટનમ તટ સાથે અથડાવાની શક્યતા છે. વિશાખાપટ્ટનમ અને ગોપાલપુર વચ્ચે કલિંગપટ્ટનમ નજીક ગંભીર ડિપ્રેશન તરીકે તટ પાર કરશે. ઓડિશામાં તેની અસરથી ભારે તબાહી શરૂ થઈ છે. મલકાનગિરીમાં મુશળધાર વરસાદને કારણે અનેક પુલો વહી ગયા છે અને નીચાણવાળા વિસ્તારોમાં 3 થી 4 ફૂટ પાણી



ભરાયા છે. સુરક્ષાના ભાગરૂપે 5,000 થી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડાયા છે. રાજ્યના 7 જિલ્લામાં શાળાઓ બંધ રાખવામાં આવી છે આંધ્રપ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં પણ કંટ્રોલ રૂમ શરૂ કરી હાઈ એલર્ટ જાહેર કરાયું છે. બીજી તરફ ઉત્તર અને મધ્ય ભારતમાં પણ વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે. ઉત્તર પ્રદેશના લખનઉ, ગોંડા અને પ્રયાગરાજ સહિતના જિલ્લાઓમાં મુશળધાર વરસાદને કારણે ધોરણ 1 થી 8 ની શાળાઓમાં રજા જાહેર કરાઈ છે. ઉત્તરાખંડના 10 જિલ્લાઓમાં ભારે વરસાદની સંભાવના છે જ્યારે હિમાચલ પ્રદેશમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થતા યલો એલર્ટ અપાયું છે. બિહારના તમામ 38 જિલ્લાઓમાં આંધી-તોફાન અને વરસાદની ચેતવણી સાથે ઓરેન્જ અને યલો એલર્ટ જારી કરાયું છે.

## કરણી સેનાએ ભાજપની સરકારનું ટેન્શન વધાર્યું, યુપીમાં 50 બેઠક પર ઉતારશે ઉમેદવાર

**લખનઉ**

ઉત્તર પ્રદેશમાં 2027ની વિધાનસભા ચૂંટણી પહેલાં રાજકીય ગરમાવો વધી ગયો છે. કરણી સેનાએ રાજ્યની 50 વિધાનસભા બેઠકો પર પોતાના ઉમેદવારો ઉતારવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. કરણી સેનાના આ નિર્ણયથી યુપીના રાજકીય સમીકરણોમાં મોટો ઊલટફેર થવાની શક્યતા સેવાઈ રહી છે. કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ સૂરજપાલ સિંહ અમ્મએ જણાવ્યું કે, 'કરણી સેના પૂરા દમ સાથે યુપીના ચૂંટણી મેદાનમાં ઉતરશે. હાલની રાજનીતિ માત્ર ઓબીસી કેન્દ્રિત થઈ ગઈ છે, બધાને માત્ર ઓબીસીની ચિંતા છે અને સવર્ણોના મુદ્દા પર કોઈ બોલવા તૈયાર નથી. હું પોતે ચૂંટણી નહીં લડું, પરંતુ કરણી સેના 2027ની ચૂંટણીમાં ઉમેદવારો ઊભા રાખશે.'

## દિશા કેસમાં આદિત્ય ઠાકરેએ 500 કરોડની નોટિસનો જવાબ આપ્યો

### વકીલે આરોપો તથ્યહીન ગણાવ્યા, નિષ્પક્ષ તપાસની માંગ કરી

**મુંબઈ**

દિશા સાલિયાન મૃત્યુ કેસમાં સતીશ સાલિયાન તરફથી મોકલાયેલી 500 કરોડની માનહાનિની નોટિસનો શિવસેના (UBT) નેતા આદિત્ય ઠાકરેએ 26 પાનામાં જવાબ આપ્યો છે. તેમના વકીલ અંશુમન સિન્હાએ નોટિસના આરોપોને તથ્યહીન અને કાનૂની રીતે ટકી ન શકે તેવા ગણાવ્યા છે. દિવંગત અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના પૂર્વ મેનેજર દિશા સાલિયાનના મૃત્યુને લઈને આદિત્ય ઠાકરે પર આરોપો લાગ્યા હતા. તેમણે 16 સપ્ટેમ્બરે X પર તેને ચરિત્રહનનનો પ્રયાસ ગણાવી દિશા સાથે કોઈ સંબંધ ન હોવાનું કહ્યું હતું. ત્યારબાદ 17 સપ્ટેમ્બરે સતીશ સાલિયાને વાંધાજનક પોસ્ટ બદલ માફી અને વળતર માંગતી નોટિસ મોકલી હતી, જે બાંદ્રા સ્થિત માતોશ્રીમાં સોંપાઈ હતી. પૂર્વ ગૃહમંત્રી અનિલ દેશમુખને પણ નોટિસ મોકલાઈ હતી. જવાબમાં સ્પષ્ટ કરાયું કે ન સ્વીકારેલી બાબતો સ્વીકૃત ન ગણવી અને નિષ્પક્ષ તપાસની માંગ દોહરાવાઈ છે. આ મામલે રાજકીય ઘમાસાણ વચ્ચે કાયદાકીય લડાઈ વધુ તીવ્ર બની છે.

# 17 વર્ષ જૂના માનહાનિ કેસમાં કોર્ટનો ચૂકાદો ઉદ્ધવ ઠાકરે અને એકનાથ શિંદે નિર્દોષ મુક્ત

### લોકાયુક્તનું ઓપરેશન: 1 કરોડ રૂપિયા અને એક એકર જમીનની માંગણી કરી હતી

**મુંબઈ**

એનસીપીના દિવંગત નેતા વસંત ડાવખરે દ્વારા 2009માં દાખલ કરવામાં આવેલા માનહાનિના કેસમાં કલ્યાણની કોર્ટે 17 વર્ષ બાદ શિવસેના (યુબીટી) ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે, મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને આ કેસમાંથી નિર્દોષ મુક્ત કર્યા છે.

કલ્યાણની કોર્ટે પૂરતા પુરાવાના અભાવે ઉદ્ધવ ઠાકરે, એકનાથ શિંદે ઉપરાંત ભૂતપૂર્વ સાંસદ આનંદ પરાંજપે અને દિવંગત ભૂતપૂર્વ નગરસેવક રાજેન્દ્ર



દેવળેકરને નિર્દોષ જાહેર કર્યા છે. આ કેસ 2009ની લોકસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન કથિત સીડી (વીડિયો) જાહેરમાં બતાવવાના મામલાને લઈને હતો. 2009માં કલ્યાણ લોકસભા બેઠક પરથી અવિભાજિત એનસીપી તરફથી વસંત ડાવખરે અને તે સમયની અવિભાજિત શિવસેના તરફથી આનંદ પરાંજપે ચૂંટણી મેદાનમાં હતા. ચૂંટણી પ્રચાર દરમિયાન એક સભામાં ડાવખરે સાથે સંબંધિત કથિત વીડિયો સીડી જાહેરમાં બતાવવામાં આવી હોવાનો આરોપ હતો. ત્યાર બાદ ડાવખરેએ આ વીડિયોને પોતાની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડનારો ગણાવી માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. તે સમયે ઉદ્ધવ ઠાકરે અવિભાજિત શિવસેનાના કાર્યકારી અધ્યક્ષ હતા.

# હુરુન ઇન્ડિયા રિચ લિસ્ટ જાહેર, અબજોપતિની સંપત્તિમાં રોજ સરેરાશ 5833 કરોડનો વધારો

### અદાણી ગ્રૂપના ગૌતમ અદાણી પરિવાર ફરી દેશના સૌથી અમીર બહાર આવ્યા

**નવી દિલ્હી**

હુરુન ઇન્ડિયા રિચ લિસ્ટ 2026 જાહેર થયું છે, જેમાં અદાણી ગ્રૂપના ગૌતમ અદાણી પરિવાર ફરી દેશના સૌથી અમીર બન્યા છે. 13% વધારા સાથે તેમની સંપત્તિ 9.23 લાખ કરોડ (96 અબજ ડોલર) પહોંચી છે, જ્યારે મુકેશ અંબાણી પરિવારની સંપત્તિ 10% ઘટી 8.63 લાખ કરોડ (90 અબજ ડોલર) થઈ છે. બંને વચ્ચે 59,400 કરોડનો તફાવત છે. યાદીમાં 1,000 કરોડથી વધુ સંપત્તિ ધરાવતા 1,810 લોકો છે, તેમની સંયુક્ત સંપત્તિ 12.8% વધી 187.5 લાખ કરોડ (1.96 ટ્રિલિયન ડોલર) થઈ, જે જીડીપીના લગભગ અડધી છે. ડોલર અબજોપતિ 5 વર્ષમાં 237થી વધી 391 થયા, છેલ્લા વર્ષમાં 27 નવા ઉમેરાયા છે.

**10 ધનિક વ્યક્તિઓની યાદી**

| |
|---|
| ગૌતમ અદાણી અને પરિવાર: 922800 કરોડ |
| મુકેશ અંબાણી અને પરિવાર: 863400 કરોડ |
| એલ. એન. મિત્તલ અને પરિવાર: 339300 કરોડ |
| સાયરસ એસ. પૂનાવાલા-પરિવાર: 303 400 કરોડ |
| રોશની નાદર મલ્હોત્રા અને પરિવાર: 278500 કરોડ |
| કુમાર મંગલમ બિરલા અને પરિવાર: 268700 કરોડ |
| દિલીપ સંઘવી: 264600 કરોડ |
| અઝીમ પ્રેમજી અને પરિવાર: 262800 કરોડ |
| અનિલ અગ્રવાલ અને પરિવાર: 208300 કરોડ |
| સમીર મહેતા અને પરિવાર: 189400 કરોડ |

## આઝમગઢમાં પત્ની, બે પૂજારી, દીકરાની હત્યા કરનારાનું પોલીસે એન્કાઉન્ટર કર્યું

### પૂજારીઓ પાસે ઓળખકાર્ડ માંગવા મુદ્દે બોલાચાલી થઈ

**લખનઉ**

આઝમગઢના અહરોલા થાણા હેઠળના શંભૂપુર ગામમાં અરવિંદ સિંહે પોતાની પત્ની બબીતા, બે પૂજારી મહેન્દ્ર પાઠક અને અખિલેશ મિશ્રા તથા પોતાના બાળકની ગોળી મારી હત્યા કરી હતી. હત્યાકાંડ બાદ બાળકોને બંધક બનાવી બેઠેલા આરોપી સામે પોલીસની જવાબી કાર્યવાહીમાં તે ગંભીર ઘવાયો અને બાદમાં મૃત્યુ પામ્યો હતો. કુલ પાંચ મોત થયા છે. અરવિંદના ઘરે છેલ્લા કેટલાક દિવસથી વિશેષ પૂજા ચાલતી હતી. મંગળવારે સાંજે પૂજા દરમિયાન તે બજારથી પહોંચ્યો, પૂજારીઓને જોઈ ઉશ્કેરાયો અને ઓળખકાર્ડ માંગવા લાગ્યો હતો. પત્ની બબીતા સાથે ચડસાચડસી થઈ, ઉશ્કેરાટમાં લાઇસન્સી પિસ્તોલથી ફાયરિંગ કરતાં ત્રણ મોત થયા હતા. ત્યારબાદ આરોપીએ બાળકોને રૂમમાં બંધ કરી દરવાજો બંધ કર્યો અને જાનથી મારવાની ધમકી આપી હતી. પોલીસ, SOG અને ફોરેન્સિક ટીમ પહોંચી, આત્મસમર્પણની અપીલ કરી પરંતુ તે ધમકીઓ આપતો રહ્યો. ઘટનાથી ગામમાં ભય ફેલાયો છે.

## એશિયન ગેમ્સ 2026 । ભારતને મળેલા કુલ મેડલની સંખ્યા 17 થઇ : શૂટિંગ, વુશુ, નૌકાયન અને એથ્લેટિક્સમાં બાજી મારી

# એશિયાડના પાંચમા દિવસે ભારતનો પાંચ મેડલનો પંજો

**નાગોયા**

એશિયન ગેમ્સના પાંચમા દિવસે ભારતીય ખેલાડીઓએ પોતાનું શાનદાર પ્રદર્શન ચાલુ રાખતા દેશ માટે વધુ પાંચ પદક પોતાના નામે કર્યા છે. આ ઐતિહાસિક અને દમદાર દેખાવ સાથે જ મેડલ ટેલીમાં ભારતનો કુલ આંકડો ૧૭ પદક સુધી પહોંચી ગયો છે. ગુરુવારનો દિવસ ભારત માટે અત્યંત ખાસ રહ્યો હતો, જેમાં શૂટિંગ, વુશુ, નૌકાયન અને એથ્લેટિક્સ જેવી વિવિધ રમતોમાં ભારતીય એથ્લેટ્સનો દબદબો જોવા મળ્યો હતો. ટ્રેક એન્ડ ફિલ્ડમાં ૧૬ વર્ષ બાદ મેડલ જીતવાની સિદ્ધિ હોય કે નૌકાયનમાં ઐતિહાસિક કાંસ્ય પદક, ખેલાડીઓના આ અદભૂત પ્રદર્શને સ્પર્ધામાં દેશનું ગૌરવ વધાર્યુ છે. જોકે ક્રિકેટના ગોલ્ડ મેડલને બાદ કરતા હજુ પણ ભારતના ખેલાડીઓ ગોલ્ડ જીતવામાં નિષ્ફળ રહ્યાં છે. એશિયન ગેમ્સના છઠ્ઠા દિવસે આજે ભારત પાસે શૂટિંગ, કેનો સ્પ્રિન્ટ, વેઈટલિફ્ટિંગ અને એથ્લેટિક્સ રમતમાં સાત પદક મુકાબલા હશે, જેમાં ઐશ્વર્ય પ્રતાપ સિંહ તોમર, રુદ્રાંક્ષ પાટીલ અને ગુલવીર સિંહ જેવા સ્ટાર ખેલાડીઓ પર સૌની નજર રહેશે. આ ઉપરાંત ભારતીય મહિલા હોકી ટીમ જાપાનની ટીમ સામે ટકરાશે, જ્યારે સ્કવોશ અને ટેબલ ટેનિસમાં પણ ઘણા અગત્યના મુકાબલા રમાશે.

### મિક્સ 4x400 મીટર રિલેમાં ભારતને રજત




ભારતે એશિયન ગેમ્સની મિશ્રિત ૪x૪૦૦ મીટર સ્પર્ધામાં રજત પદક જીતી લીધો છે. પૂવમ્મા માચેતિરા, વિશાલ થેનારેસુ, વિથ્યા રામરાજ અને મનુ થેક્કીનાલિલની ચોકડીએ શાનદાર પ્રદર્શન કરતા ૩:૧૪.૪૬ મિનિટનો સમય લીધો અને બીજું સ્થાન મેળવ્યું હતું. ભારતીય ટીમ એક સમયે પાછળ રહી ગઈ હતી, પરંતુ બાદમાં વાપસી કરીને પહેલા ત્રીજા સ્થાને પહોંચી અને આખરે અંતિમ લેપમાં બીજા સ્થાને ફીનિશ કરવામાં સફળ રહી.

### સીમા કુમારીએ 16 વર્ષ બાદ એશિયાડમાં મહિલાઓની 10 હજાર મીટર દોડમાં ભારતને પદક અપાવ્યો




ભારતની સીમા કુમારીએ એશિયન ગેમ્સની મહિલાઓની ૧૦,૦૦૦ મીટર દોડ સ્પર્ધામાં કાંસ્ય પદક જીતીને ભારતનું એથ્લેટિક્સમાં પદકનું ખાતું ખોલાવ્યું છે. આ ઐતિહાસિક જીત સાથે ૧૬ વર્ષ બાદ ભારતને એશિયાડમાં મહિલાઓની ૧૦,૦૦૦ મીટર સ્પર્ધામાં મેડલ મળ્યો છે. સીમાએ ૩૨:૫૦.૦૫ મિનિટના સમય સાથે રેસ પૂરી કરી ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. શરૂઆતથી જ પદકની રેસમાં રહેલી સીમા એક સમયે ચોથા સ્થાને સરકી ગઈ હતી, પરંતુ અંતિમ ક્ષણોમાં શાનદાર વાપસી કરીને તેણે દેશ માટે કાંસ્ય પદક નિશ્ચિત કર્યો હતો.



### ભારતીય મહિલા ક્રિકેટ ટીમ સતત બીજો ગોલ્ડ જીતી

નિશિન । એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતનું ગોલ્ડ મેડલનું ખાતું ખુલી ગયું છે. મહિલા ક્રિકેટ ટીમે ભારતને પહેલો ગોલ્ડ અપાવ્યો છે. શ્રીલંકા સામેની ફાઈનલમાં ટીમ ઈન્ડિયાએ ૧૪૭ રનના જંગી માર્જનથી જીત મેળવી હતી ભારતે પહેલા બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૩ વિકેટના ભોગે ૨૧૬ રન કર્યા હતા. ૨૧૭ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકન ટીમ ભારતીય બોલિંગ સામે ટકી શકી નહોતી અને સમગ્ર ટીમ ૧૫.૪ ઓવરમાં ૬૯ રનમાં જ સમેટાઈ ગઈ હતી. ભારતે મેચ જીતીને ગોલ્ડ મેડલ પર કબ્જો કર્યો હતો.

### સતનામ સિંહ- સલમાન ખાનની જોડીએ રોઈંગમાં ભારતને પ્રથમ મેડલ અપાવ્યો



એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતીય રોઅસ સતનામ સિંહ અને સલમાન ખાને શાનદાર પ્રદર્શન કરતા મેન્સ ડબલ સ્કલ્સ સ્પર્ધામાં કાંસ્ય પદક જીતીને ઈતિહાસ રચ્યો છે. એશિયન ગેમ્સના ઈતિહાસમાં આ ઈવેન્ટમાં ભારતનો આ સૌપ્રથમ પદક છે. ગુરુવારે નાગારાગાવા ઈન્ટરનેશનલ રેગાટા કોર્સ ખાતે રમાયેલી ફઈનલમાં ભારતીય જોડીએ ૬:૧૩.૨૫ મિનિટના સમય સાથે ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. સતનામ અને સલમાનની જોડી ૧૫૦૦ મીટર સુધી રેસમાં બીજા સ્થાને હતી.

# IPL મિની ઓક્શન ડિસેમ્બરમાં ગોવા ખાતે યોજવામાં આવશે : દેવજીત સૈકિયા

### સૈકિયાએ એશિયાડમાં ગોલ્ડ મેડલ જીતનાર મહિલા ટીમને શુભેચ્છા પાઠવી

**નવી દિલ્હી**



ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની આગામી હરાજી અને અન્ય મહત્ત્વપૂર્ણ ક્રિકેટ કાર્યક્રમોને લઈને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ)ના સેક્રેટરી દેવજીત સૈકિયાએ બુધવારે સત્તાવાર માહિતી આપતા જણાવ્યું હતું કે આ વર્ષે આઈપીએલનું ઓક્શન ડિસેમ્બર મહિનામાં ભારતમાં ગોવા ખાતે યોજાશે.' છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન આઈપીએલની હરાજી સાઉદી અરેબિયા, દુબઈ અને અબુધાબી જેવા વિદેશી સ્થળો પર યોજાયા બાદ હવે બીસીસીઆઈએ આ ઈવેન્ટને ફ્રી ભારતમાં લાવવાનો નિર્ણય કર્યો છે. સેક્રેટરી સૈકિયાએ સ્પષ્ટ કર્યુ હતું કે બોર્ડ આ વર્ષે ડિસેમ્બરમાં ગોવાના દરિયાકિનારે આઈપીએલ ખેલાડીઓની હરાજીનું સફળતાપૂર્વક આયોજન કરવા માટે સંપૂર્ણ રૂપરેખા તૈયાર કરી રહ્યું છે. એશિયન ક્રિકેટ કાઉન્સિલના અધ્યક્ષ અને પાકિસ્તાની મંત્રી મોહસિન નકવીના હસ્તે ટ્રોફી સ્વીકારવા સામે ભારતીય ક્રિકેટ બોર્ડનો સખત વિરોધ યથાવત છે. તાજેતરમાં દુબઈમાં શ્રીલંકાને હરાવી રેકોર્ડ આઠમી વખત ચેમ્પિયન બનવા છતાં ભારતીય મહિલા ટીમે નકવી પાસેથી ટ્રોફી લેવાનો ઈનકાર કરી મંચ પર જવાનું ટાળ્યું હતું. અગાઉ મેન્સ એશિયા કપ વિજય બાદ પણ ભારતીય ટીમે આ જ કારણોસર ટ્રોફી સ્વીકારી નહોતી.

## ફર્નાન્ડિન્હોની શાનદાર હેટ્રિકથી બ્રાઝિલ લિજેન્ડ્સે ભારતને ૪-૩થી હરાવી દીધું

### રિટર્ન ઓફ ધ ટાઇટન્સ સિરીઝ: ભારત તરફથી સીકે વિનીતે બે ગોલ ફટકાર્યા

**કોચી**

ભારતીય ફૂટબોલ ચાહકો માટે બુધવારની સાંજ યાદગાર બની રહી હતી. 'રિટર્ન ઓફ ધ ટાઈટન્સ' સિરીઝના રોમાંચક મુકાબલામાં બ્રાઝિલ લિજેન્ડ્સે ઈન્ડિયા ઓલ સ્ટાર્સને ૪-૩થી પરાજય આપ્યો હતો, જેમાં ફર્નાન્ડિન્હોએ શાનદાર હેટ્રિક ફટકારીને બ્રાઝિલની જીતમાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. આઈ.એમ. વિજયનની આગેવાની હેઠળની ઈન્ડિયા ઓલ સ્ટાર્સ અને રોનાલ્ડીન્હોની બ્રાઝિલ લિજેન્ડ્સ વચ્ચે મેદાન પર એક સાથે દિગ્ગજોની ટક્કર જોવા મળી હતી. બ્રાઝિલ તરફથી ફર્નાન્ડિન્હોની હેટ્રિક ઉપરાંત સ્ટાર ખેલાડી રોનાલ્ડીન્હોએ પેનલ્ટી પર એક ગોલ કર્યો હતો. બીજી તરફ, ભારત માટે સીકે વિનીતે શાનદાર રમત દેખાડતા બે ગોલ કર્યા હતા, જ્યારે આશિમ બિસ્વાસે મેચના અંતિમ ભાગમાં એક ગોલ નોંધાવીને સ્કોરલાઈનમાં પોતાનું નામ નોંધાવ્યું હતું. નોંધનીય છે કે ગયા વર્ષે ચેન્નાઈમાં રમાયેલી સિરીઝની પ્રથમ મેચમાં પણ બ્રાઝિલે ભારતને ૨-૧થી હરાવ્યું હતું.

## જો રૂટે ૨૩ હજાર રન પુરા કરી સચિનનો રેકોર્ડ તોડી નાંખ્યો

**। ડરહામ ।**

ઈંગ્લેન્ડના સ્ટાર બેટ્સમેન જો રૂટે શ્રીલંકા સામે ડરહામ ખાતે રમાયેલી પ્રથમ વનડે મેચમાં



આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાના ૨૩,૦૦૦ રન પૂરા કર્યા છે. આ સાથે જ તેણે ભારતના મહાન બેટ્સમેન સચિન તેંડુલકરનો રેકવર્ષો જૂનો ખાસ રેકોર્ડ તોડી ૨૩ હજાર આંતરરાષ્ટ્રીય રન પૂરા કરનાર વિશ્વનો બીજો સૌથી ઝડપી બેટ્સમેન બની ગયો છે. રૂટે પોતાની ૫૨૧મી આંતરરાષ્ટ્રીય ઈનિંગ્સમાં તેણે શાનદાર બાઉન્ડ્રી ફટકારીને આ સિદ્ધિ મેળવી હતી.

## ભારત U-૧૯ ટીમે ત્રીજી ODI જીતી કાંગારૂઓનું 3-૦થી ક્લિન સ્વિપ કર્યુ

### ઓસ્ટ્રેલિયા: 254, ભારત: 255/4, લક્ષ્ય રાયચંદાનીની શાનદાર સદી

**રાજકોટ**

નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે રમાયેલી ત્રીજી અને અંતિમ યુથ વનડે મેચમાં લક્ષ્ય રાયચંદાનીની અણનમ સદીની મદદથી ભારતીય અંડર-૧૯ ટીમે ઓસ્ટ્રેલિયાને ૬ વિકેટે પરાજય આપ્યો છે. આ જીત સાથે ભારતે ત્રણ મેચની સિરીઝમાં ૩-૦થી ક્લીન સ્વીપ કર્યુ છે. ઓસ્ટ્રેલિયાએ આપેલા ૨૫૫ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે ૮ ઓવર બાકી રહેતા આસાન જીત મેળવી લીધી હતી. લક્ષ્યએ ૧૦૬ બોલમાં ૯ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી અણનમ ૧૧૦ રન બનાવ્યા હતા. લક્ષ્યએ આર્યવીર સેહવાગ સાથે ૫૮ અને કુશાગ્ર ઓઝા સાથે ૮૫ રનની મહત્ત્વપૂર્ણ




ભાગીદારી નોંધાવી હતી. અંતમાં રજત બઘેલે ૩૪ બોલમાં ૪૪ રન ફટકાર્યા હતા. અગાઉ પ્રથમ બેટિંગ કરતા ઓસ્ટ્રેલિયા તરફથી ઝેડ હોલિકે ૮૭ અને નીલ પટેલે ૫૧ રન બનાવ્યા હતા. ડેબ્યૂ કરનાર આર્યન સાવસાનીએ હોલિકની વિકેટ ઝડપી હતી.

## ભારત સામેની ટી-૨૦ સિરીઝ માટે ન્યુઝી.ની ટીમ જાહેર કરાઈ

**વેલિંગ્ટન**

ભારત સામે આગામી ૨૨ ઓક્ટોબરથી શરૂ થઈ રહેલી પાંચ મેચની ટી૨૦ સિરીઝ માટે ન્યૂઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે ૧૬ સભ્યોની ટીમની જાહેરાત કરી છે. ટીમની કમાન મિચેલ સેન્ટનરને સોંપવામાં આવી છે. આ સિરીઝથી ફસ્ટ બોલર એડમ મિલ્ન અને માઈકલ બ્રેસવેલ લાંબા સમય બાદ ટીમમાં પરત ફર્યા છે. બીજી તરફ, યુવા ઓલરાઉન્ડર રચિન રવીન્દ્ર ખભાની ઈજાના કારણે આ સિરીઝમાંથી બહાર થઈ ગયો છે. તાજેતરમાં ટી૨૦ વર્લ્ડકપની ફઈનલ રમનારી ટીમમાંથી ૧૩ ખેલાડીઓને યથાવત રાખવામાં આવ્યા છે. ફિન એલન અને ટિમ સીફર્ટની ઓપનિંગ જોડી ફ્રી એકવાર ઈનિંગ્સની શરૂઆત કરતી જોવા મળશે. જેમાં પાંચ ટી૨૦ ઉપરાંત પાંચ વનડે અને બે ટેસ્ટ મેચ પણ રમાશે.

# ડરબનમાં પાર્ટીમાં ગોળીબાર, ગર્ભવતી સહિત 11ના મોત

## ડરબનથી 30 કિમી દૂર ક્વામાખુથા વિસ્તારમાં રાત્રે ત્રણ હુમલાખોરોએ ઘરમાં ઘૂસી અંધાધૂંધ ફાયરિંગ કર્યું, ત્રણ ઘાયલ, આરોપી ફરાર

**ડરબન**

દક્ષિણ આફ્રિકાના ડરબન શહેરથી આશરે 30 કિલોમીટર દક્ષિણમાં આવેલા ક્વામાખુથા ટાઉનશીપ વિસ્તારમાં મંગળવારની રાત્રે અતિ ભયાનક હત્યાકાંડ સર્જાયો હતો. અહીં એક ઘરમાં મોડી રાત્રે પાર્ટી ચાલી રહી હતી, ત્યારે ત્રણ અજાણ્યા હુમલાખોરોએ અચાનક અંદર ઘૂસી લોકો પર આડેધડ ગોળીબાર શરૂ કરી દીધો હતો. આ ક્રૂર સામૂહિક હુમલામાં કુલ 11 નિર્દોષ લોકોનાં મોત નીપજ્યા હતા. મૃતકોમાં એક ગર્ભવતી મહિલા પણ સામેલ હોવાની પ્રાથમિક શંકા સેવાઈ રહી હતી. ગોળીબારમાં અન્ય ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.




સ્થાનિક પોલીસે જણાવ્યું હતું કે લોકો પાર્ટી મનાવવા એક ઘરમાં એકત્ર થયા હતા, ત્યારે શસ્ત્રો સાથે પ્રવેશેલા ત્રણ હુમલાખોરોએ અંધાધૂંધ ફાયરિંગ ચાલુ કર્યું હતું. હુમલામાં ગર્ભવતી મહિલા સહિત 10 લોકોનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત થયા હતા. જ્યારે અન્ય એક વ્યક્તિને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાને અંજામ આપી ત્રણેય હુમલાખોરો તાત્કાલિક ફરાર થઈ ગયા હતા. હાલ પોલીસ ફરાર આરોપીઓને સઘન રીતે શોધી રહી છે, પરંતુ હજુ સુધી કોઈની ધરપકડ થઈ શકી નથી. આ ગોળીબાર પાછળનો મુખ્ય હેતુ હજુ જાણી શકાયો નથી અને તપાસ ચાલુ છે.

નોંધનીય છે કે દક્ષિણ આફ્રિકામાં હિંસક ગુનાઓનો દર અત્યંત વધારે છે અને તાજેતરમાં સામૂહિક ગોળીબારની અનેક ઘટનાઓ બની છે. અગાઉ જૂન મહિનામાં જોહાનિસબર્ગના એક ગરીબ વિસ્તારમાં હુમલાખોરોએ 12 લોકોની ઘાતકી હત્યા કરી હતી. તે પહેલા ડિસેમ્બરમાં માત્ર બે સપ્તાહના ટૂંકા અંતરમાં સામૂહિક ગોળીબારની બે અલગ ઘટનાઓમાં 21 લોકોનાં મોત થયા હતા. પોલીસના સત્તાવાર આંકડાઓ અનુસાર એપ્રિલથી જૂન મહિનાની વચ્ચેના ગાળામાં જ 5427 હત્યાઓ નોંધાઈ છે. એટલે કે દેશમાં દરરોજ સરેરાશ 60 કરતાં વધુ હત્યાઓ થાય છે. કેટલાક વિસ્તારોમાં આવા હિંસક ક્રાઈમને રોકવા માટે હવે સૈન્યનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે અને સુરક્ષા વધારાઈ છે.

# ઓમાનના દરિયાકાંઠે જહાજ પર હુમલો, ભારતીય નાવિકનું મોત

**ઓમાન**

મિડલ ઈસ્ટમાં હજુ પણ તણાવ યથાવત છે. આ દરમિયાન ઓમાનના દરિયાકાંઠે હોર્મુઝ સ્ટ્રેટ નજીક એક જહાજ પર થયેલા ટોર્પિડો હુમલામાં ભારતીય નાવિક સૂરજ યાદવનું મૃત્યુ થયું હતું. આ જહાજમાં કુલ 20 ભારતીયો સહિત કુલ 28 ક્રૂ મેમ્બર્સ સવાર હતા. આ હુમલામાં જહાજનો એક ભાગ અને એન્જિન રૂમને ભારે નુકસાન પહોંચ્યું છે.

આ અંગે મળતી મુજબ, હોર્મુઝથી ભારત જઈ રહેલા એન્ટિગુઆ અને બાર્બુડાનો ધ્વજ ધરાવતા માલવાહક જહાજ 'એમવી કેપ ડાઓ' પર બુધવારે ઓમાન નજીક હુમલો થયો હતો. આ હુમલામાં ઉત્તર પ્રદેશના દેવરિયાના રહેવાસી અને જહાજ પર 'વાઈપર' તરીકે ફરજ બજાવતા ભારતીય નાવિક સૂરજ યાદવના મૃત્યુની પુષ્ટિ કરવામાં આવી છે.

અહેવાલો અનુસાર, જહાજ પર બે ટોર્પિડો દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. એક ટોર્પિડો જહાજની ડાબી બાજુ વાગ્યો હતો.જ્યારે બીજો એન્જિન રૂમની નજીક ડાબી બાજુએ અથડાયો હતો. આ હુમલા બાદ જહાજમાં આગ લાગી હતી અને તેની વીજળી પુરવઠા તથા સ્ટીયરિંગની ક્ષમતાઓ ખોરવાઈ ગઈ હતી.

# શારજાહમાં ઉડુપીના યુવકની રહસ્યમય સંજોગોમાં હત્યા, કારમાંથી મૃતદેહના 9 ટુકડા મળી આવ્યા

## યુવક 14 વર્ષથી એરપોર્ટમાં નોકરી કરતો હતો, પત્ની-પુત્ર ગુમ, ભાઈની શંકાથી મિસ્ટ્રી ખૂલી

**શારજાહ**

યુએઈના શારજાહમાં ઉડુપીના એલ્વિન પ્રકાશ કુંડરની નિર્દય હત્યાથી ખળભળાટ મચ્યો છે. જુલાઈમાં ઓમાન તરફ જતા રસ્તે પાર્ક કરેલી કારમાંથી પ્રકાશનો મૃતદેહ 9 ટુકડામાં વહેંચાયેલો મળ્યો હતો. ભાઈના જણાવ્યા મુજબ શરીરને કાપી બે અલગ બેગમાં પેક કરવામાં આવ્યું હતું. ગુનાની વિગતો બે મહિના પછી ત્યારે બહાર આવી જ્યારે પરિવારે ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી.

પ્રકાશ છેલ્લા 14 વર્ષથી શારજાહ એરપોર્ટ પર નોકરી કરતા હતા અને પત્ની ટીના તથા પુત્ર સાથે યુએઈમાં રહેતા હતા. ટીના પણ ઉડુપીના વતની છે અને શાળામાં શિક્ષિકા હતી. પુત્ર ધોરણ 10માં ભણે છે. હત્યા બાદ પત્ની અને પુત્ર શંકાસ્પદ રીતે ગાયબ છે. તેઓ ભારત પરત ફર્યા હોવાની અટકળ છે, પરંતુ ઠેકાણું કે હત્યા સાથે સંબંધ અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. જુલાઈમાં ભાઈ અનિલ પ્રશાંતે સંપર્ક કરતા ફોન ન ઉપાડી માત્ર ટેક્સ્ટ મેસેજ આવ્યો કે તે મજામાં છે. સામાન્ય રીતે પ્રકાશ વોઈસ મેસેજથી વાત કરતા હોવાથી પરિવારને શંકા ગઈ હતી. શારજાહમાં રહેતા સહાધ્યાયી મનોહરનો સંપર્ક કરાયો. કંપનીના ફ્લેટ પર ચોકીદારે ભારત ગયાનું કહ્યું, પરંતુ પાસપોર્ટ તપાસમાં પ્રકાશ શારજાહમાં જ હોવાનું ખુલ્યું. ત્યારબાદ ગુમ થયાની ફરિયાદ નોંધાઈ અને શોધખોળમાં મૃતદેહ મળ્યો હતો. શારજાહ પોલીસે હજુ શંકાસ્પદો અને હત્યાના કારણ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# પોલો વાવાઝોડું કેટેગરી-5 બન્યું, 290 કિલોમીટર ઝડપે મેક્સિકો તટે ખતરો, પૂર-ભૂસ્ખલનનો ભય

## 24 કલાકમાં 110 માઈલની તીવ્રતા, અનેક વિસ્તારોમાં 6થી 8 ઇંચ વરસાદની શક્યતા

**મેક્સિકો સિટી**

મેક્સિકોના દરિયાકાંઠાથી દૂર પ્રશાંત મહાસાગરમાં પોલો નામના વાવાઝોડાએ અચાનક અત્યંત ઝડપથી તાકાત મેળવી છે. મંગળવારે તેની સતત પવનની ઝડપ 180 માઈલ પ્રતિ કલાક એટલે કે આશરે 290 કિમી પ્રતિ કલાક સુધી પહોંચી હતી અને તે કેટેગરી-5ના અત્યંત શક્તિશાળી વાવાઝોડામાં ફેરવાયું હતું. આ ઝડપે પવન ફૂંકાય ત્યારે દરિયાઈ વિસ્તારોમાં અત્યંત જોખમી સ્થિતિ ઊભી થઈ શકે છે.

પોલોની સૌથી ચોંકાવનારી બાબત તેની ઝડપથી વધેલી તાકાત છે. એક દિવસ પહેલા તેની ઝડપ આશરે 50 માઈલ પ્રતિ કલાક હતી, પરંતુ માત્ર 24 કલાકમાં તેમાં લગભગ 110 માઈલ પ્રતિ કલાકનો વધારો થયો. આટલી ઝડપથી તાકાત



વધવાની ઘટનાને હવામાન વિજ્ઞાનમાં અત્યંત ઝડપી તીવ્રતા વધારો કહેવામાં આવે છે. આ ઘટનાએ હવામાન વૈજ્ઞાનિકોને પણ ચોંકાવ્યા છે. હાલની આગાહી પ્રમાણે વાવાઝોડાનું કેન્દ્ર મેક્સિકોની જમીન સાથે સીધું અથડાવાની શક્યતા ઓછી છે. જોકે વાવાઝોડું દરિયાકાંઠાની સમાંતર આગળ વધી રહ્યું છે.

# ડિસેમ્બરમાં G20 સમિટમાં મોદીની હાજરી ટ્રમ્પ સાથે ટેરિફ-તેલ મુદ્દે બેઠકની શક્યતા

**વોશિંગ્ટન**

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ડિસેમ્બરમાં અમેરિકાની મુલાકાત લઈ શકે છે. ફ્લોરિડામાં 14 અને 15 ડિસેમ્બરે યોજાનારા G20 સમિટમાં તેઓ ઉપસ્થિત રહેશે. આ વખતે વૈશ્વિક ઈવેન્ટની યજમાની અમેરિકા કરી રહ્યું છે અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અધ્યક્ષતા કરશે. સૂત્રો મુજબ મોદી ટ્રમ્પ સાથે વન ટુ વન બેઠક કરી ટેરિફ મુદ્દે ચર્ચા કરી શકે છે. હાલ કેન્દ્ર સરકાર તરફથી પ્રવાસ અંગે કોઈ ચોખવટ કરાઈ નથી.

બંને નેતાઓની મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે ભારત-અમેરિકા વચ્ચે વેપાર સહિત અનેક વિષયે સંવાદ ચાલુ છે. ભારત રશિયા પાસેથી મોટા પ્રમાણમાં તેલ ખરીદે છે જે અમેરિકાને પસંદ નથી. આ મતભેદને લઈ ટ્રમ્પે ભારતથી આવતા સામાન પર 100 ટકા ટેરિફ લગાવવાની ધમકી આપી છે. રશિયાથી તેલ ખરીદનારા દેશો પર પ્રતિબંધ અને ટેરિફની અસર વેપાર વાર્તા પર પણ પડી શકે છે. ડિસેમ્બરમાં મુલાકાત થશે તો વેપાર સાથે ઊર્જા મુદ્દો પણ પ્રમુખ બની રહેશે. અમેરિકી રાજદૂત સર્જિયો ગોરે તાજેતરમાં સંકેત આપ્યો હતો કે મોદી G20 માટે અમેરિકા આવી શકે છે.

**અદભુત સંશોધન** પ્રથમ વખત એક્સોપ્લેનેટ પરથી આવતા રેડિયો સિગ્નલ્સ શોધવામાં મોટી સફળતા

# દક્ષિણ આફ્રિકાના રેડિયો ટેલિસ્કોપ દ્વારા 63 પ્રકાશ વર્ષ દૂરના એક્સોપ્લેનેટના સિગ્નલ્સની પ્રથમવાર પરખ

**ન્યૂયોર્ક**

સેન્ટર ફોર એસ્ટ્રોફિઝિક્સ હાર્વર્ડ એન્ડ સ્મિથસોનિયન અને યુનિવર્સિટી ઓફ ઓરેગોનની ટીમે સૌરમંડળ બહારના એક્સોપ્લેનેટમાંથી સીધા આવતા રેડિયો સિગ્નલ્સ શોધવામાં ઐતિહાસિક સફળતા મેળવી છે. અગાઉ સ્ટાર સિસ્ટમમાંથી સિગ્નલ મળતા, પણ કોઈ એક ગ્રહ પરથી આ પ્રથમ નોંધ છે. આ કોઈ એલિયન્સના સંકેત નથી, પરંતુ પૃથ્વીની નોર્ધન-સધર્ન લાઈટ્સ જેવા ધ્રુવીય પ્રકાશ (ઔરોરાઓ)માંથી આવતા રેડિયોબર્સ્ટ છે. આનાથી એક્સોપ્લેનેટના મેગ્નેટિક વાતાવરણના અભ્યાસનો માર્ગ ખૂલ્યો છે. પેપર મુજબ, ૦.૮૫ થી ૩.૫ ગીગા હર્ટ્ઝ ફ્રિક્વન્સી બેન્ડમાં ઝડપી, વારંવાર અને ગોળાકાર ધ્રુવીય બર્સ્ટ્સ જોવા મળ્યા છે.

આ અદભુત અવલોકન દક્ષિણ આફ્રિકાના કાર્નાવોન શહેર પાસે ૬૪ ડિશ ધરાવતા 'મીરકેટ' ટેલિસ્કોપ સમૂહ દ્વારા કરાયું હતું. વર્ષ ૨૦૨૫ અને ૨૦૨૬માં ચાર જુદા સમયગાળા વચ્ચે આ ઐતિહાસિક શોધ થઈ. ટેલિસ્કોપનું મુખ્ય ફોકસ ૬૩ થી ૬૩૪ પ્રકાશ વર્ષ દૂરના બીટા પિક્ટોરિસ સ્ટાર અને તેની ગોળ ફરતા બીટા પિક્ટોરિસ બી, સી તથા ડી ગ્રહો પર હતું. પૃથ્વી અને ગુરુની જેમ 'ઈલેક્ટ્રોન સાઈક્લોટ્રોન માસ્ટર ઈન્સ્ટેબિલિટી' (ઈસીએમઆઈ)થી બીટા પિક્ટોરિસ બી ગ્રહ પર ઔરોરાઓ સર્જાયા છે. ઈસીએમઆઈથી ગ્રહના મેગ્નેટિક ફિલ્ડ અંગે સંકેત મળે છે, જે પૃથ્વી કરતા હજારો ગણું શક્તિશાળી છે.

# નેપાળમાં ફરી એલર્ટ : પ્રવાસીઓને જોખમી વિસ્તારોમાં ન જવા તાકીદ

**કાઠમંડુ**

સપ્ટેમ્બર ૨૫થી ૨૭ દરમિયાન ભારેથી અતિભારે વરસાદ થવાની આગાહીને પગલે નેપાળ ટુરિઝમ બોર્ડે ટુરિસ્ટોને દેશના કેટલાયે વિસ્તારોથી દૂર રહેવા જણાવી દીધું છે. તેણે આપેલી એડવાઈઝરીમાં જનસામાન્યને પણ નદી, ખીણો, તથા ઉંચાઈવાળા વિસ્તારોથી દૂર રહેવા સલાહ (એડવાઈઝરી) આપી દીધી છે. ઉલ્લેખનીય છે કે નેપાળમાં ૨૬મી ઓગસ્ટે અત્યંત ભારે વર્ષાને લીધે નદીઓમાં પ્રચંડ પૂરો આવ્યાં હતાં, તેમાં પર્વતો પરનો બરફ ઓગળતાં પૂરોએ વિકરાળ રૂપ લઈ લીધું હતું. જેથી હજ્જારો મૃત્યુ પામ્યાં હતા કે ગૂમ થઈ ગયા હતા. નેપાળનાં ડીઝાસ્ટર મેનેજમેન્ટે સત્તાવાર રીતે ૧૪૫૧ના મૃત્યુ થયા હોવાનું તથા ૫૭૮૬ લાપત્તા થયા હોવાનું સ્વીકાર્યું હતું.





# બ્રામ્પ્ટન ગુજરાતી સિનિયર્સ ક્લબ દ્વારા જન્માષ્ટમીની ધૂમ

## સભ્યો ભક્તિસભર કાર્યક્રમમાં તરબોળ રહ્યાં ; ડો. પ્રદ્યુમ્ન ભટ્ટે મહાભારતના પ્રસંગોનું રસપાન કરાવ્યું, સંગીતની ગૂંજ વચ્ચે ભજનોની રમઝટ જામી, સાંસ્કૃતિક પ્રસ્તુતિઓથી સભ્યો મંત્ર મુગ્ધ, વિવિધ ધાર્મિક પ્રસંગોની ચર્ચા કરાઈ

**બ્રામ્પ્ટન**

બ્રામ્પ્ટન ગુજરાતી સિનિયર્સ ક્લબ દ્વારા તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ જન્માષ્ટમીની ઉજવણી કરાઈ હતી. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના તથા “વૈષ્ણવજન તો” સમૂહ ભજનથી થયા બાદ હસમુખભાઈએ કાર્યક્રમની વિગતો તેમજ ક્લબના નાણાકીય વહીવટ અંગે માહિતી આપી હતી અને સભ્યો પાસે સલાહ સુચનો માંગ્યા હતા. તેમણે આગામી બેઠકમાં નવરાત્રી મહોત્સવની ઉજવણી અંગેની રૂપરેખા પણ રજૂ કરી હતી. અનીભાઈ પ્રજાપતિએ દ્વારકામાં શ્રી દ્વારકાધીશને મળવા માટે સુદામા આવે છે, તે પ્રસંગનું વર્ણન કરતું હૃદયસ્પર્શી ગીત રજૂ કર્યું હતુ. જેને સાંભળીને સૌ સભ્યો ભાવવિભોર થઈ ગયા હતા.

કુસુમબેન પટેલે શિક્ષક દિન નિમિત્તે શિક્ષણ ક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપનાર શિક્ષકો વિશે માહિતી આપી હતી. તેમણે માનવજીવનમાં શિક્ષણનું મહત્વ સમજાવતાં જણાવ્યું હતું કે, શિક્ષક એક જાગૃત ચમત્કાર સમાન છે. શિક્ષક તથા વિદ્યાર્થી વચ્ચે પ્રેમ અને આદરની ભાવના હોવી જોઈએ.

ઈશ્વરભાઈએ હાર્મોનિયમ તથા એસ. કે. પટેલે બેન્જો પર સંગત કરીને જન્માષ્ટમીને લગતાં ગીતો રજૂ કર્યા હતા. “કનૈયા તુ સબકા દુલારા, એકને તુજકો જન્મ દિયા, એકને તુજકો પાલા” તથા “કર દે કર દે નૈયા પાર, કનૈયા તારો છે આધાર” જેવા ગીતોથી સૌ ભક્તિરસમાં તરબોળ થઈ ગયા હતા. ત્યારબાદ ફાધર ટોબીન ફાર્મસીના પ્રતિનિધિ લોરેન્સ ડિસોઝા તથા જપનીત બજાજે શારીરિક તકલીફ ધરાવતા વૃદ્ધજનોને ઉપયોગી થાય તેવા સાધનો અંગે વિગતવાર માહિતી આપી હતી. તેમણે ઓન્ટેરિયો સરકાર તરફથી મળતી આર્થિક સહાય અંગે સમજણ આપી અને જરૂરિયાતમંદોને આ યોજનાનો લાભ લેવા વિનંતી કરી હતી. આ અવસરે ચાલુ મહિનામાં જન્મદિવસ ધરાવતા સભ્યોને ક્લબ તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. કાંતિભાઈએ પ્રાપ્ત થયેલા દાન અંગે માહિતી આપી હતી.













ત્યારપછી ડૉ. પ્રદ્યુમ્ન ભટ્ટે કુરુક્ષેત્રની ધરતી પર અઢાર દિવસ સુધી ચાલેલા મહાભારતના મહાયુદ્ધના અંતિમ તબક્કે બચી ગયેલા દુર્યોધનની વાત કરતાં જણાવ્યું કે, ગદા યુદ્ધમાં દુર્યોધનની જાંઘ પર ભીમની ગદાનો પ્રહાર થતાં ભૂમિ પર મરણતોલ સ્થિતિમાં પડેલા દુર્યોધને પ્રથમ માફી માગીને રાષ્ટ્રધર્મને સ્થાને પુત્રધર્મને મહત્વનો ગણનાર પિતા ધૃતરાષ્ટ્ર દ્વારા કરાયેલી વિવિધ ભૂલોને દર્શાવી હતી. મોહનભાઈ લાડે “હરિ તું ગાડું મારું ક્યાં લઈ જાય” ગીત સંભળાવ્યું હતું. મયુરીબહેન દેસાઈએ શ્રીકૃષ્ણ ભક્તિ તથા ગણપતિ સ્તુતિને લગતું નૃત્ય તાલબદ્ધ રીતે રજૂ કર્યું હતું. જેલીબહેન મિસ્ત્રીએ ગણેશ સ્તુતિ તથા “પ્રીત કોઈની કરશો નહિ” ગીત રજૂ કર્યું હતું.

જે બાદ જશભાઈ પટેલે રામાયણ તથા મહાભારતના ઈચ્છામૃત્યુ સાથે સંકળાયેલા બે પ્રસંગો રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ગીધરાજ જટાયુએ માતા સીતાને બચાવવા રાવણ સાથે યુદ્ધ કર્યું અને એક સ્ત્રીના અપમાનને રોકવાના પ્રયાસમાં શ્રીરામના ખોળામાં મૃત્યુને વર્યું હતું. બીજી તરફ, ભીષ્મપિતામહ દ્રૌપદીના અપમાન સમયે સબળ પ્રયત્ન ન કરી શક્યા અને અંતે બાણશૈયા પર પોતાનું મૃત્યુ સ્વીકાર્યું હતું.

અંતમાં હસમુખભાઈએ કાર્યક્રમમાં હાજર રહેલા, વક્તા તરીકે ભાગ લેનાર તેમજ ક્લબને દાન આપનાર તમામ સભ્યોનો ક્લબ તરફથી આભાર માન્યો હતો. ત્યારબાદ સૌએ સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો અને કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ હતી.





CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent,
QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 /
+1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200
Colonnade Road,
Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1,
Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 /
+1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge,
ON N1R 6R8
+1-647-394-6030 /
+1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com



# HONEST - DEDICATED - TEAMWORK

*Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.*

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21.
Innovative Pinnacle Real Estate Group
BROKERAGE

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience




A fantastic investment or family home featuring a rare legal two-bedroom basement apartment with its own ensuite laundry, an excellent opportunity for rental income. The main floor offers three spacious bedrooms, a beautifully renovated bathroom, and an updated kitchen complete with a new backsplash, breakfast bar, and stainless steel appliances. Freshly painted throughout, the main level features carpet-free flooring for a clean, modern look. Step outside to enjoy a large, deep backyard, perfect for entertaining, gardening, or family activities. A double-wide driveway provides ample parking for multiple vehicles. Ideally located close to schools, colleges, parks, public transit, Highway 401, shopping, and other everyday amenities:, this home offers both convenience and value.




Stunning Detached Home in Highly Desirable Northeast Ajax. Needs to be seen! Close to schools, shops, and rec. center. This warm, inviting, family-friendly home features an open-concept living and dining combination. A Cozy Family Room Equipped With A Fireplace. Generously Sized Bedrooms. Conv. Convenient second-level laundry. A large backyard with a deck, perfect for BBQs. This home is move-in ready! Smart Thermostat, Doorbell, Smoke Alarm, Water Softener. HWT (O), furnace (2019), deck & garden shed (2019), roof (2025), freshly painted, new window coverings, new kitchen & washrooms with quartz countertops.




Location, Location & Location, Welcome to 55 Sharplin Dr, the Kelvington Home in South Ajax. Very Secure property in desirable Community, This home offers you perfect combination of lifestyle and long term value, providing an excellent feature of peace of mind and durability of Sun full light all day and double door entry. Whole house gives you good vibes of carpet free for relaxing. Upstairs 3 good size bdrms with option of open library to 4th Bdrm. Prime Bdrm with sunlight and 2 w/I Closets and 5 pcs Ensuite, main floor has Direct Entry from Garage. Kitchen with over size pantry. Great Room with Gas fireplace. This property with great neighborhood new subdivision and Big park is coming for lots of fun and amusement park. Close to all amenities HWY 401, 412.

- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!



*You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.*

**Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !**

## Shamim & Amin Kharodia
**Broker of Record / Sales Representative**
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676



Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.